અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ જૂન ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ સુદ ૧૪ | અંક : ૩૨૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભાજપનો એજ્યુકેશન સિસ્ટમ પર કબજો : રાહુલ ગાંધી

# મોદી યુદ્ધ અટકાવી શકે પણ પેપર લીક નથી અટકાવી શકતા : કોંગ્રેસ

## વિદ્યાર્થીઓ માટે બહુ ઓછા રસ્તા છે : અગાઉ રોજગારીની તકો ખતમ થઈ ગઈ હતી : હવે પરીક્ષાઓમાં ગોટાળો થઈ રહ્યો છે : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

કોંગ્રેસના પૂર્વ સાંસદ રાહુલ ગાંધીએ NEET પેપર લીક પર પ્રહાર કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પેપર લીકને રોકવામાં સક્ષમ નથી. તેમણે કહ્યું કે તેઓ આ મુદ્દો સંસદમાં ઉઠાવશે. રાહુલ ગાંધીએ કહ્યું કે NEETના પેપર લીક થયા છે અને UGCના પેપર પણ રદ કરવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે નરેન્દ્ર મોદીએ રશિયા અને યુક્રેન વચ્ચે પરમાણુ યુદ્ધ અટકાવ્યું હતું. ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે યુદ્ધ પણ બંધ થઈ ગયું હતું. પરંતુ ભારતમાં પેપર લીક થવાને નરેન્દ્ર મોદી રોકી રહ્યા નથી કે રોકી શકતા નથી. ભારતીય વિદ્યાર્થીઓને નુકસાન થઈ રહ્યું છે. આ વિદ્યાર્થીઓનું ભવિષ્ય છે. તેમના ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે શિક્ષણ ક્ષેત્રને માત્ર એક સંગઠને કબજે કર્યું છે. દરેક હોદ્દા પર આ સંસ્થાનો કબજો છે. હવે આ બદલવું પડશે. ચૂંટણી ઢંઢેરામાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે કડક કાર્યવાહી કરવામાં આવશે. યુનિવર્સિટીના નિયમોનું મૂલ્યાંકન કરવું પડશે. વિપક્ષ દ્વારા સરકાર પર દબાણ બનાવીને આ બે કામ કરાવવાનો પ્રયાસ કરશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે વિદ્યાર્થીઓ માટે બહુ ઓછા રસ્તા છે. અગાઉ રોજગારીની તકો ખતમ થઈ ગઈ હતી. હવે પરીક્ષાઓમાં



ગોટાળો થઈ રહ્યો છે. યુવાનો માટે કોઈ રસ્તો બચ્યો નથી. તમામ રસ્તાઓ, આ સરકારે બંધ કરી દીધા છે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે, જે પેપર લીક થયું છે તે બાબતની તપાસ થવી જોઈએ. જવાબદાર જે કોઈ હોય તેમની સામે કાર્યવાહી થવી જોઈએ. તેમણે કહ્યું કે કડક કાયદા હોવા જોઈએ. જો તમે મેરિટના આધારે નોકરી નહીં આપો, અયોગ્ય લોકોને વાઈસ ચાન્સેલર બનાવશો તો આવી સ્થિતિ વારંવાર સર્જાતી રહેશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, પેપર લીક થવાનું મુખ્ય કારણ એ છે કે, વર્તમાન સરકારે એવા લોકોને પદ પર નિયુક્ત કર્યાં છે, કે જેઓ યોગ્ય લાયકાત ધરાવતા નથી. અગાઉ પેપર લીકનું મૂળ કેન્દ્ર મધ્યપ્રદેશ હતું. ભાજપના લોકો કહે છે કે તેની પ્રયોગશાળાઓ ગુજરાત અને મધ્યપ્રદેશ છે. જ્યાં સુધી ભારતની સંસ્થાઓ તેમના હાથમાંથી છીનવાઈ નહીં જાય ત્યાં સુધી આવુ બધુ ચાલતુ રહેશે. પરંતુ હવે બધુ બંધ થશે.

પ્રેસ કોન્ફેન્સ દરમ્યાન રાહુલ ગાંધીએ આખા મામલાને લઈને ડાયરેક્ટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જવાબદાર ગણાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે, પેપર લીકને સરકારનું સંરક્ષણ છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, જ્યાં સુધી એજ્યુકેશન સિસ્ટમથી ભાજપ ના લોકોનો કબ્જો ખતમ નહીં થાય. ત્યાં સુધી પેપર લીકને પણ રોકી શકાશે નહીં. તેની સાથે તેમણે એવું પણ કહ્યું કે, હિન્દુસ્તાનમાં ઘણા બધા ઈમાનદાર લોકો છે. જો ઈમાનદાર લોકોને કામ મળે તો પેપર લીક નહીં થાય. જો ફક્ત ખુદની વિચારધારા સાથે જોડાયેલા લોકોને કામ આપવામાં આવશે તો પેપર લીક થતાં રહેશે.

આ પહેલા નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયાના સમર્થકોએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના ઘરની બહાર પ્રદર્શન કર્યું હતું. એનએસયુઆઈએ કહ્યું કે, દેશમાં સતત પેપર લીક થઈ રહ્યા છે. અગાઉ જ્યાં NEET પેપર લીકના કારણે લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ પર હતું ત્યાં હવે UGC-NETની પરીક્ષા પણ રદ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ સાથે થઈ રહેલા આ અન્યાયના વિરોધમાં દેખાવો યોજવામાં આવ્યા હતા.

**યુજીસી નેટનું ફોર્મ ૧૧ લાખથી વધુ ઉમેદવારે ફોર્મ ભર્યું તેમાંથી ૮૧ ટકા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.**



રાહુલ ગાંધીએ કહ્યું કે, પેપર લીક થવાનું મુખ્ય કારણ એ છે કે, વર્તમાન સરકારે એવા લોકોને પદ પર નિયુક્ત કર્યાં છે, કે જેઓ યોગ્ય લાયકાત ધરાવતા નથી. અગાઉ પેપર લીકનું મૂળ કેન્દ્ર મધ્યપ્રદેશ હતું. ભાજપના લોકો કહે છે કે તેની પ્રયોગશાળાઓ ગુજરાત અને મધ્યપ્રદેશ છે. જ્યાં સુધી ભારતની સંસ્થાઓ તેમના હાથમાંથી છીનવાઈ નહીં જાય ત્યાં સુધી આવુ બધુ ચાલતુ રહેશે. પરંતુ હવે બધુ બંધ થશે.

એક યુવતી નસ કાપવા તો બીજી યુવતી ફાંસો ખાવા તૈયાર

## મોબાઇલની એટલી ખરાબ આદત કે યુવતીઓ મરી જવા તૈયાર થઈ ગઈ !

### ૧૮૧ અભયમની ટીમે યુવતીઓનું કાઉન્સિલિંગ કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

મોબાઈલના એડિક્શનને કારણે કુમળી વયના બાળકો ઉપર કેવી ગંભીર અસર પડી રહી છે તેની પ્રતીતિ કરાવતા બે કિસ્સા અભયમ સમક્ષ આવ્યા છે. એક કિસ્સામાં અભયમે કિશોરીને નજીકના પોલીસ સ્ટેશનમાં રજૂ કરવી પડી હતી તો બીજા કિસ્સામાં યુવતીને સમજાવતા નાકે દમ આવી ગયો હતો. એક કિસ્સામાં માતા પિતાએ અભયમને કહ્યું હતું કે અમારી પુત્રી ૧૮ વર્ષની થવા આવી છે. મોબાઈલ વગર તેને ચાલતું નથી. ઘરમાં તોડફોડ કરે છે અને મોબાઈલ લઈ લઈએ તો ચપ્પુથી હાથની નસ કાપે છે. અમારી પુત્રી એક સગીર વયના પ્રેમી સાથે ચેટિંગ કરે છે. પહેલા અમને એવું હતું કે છોકરો સારો છે એટલે ભવિષ્યમાં લગ્ન કરાવી દઈશું. પરંતુ ચેટિંગ જોતા છોકરો તમારી પુત્રીને ખૂબ જ ગલીચ ભાષામાં વાત કરે છે અને અમને પણ ગાળો ભાંડે છે. અભયમની ટીમે સગીરાનું કાઉન્સેલિંગ કરતા તેણે કહ્યું હતું કે મોબાઈલ વગર મને ચાલવાનું નથી.

કેબિનેટે પ્રસ્તાવને મંજૂરી આપી

## બિહાર બાદ હવે ઝારખંડમાં પણ જ્ઞાતિ સર્વેક્ષણ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

લોકસભા ચૂંટણી બાદ યોજાયેલી પ્રથમ કેબિનેટ બેઠકમાં ઝારખંડની ચંપાઈ સોરેન સરકારે ઘણા મહત્વના નિર્ણયો લીધા છે. જો કે કુલ ૩૩ દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે, પરંતુ સૌથી મહત્વપૂર્ણ જાતિ આધારિત વસ્તી ગણતરી કરવાનો નિર્ણય છે. બિહાર બાદ ઝારખંડ આવું પગલું ભરનાર બીજું રાજ્ય છે. કેબિનેટે આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.આ જાતિ સર્વેક્ષણની જવાબદારી કર્મચારી વિભાગને આપવામાં આવી છે. જો કે, જ્ઞાતિ સર્વેક્ષણ ક્યારે શરૂ થશે તે અંગે કોઈ તારીખ નક્કી કરવામાં આવી નથી. કોંગ્રેસના સ્ટાર પ્રચારક રાહુલ ગાંધી તેમની સભાઓમાં સતત



આની જાહેરાત કરતા જોવા મળ્યા હતા.બિહારમાં પણ જ્યારે કોંગ્રેસ અને આરજેડી સમર્થિત સરકાર હતી ત્યારે જાતિ આધારિત વસ્તીગણતરી કરવામાં આવી હતી. આ મુદ્દે સરકારે ગયા વિધાનસભા સત્ર દરમિયાન એક પ્રશ્નના જવાબમાં ગૃહની અંદર ખાતરી આપી હતી. ઝારખંડમાં વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, આવી સ્થિતિમાં ચંપાઃ સરકારનો આ નિર્ણય મહત્વપૂર્ણ માનવામાં આવે છે. જાતિની વસ્તી ગણતરી બાદ સરકાર અનામત અંગે નિર્ણય લઈ શકે છે.તમને જણાવી દઈએ કે જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજ્યની ચંપાઈ સોરેન સરકાર ચૂંટણી મોડમાં આવી ગઈ છે. બે દિવસ પહેલા જ મુખ્યમંત્રી ચંપાઈ સોરેને રાજ્યમાં મફત વીજળીનો વ્યાપ ૧૨૫ યુનિટથી વધારીને ૨૦૦ યુનિટ કરવાની જાહેરાત કરી હતી. ખેડૂતો માટે ૨ લાખ રૂપિયા સુધીની લોન માફ કરવાની જાહેરાત કરતી વખતે તેમણે એમ પણ કહ્યું છે કે સરકાર ૨૫ વર્ષથી વધુ અને ૫૦ વર્ષથી ઓછી ઉંમરની મહિલાઓને આર્થિક મદદ કરશે યુવાનોને ત્રણ મહિનામાં નોકરી આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

પાલઘરમાં પુલ ગરકાવ, લોકલ ટ્રેન સેવા પર અસર

## મુંબઈના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો

### વાતાવરણ ઠંડુ થતા મુંબઈવાસીઓને રાહત મળી છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

મુંબઈમાં ગુરૂવારે વહેલી સવારથી જ અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. વરસાદને પગલે વાતાવરણ ઠંડુ થતા મુંબઈવાસીઓને રાહત મળી છે. વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેના પગલે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મુંબઈ અને કેટલાક આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. પાલઘરમાં ધોધમાર વરસાસ વરસ્યો હતો. જેના પગલે દેહર્જે નદી પરનો પુલ પાણીમાં ગરકાવ થતાં પાલઘર અને મનોર વચ્ચેનો સંપર્ક તૂટી ગયો હતો. આ ઉપરાંત બોરીવલી, દહિસર, બાંદ્રામાં પણ મુશળધાર વરસાદ વરસ્યો છે. તેમજ બોરીવલી, મલાડ, કાંદિવલી, ગોરેગાંવ વિસ્તારમાં પણ મેઘ મહેર થઈ છે. અનેક વિસ્તારોમાં વરસાદને પગલે ગોઠણસમાં પાણી ભરાઈ ગયા હતા. મુંબઈમાં ભારે વરસાદને કારણે લોકલ ટ્રેનોને પણ અસર થઈ છે.

વીડિયો વાયરલ થતાં જ પોલીસે કાર્યવાહી કરી

## યુટ્યુબર હરિદ્વારમાં બિયરનું વિતરણ કરી રહ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ધાર્મિક અને તીર્થધામ હરિદ્વારમાં માંસ અને દારૂના વેચાણ પર પ્રતિબંધ છે. આ દિવસોમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં એક યુટ્યુબર બિયરનું વિતરણ કરીને ચેલેન્જ આપી રહ્યો છે. યુવકના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો છે, જેમાં તે કંખલ વિસ્તારમાં ગંગાના





કિનારે બિયરની ચેલેન્જ આપ તો જોવા મળી રહ્યો છે અને ગંગાના કિનારે બિયર છુપાવતો પણ જોવા મળી રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા બાદ તીર્થ પુરોહિત સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે અને પોલીસ પાસે કાર્યવાહીની માંગ છે.આ મામલો પ્રકાશમાં આવ્યા પછી, પોલીસે કાર્યવાહી કરી અને યુટ્યુબરનું ચલણ કર્યું અને તેને ભવિષ્યમાં આવા કૃત્યનું પુનરાવર્તન ન કરવા ચેતવણી આપી. પોલીસે કહ્યું કે જો તે ભવિષ્યમાં ફરી આવું કરશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## અનામતનો વ્યાપ વધારીને ૬૫ ટકા કરવાનો આદેશ રદ્દ

। (એજન્સી) પટણા, તા.૨૦ ।

બિહારમાં અનામતનો વ્યાપ વધારવાના નીતિશ કુમારની સરકારના નિર્ણયને આજે ગુરુવારે હાઈકોર્ટ તરફથી આંચકો લાગ્યો છે. હાઈકોર્ટે અનામતનો વ્યાપ ૫૦ ટકાથી વધારીને ૬૫ ટકા કરવાના રાજ્ય સરકારના નિર્ણયને રદ કરી દીધો છે. પટના હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની બેંચે શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં જીઍ, જી, ઈમ્ઍ અને અન્ય પછાત વર્ગો માટે રાજ્ય સરકારના ૬૫ ટકા અનામતને પડકારતી અરજીઓની સુનાવણી દરમિયાન આ નિર્ણય આપ્યો હતો. કોર્ટે રાજ્ય સરકાર દ્વારા લાવવામાં આવેલો કાયદો રદ કરવાનો આદેશ આપ્યો છે.અરજદાર ગૌરવ કુમાર અને અન્યો દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર સુનાવણી પૂર્ણ કર્યા પછી, ૧૧ માર્ચે નિર્ણય સુરક્ષિત રાખવામાં આવ્યો હતો, જેના પર પટના હાઈકોર્ટે આજે ગુરુવારે પોતાનો ચુકાદો આપ્યો હતો.

તમિલનાડુના કલ્લાકુરિચી જિલ્લાની ઘટના

## તમિલનાડુમાં કથિત રીતે ઝેરી દારૂ પીવાથી ૩૦થી વધુના મોત

। (એજન્સી) કલ્લાકુરિચી, તા.૨૦ ।

તમિલનાડુના કલ્લાકુરિચી જિલ્લામાં કથિત રીતે ઝેરી દારૂ પીવાથી ૩૦થી વધુ લોકોના મોત થયા છે અને ૬૦થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ છે. કલ્લાકુરિચી જિલ્લાના કલેક્ટર એમએસ પ્રશાંતે પુષ્ટિ કરી છે. મૃતકોની સંખ્યા વધી શકે છે. કલ્લાકુરિચી જિલ્લા કલેક્ટર એમએસ પ્રશાંતે



જિલ્લાના સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર હેઠળના પીડિતો સાથે મુલાકાત કરી.

આ મામલે ૪૯ વર્ષના (ગેરકાયદે દારૂ વેચનારા) કે. કન્નુકુટ્ટીની ધરપકડ કરાઈ છે અને તેની પાસેથી જપ્ત કરાયેલા ૨૦૦ લીટર ગેરકાયદેસર દારૂની તપાસમાં જાણવા મળ્યું છે કે તેમાં ઘાતક 'મેથનોલ' હતો. મુખ્યમંત્રી એમ કે સ્ટાલિને અનેક લોકોના મોત પર દુખ વ્યક્ત કર્યું અને કહ્યું કે તેને રોકવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ વિરુદધ કાર્યવાહી કરવામાં આવી છે.



## ગુજરાત સહિત અન્ય રાજ્યના કુલ ૧૬ વિદ્યાર્થીઓના નામ સામે આવ્યા

। (એજન્સી) ગોધરા,તા.૨૦।

ગોધરા ખાતે નીટ પરીક્ષા કેન્દ્રમાં ચોક્કસ વિદ્યાર્થીઓને ચોરી કરાવવાના ષડયંત્રમાં પોલીસ તપાસ દરમિયાન ગુજરાત સહિત અન્ય રાજ્યના કુલ ૧૬ વિદ્યાર્થીઓના નામ સામે આવ્યા હતાં. ગોધરા ખાતે નીટ પરીક્ષા કેન્દ્રમાં ચોક્કસ વિદ્યાર્થીઓને ચોરી કરાવવાના ષડયંત્રમાં પોલીસ તપાસ દરમિયાન ગુજરાત સહિત અન્ય રાજ્યના કુલ ૧૬ વિદ્યાર્થીઓના નામ સામે આવ્યા હતાં. આ વિદ્યાર્થીઓની તમામ માહિતી, પરીક્ષાના દિવસના સીસીટીવી ફૂટેજ અને અન્ય દસ્તાવેજી પૂરાવાઓ પંચમહાલ પોલીસ તેમજ તપાસ અધિકારી દ્વારા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) પાસે ઈ-મેલના માધ્યમથી મેળવવા માટે બે વખત માંગણી કરવા છતાં એનટીએ દ્વારા પૂરા પાડવામાં આવ્યા ન હતા.

## લક્ઝરી બસ ચાલકે ડિવાઈડર કૂદાવીને રૌંગ સાઇડમાં બસ ચલાવી

। અમદાવાદ, તા.૨૦ ।

શહેરના એક લક્ઝરી બસના ચાલકે એસજી હાઇવે પરના પકવાન બ્રિજ પરથી ઉતરીને આગળ જઈને યુ ટર્ન લેવાને બદલે શોર્ટ કટ અપનાવીને ડિવાઈડર કૂદાવીને રૌંગ સાઈડમાં બસ હંકારી હતી. આ બનાવને એક જાગૃત નાગરિકે વીડિયો બનાવી સોશિયલ મિડીયા પર અપલોડ કરતા જ ટ્રાફિક પોલીસ ઊંઘમાંથી જાગી ગયા હોય તેમ ઘટના સ્થળે પહોંચી ગયા હતા , વિગતોની તપાસ કરતા બસના ચાલકની ધરપકડ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન બસ ચાલકે ઉતાવળ હોવાથી લાંબુ ફરવુ ના પડે તે માટે તેણે બસ રૌંગ સાઈડમાં ચલાવી હોવાની કબૂલાત કરી હતી. બનાવની વિગત મુજબ શહેર ટ્રાફિક પોલીસને સોશિયલ વીડિયો થકી એક લક્ઝરી બસના ચાલકનો વીડિયો મળ્યો હતો. જેમાં એક લક્ઝરી બસના ચાલકે પકવાન બ્રિજ ઉતરીને ડીવાઈડર કુદાવીને યુ ટર્ન મારીને બસ રૌંગ સાઈડમાં ચલાવી હતી. ત્યાંથી પસાર થતા લોકો સાથે અકસ્માત થાય તેવુ કૃત્ય કર્યુ હોવાનું સામે આવતા પોલીસે લક્ઝરી બસના ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

### જૂન મહિનામાં રાજ્યમાં ડ્રગ્સ મળવાનો ક્રમ યથાવત

# કચ્છના જખૌમાંથી ૧૯ ચરસના પેકેટ જપ્ત કરાયા, છેલ્લા થોડા દિવસોમાં જ કરોડો રૂપિયાનું ડ્રગ્સ મળ્યું

। (પ્રતિનિધી) કચ્છ, તા.૨૦ ।



ગુજરાતમાં છેલ્લા થોડા દિવસોથી ડ્રગ્સ મળ્યું હોવાના સમાચારનો સિલસિલો યથાવત છે. ત્યારે આજે બીએસએફનાં જવાનો કચ્છની સરહદે પેટ્રોલિંગ કરતા હતા, તે દરમિયાન જખૌમાંથી ચરસના ૧૯ પેકેટો તેમને મળ્યા છે. ચરસના પેકેટ મળવાને પગલે તમામ એજન્સીઓ દ્વારા પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. થોડા દિવસો અગાઉ જ પોરબંદરના દરિયાકાંઠેથી ચરસના પકેટો મળી આવ્યા હતા.

થોડા દિવસ પહેલા કચ્છનાં દરિયામાંથી પણ બિનવારસી ડ્રગ્સનાં પેકેટ મળી આવ્યા હતા. કચ્છનાં અનેક વિસ્તારો જેવા કે અબડાસા, લખપત અને માંડવીનાં દરિયા કિનારેથી એજન્સીઓને ૬૬ કરોડની કિંમતનું ડ્રગ્સ મળી આવ્યું હતું. ત્યારે ગત શનિવારે પણ લુણા બેટનાં દરિયાકિનારેથી બીએસએફ તેમજ જખૌ મરીન પોલીસને પેટ્રોલિંગ દરમ્યાન ૧૦ પેકેટ મળી આવ્યા હતા.

૮ જૂનથી ડ્રગ્સ મળવાનો આ સીલસીલો આજે પણ યથાવત છે. ૮ જૂનનાં રોજ લખપત તાલુકાનાં રોડાસર ક્રિક વિસ્તારમાંથી બીએસએફને ચરસનાં બે પેકેટ મળી આવ્યા હતા. જે પછીથી બીએસએફ દ્વારા પેટ્રોલિંગ સઘન કરવામાં આવ્યું હતું. તેના બીજા દિવસે કોઠારા પોલીસને કડુંલી-પીંગલેશ્વરનાં દરિયાઈ વિસ્તારમાંથી ૫.૩૪ કરોડની કિંમતનાં ચરસનાં ૧૦ પેકેટ મળ્યા હતા. ૫ છીથી ૧૧ જૂનના રોજ સિંઘોડી-સૈયદપીરનાં દરિયામાંથી જખૌ મરીન પોલીસને ૯ પેકેટ મળ્યા હતા. ૧૩ જૂનનાં રોજ જખૌ મરીન પોલીસે ખિદરતપીર ટાપુમાંથી ચરસનાં ૧૦ પેકેટ જપ્ત કર્યા હતા. ૧૪ જૂનનાં રોજ માંડવી પોલીસે ધોળુપીર નજીકથી ચરસનાં ૧૦ પેકેટ જપ્ત કર્યા હતા. રોડાસર ક્રીક વિસ્તારમાંથી બીએસએફને પેટ્રોલિંગ દરમ્યાન ૧૦ ચરસનાં પેકેટ મળી આવ્યા હતા. તેમજ કોઠારા પોલીસની હદમાંથી એસઓજીને મેથાએમફેટામાઈનનં ૯ પેકેટ મળી આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં ચરસનાં ૧ કિલોની કિંમત ૫૦ લાખ જ્યારે મેથાએમફેટામાઈનનાં ૧ કિલોની કિંમત ૪થી ૫ કરોડ થવા જાય છે. ત્યારે ઝડપાયેલા ચરસનાં મુદ્દામાલની કિંમત આંતરરાષ્ટ્રીય બજાર પ્રમાણે ૬૬.૬૬ કરોડ થાય છે.

# જામનગરમાં બાલાજી વેફરમાંથી મરેલો દેડકો નીકળતા ચકચાર



। જામનગર, તા.૨૦ ।

ગુજરાતમાં ખાણીપીણીની અનેક વસ્તુઓમાંથી જીવજંતુઓ નીકળવાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યાં છે.જામનગરમાં બાલાજી વેફરમાંથી દેડકો નીકળતાં ગ્રાહકે કસ્ટમર કેરમાં ફોન કર્યો હતો. આ મુદ્દે ફૂડ વિભાગે વેફર્સના સેમ્પલ લઈને વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો પ્રમાણે જામનગરમાં પુષ્કરધામ સોસાયટીમાં રહેતા જસ્મીન પટેલ નામના વ્યક્તિની ભત્રીજીએ ગઈકાલે પ્રોવિઝન સ્ટોર પરથી બાલાજી વેફરનું પેકેટ ખરીદ્યું હતું. જે પેકેટને ઘરે લઈ ગયા પછી તેને ખોલતા તેમાંથી મૃત હાલતમાં દેડકો મળી આવ્યો હોવાનો જસ્મીન પટેલે આક્ષેપ કર્યો છે. વેફરમાંથી રાત્રે દેડકો નીકળતાં તેઓએ પેકેટવાળીને મૂકી દીધુ હતું અને સવારે જસ્મીન પટેલે જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખાનો સંપર્ક કર્યો હતોઆ અંગે જસ્મીન પટેલે મીડિયાને જણાવ્યું હતું કે, દેડકો નીકળ્યા અંગે દુકાનદાર સાથે વાતચીત કરીને એજન્સીવાળા જોડે વાત કરી હતી. એમણે કસ્ટમર કેરમાં વાત કરી હતી પણ કંઇ જવાબ ન મળ્યો તો અમે કસ્ટમ કેરમાં ફોન કર્યો.

### અજાણ્યા શખ્સોની ચાલતી શોધ, FSL ઘટનાસ્થળે પહોંચી

# સુરતમાં દેરાસર બહાર પશુનું માથું ફેંકાતા જૈનોમાં રોષ

### પાવાગઢમાં ખંડિત મૂર્તિનો વિવાદ શમ્યો નથી ત્યાં આ બનાવ બનતા ચકચાર મચી છે

। (એજન્સી) સુરત,તા.૨૦ ।

પાલ વિસ્તારમાં આવેલા માણીભદ્ર રેસીડેન્સીની બહાર પશુનું માથું કાપીને ફેંકી દેવાની ઘટના સામે આવતા ફરી એકવાર વિવાદ ઉભો થયો છે, જેને કારણે જૈન સમાજના મહારાજ તેમજ આસપાસના લોકો ખૂબ જ મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા છે. જોકે, ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી છે. પાવાગઢમાં ખંડિત મૂર્તિનો વિવાદ શમ્યો નથી ત્યાં આ બનાવ બનતા ચકચાર મચી છે.

આ વિસ્તારમાં માણીભદ્ર રેસીડેન્સીની આજુબાજુ ઘણા જૈન દેરાસરો પણ આવેલા છે અને અહીં મોટાભાગે જૈન લોકો જ વસવાટ કરે છે ત્યારે આ પ્રકારે પશુનું માથુ કાપીને ફેંકવાની ઘટનાએ ફરી જૈન સમાજની લાગણી દુભાઈ છે. આજે સવારે એક વ્યક્તિ ત્યાંથી પસાર થતો હતો ત્યારે તેના દ્વારા રેસીડેન્સીની બહાર પશુનું માથું ફેકાયા હોવાની જાણ રેસિડેન્સીના લોકોને થઈ હતી. તમામ લોકો તુરંત જ બહાર દોડી આવ્યા હતા તેમજ આસપાસના જૈન દેરાસરના મહારાજ સાહેબ પણ આવી પહોંચ્યા હતા. આ ઘટનાથી જૈન સમાજ ફરી રોષે ભરાયો છે અને આ કૃત્યને લઈને વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે. અહીં લોકોનો ટોળું એકત્રિત થતા પોલીસ અધિકારીઓનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

પશુની હાલત જોઈને મહારાજ સાહેબ ભાવુક થઈ ગયા હતા અને તેમણે કહ્યું હતું કે, આ પ્રકારનું કૃત્ય ક્યારેય પણ સાંખી લેવામાં આવશે નહીં. ગૌ માતાએ આપણી નહીં પરંતુ, જીવ માત્રની માતા છે. તેમની સાથે કરેલા આ કૃત્યને કારણે અમારી લાગણી દુભાય છે. આ પ્રકારના કામ કરનારાઓ સામે સખ્તાઈપૂર્વક પગલાં લેવા જોઈએ.

## વલસાડમાં વરસાદે પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખોલી

। વલસાડ, તા.૨૦ ।

વલસાડ તાલુકામાં વાતાવરણમાં પલટો આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસના રીસામણા બાદ ફરી વરસાદ મનમુકીને વરસ્યો હતો. વલસાડ તાલુકામાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. તાલુકાના વલસાડ, હનુમાનભાગડા ,કોસંબા, ભગડાવડા, પારડી સાંઢપોર સહિતના વિસ્તારોમાં પવન સાથે મેઘસવારી આવી પહોંચી હતી. પવન સાથે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં વીજ પ્રવાહ ખોરવાયો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં ચાર દિવસ થી છૂટોછવાયો વરસાદ વરસતો હતો પણ આજે ધોધમાર વરસાદ નોંધાયો હતો. વલસાડ શહેરમાં પડેલા ધોધમાર વરસાદના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

### યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા

# રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમારની તબિયત નાદુરસ્ત

### ભીખુસિંહ ગુજરાત કેબિનેટમાં રાજ્ય કક્ષાના મંત્રી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

રાજ્ય કક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારની તબિયત લથડી હોવાના સમાચાર સામે આવ્યા છે. સૂત્રો પાસેથી મળતા સમાચાર મુજબ ભીખુસિંહ પરમારનું અચાનક બ્લડ પ્રેશર વધી જતાં તેમને તાત્કાલિક યુએન મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાલ તેમની સારવાર ચાલી રહી છે.

ભીખુસિંહ પરમારની રાજકીય સફર સંઘર્ષમય રહી છે. ધારાસભ્ય બનવા માટે ૨૭ વર્ષ સુધી રાહ જોવી પડી હતી. ૧૯૯૫માં પ્રથમવાર મોડાસા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા પણ તેની હાર થઈ હતી. આ પછી વર્ષ ૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણીમાં અપક્ષ તરીકે અને ૨૦૦૭માં બસપાની ટિકિટ પર મોડાસા બેઠક પરથી ધારાસભ્યની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું, પણ તેમાં પણ નસીબે સાથ ન આપતા ચૂંટણી હારી ગયા હતા. ત્યારબાદ ભાજપે ૨૦૧૭ની ચૂંટણીમાં મોડાસા બેઠક પરથી ભીખુસિંહ પરમારને ટિકિટ આપી હતી, જો કે ૧૬૪૦ વોટના અંતરે હારી ગયા હતા. આ પછી ભાજપે ફરી ભીખુસિંહને જ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં મોડાસા બેઠક પરથી ટિકિટ આપી હતી. આ વખતે તેઓ જીતીને ૨૭ વર્ષની રાજકીય સફરમાં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા હતા. હાલ ભીખુસિંહ પરમાર ગુજરાત સરકારમાં કેબિનેટમાં રાજ્ય કક્ષાના મંત્રી અને અન્ન નાગરિક પુરવાઠા વિભાગની જવાબદારી સંભાળી રહ્યા છે. ત્યારબાદ ભાજપે ૨૦૧૭ની ચૂંટણીમાં મોડાસા બેઠક પરથી ભીખુસિંહ પરમારને ટિકિટ આપી હતી, જો કે ૧૬૪૦ વોટના અંતરે હારી ગયા હતા. આ પછી ભાજપે ફરી ભીખુસિંહને જ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં મોડાસા બેઠક પરથી ટિકિટ આપી હતી. આ વખતે તેઓ જીતીને ૨૭ વર્ષની રાજકીય સફરમાં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા હતા. હાલ ભીખુસિંહ પરમાર ગુજરાત સરકારમાં કેબિનેટમાં રાજ્ય કક્ષાના મંત્રી અને અન્ન નાગરિક પુરવાઠા વિભાગની જવાબદારી સંભાળી રહ્યા છે.

# રાજકોટના માલવિયાનગર ફાટકમાં પાસે મોટી દુર્ઘટના ટળી

। (એજન્સી) રાજકોટ,તા.૨૦।

રાજકોટના માલવિયાનગર રેલવે ફાટકમાં પાસે મોટી દુર્ઘટના ટળી છે. ૧૮ જુનના રોજ રાત્રે રેલવે માલવિયાનગર પાસે ટ્રેન આવી ગઈ છતા ફાટક બંધ કરવામાં આવ્યો ન હતો. વાહનચાલકોની અવરજવર પણ ટ્રેનના પાટા પરથી સતત ચાલુ જ હતી. અચાનક જ ટ્રેન આવી જતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

રાજકોટ માલવિયાનગર રેલવે ફાટકમાં ૧૮ જુને એક મોટી દુર્ઘટના થતા ટળી છે. રેલવે ફાટક ખુલ્લો જ હતો. વાહનચાલકોની અવર જવર પણ ચાલુ હતી અને અચાનક જ ટ્રેન આવી ગઈ હતી. જો કે ટ્રેનના લોકો પાયલોટે સમય સુચકતા વાપરી ટ્રેનને ધીમી પાડી હતી. ટ્રેન ફાટકની નજીક જતા લોકોએ રેલવેના કર્મચારીને જગાડ્યો હોવાની માહિતી સામે આવી છે.

# પત્ની સાથે ઝગડો થતા પિતાએ ત્રણ બાળકોને ત્યજી દીધા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

પતિ અને પત્નીના કંકાસમાં પત્ની ઘર છોડી ભાગી ગઈ તો પતિએ પોતાના ૩ બાળકોને રેલવે સ્ટેશન ખાતે તરછોડી દીધા હતા. કાલુપુર રેલવે પોલીસે બાળકોના પિતાને કાકાની ધરપકડ કરી છે. અમદાવાદ કાલુપુર રેલવે પોલીસની ગિરફતમાં ઉભેલા બંને શખ્સોના નામ રાહુલ રાજપૂત અને આશિષ રાજપૂત છે. જેમાં આરોપી રાહુલ રાજપૂત પર આરોપ છે કે તેમણે પોતાના જ ત્રણ બાળકોને કાલુપુર રેલવે સ્ટેશન પાર ત્યજી દેવાનો તેમાં તેના ભાઈ આશિષ રાજપૂતે મદદ કરી હતી. જો આ આખા બનાવની વાત કરવામાં આવે તો પોલીસ ચોપડે નોંધાયેલી ફરિયાદની વિગતો મુજબ ગઈ તારીખ ૧૬મીના બપોરના એક વાગ્યાના આસપાસ કાલુપુર રેલવે સ્ટેશનના ટિકિટ બારી ખાતેના હોલમાંથી ત્રણ બાળકો મળી આવ્યા હતા. જેમાં બે બાળકી અને એક બાળક હતો. પોલીસ દ્વારા આ બાળકોની પૂછપરછ કરવામાં આવી તો હિન્દી ભાષા બોલી રહ્યા હતા અને માત્ર પોતાના માતા પિતા સિવાય અન્ય કોઈ બાબતનો ખ્યાલ હતો નહિ, ત્યારે પોલીસ દ્વારા બાળકોના નામ પૂછતા જણાવ્યું હતું કે જેમાં ૭ વર્ષીય વૈષ્ણવી, ૪ વર્ષીય આયુષ અને ૧૦ માસની પ્રાચી હોવાનું જાણવા મળ્યું હતું અને પોતાના માતા પિતાના નામમાં રાહુલ અને બંસી જણાવ્યું હતું. ત્યારે બાળકો કોણ મૂકી ગયું એ પોલીસે રેલવે સ્ટેશનમાં લાગેલા સીસીટીવી ફૂટેજની તપાસ શરુ કરી હતી. સીસીટીવી ફૂટેજ તપાસમાં આવ્યા ત્યારે બે શખ્સો એકટીવા પર આવીને આ ત્રણ બાળકોને મૂકીને ફરાર થઈ જાય છે. આ દ્રશ્યો નજરે પડતા જ પોલીસે એક્ટિવા ચાલકની તપાસ શરુ કરી હતી. જેમાં સાણંદ ખાતે રહેતા રાહુલ રાજપૂતનું નામ સામે આવ્યું હતું. ત્યારે રેલવે પોલીસ એક્ટિવા RTO નંબરથી એક્ટિવા ચાલકનું સરનામું અને મોબાઈલ નંબર મેળવ્યા હતા. જેના આધારે રાહુલ રાજપૂત અને તેના ભાઈ આશિષ રાજપૂતની ધરપકડ કરી પ્રાથમિક પૂછપરછ શરૂ કરી હતી. બંને આરોપીઓની પ્રાથમિક પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે રાહુલ રાજપૂત અને તેનો ભાઈ આશિષ રાજપૂત પાણીપુરીનો ધંધો સાણંદ ખાતે કરે છે અને ૧૫મીના રોજ રાહુલ રાજપૂતને પોતાની પત્ની બંસી વચ્ચે પૈસા બાબતે ઝગડો થયો હતો અને ઘર મૂકીને જતી રહી હતી.

# પ્રાકૃતિક ખેતી : અમદાવાદ જિલ્લો દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના પ્રહરી નુરુદ્દીનભાઈ સોલંકી

। (માહિતી) પ્રાકૃતિક કૃષિઃ અમદાવાદ ।

આલેખનઃ રેસુંગ ચૌહાણ સહાયક માહિતી નિયામક, અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વીરડી ગામના નુરુદ્દીનભાઈ સોલંકી છેલ્લાં પાંચ વર્ષથી દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરે છે. હાલ તેમણે ડાંગરના ધરું અને હળદરનું વાવેતર કર્યુ છે. તેઓ કહે છે કે પ્રાકૃતિક ખેતી માટે દેશી ગાયનું ગૌમૂત્ર, ગોબર, ઘી, દૂધ અને દહીંનું જીવામૃત બનાવીને તેનો ખાતરની જગ્યાએ ઉપયોગ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે, રાસાયણિક ખાતર અને દવાના બદલે વનસ્પતિમાંથી દવાઓ બનાવીને તેનો ઉપયોગ કરું છું, જેનું ખૂબ સારુ પરિણામ મળ્યું છે. આજે સમગ્ર વિશ્વ સામે ક્લાયમેટ ચેન્જના પડકારો છે ત્યારે આવનાર દિવસોમાં પર્યાવરણ, વન્ય જીવસૃષ્ટિ અને માનવના બચાવ માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર વિકલ્પ બચ્યો હોવાનું જણાવી તેમણે કહ્યું કે, અગાઉ હું પણ અન્ય લોકોની જેમ જ રાસાયણિક ખાતર અને દવાઓ પર આધારિત ખેતી કરતો હતો. જેના કારણે ખેતીમાં ખર્ચ વધારે આવતો, જેનાથી મારી આર્થિક સ્થિતિ અને જમીનની ઉત્પાદકતા બંને બગડતી હતી. જ્યારે મને પ્રાકૃતિક ખેતી અંગેના ફાયદાની ખબર પડી ત્યારે મેં આણંદ કૃષિ યુનિવર્સિટીનો સંપર્ક કર્યો અને ખેતીવાડી વિભાગ તથા આત્મા ધોળકાના માર્ગદર્શનથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.

તેમણે કહ્યું કે, હું છેલ્લાં પાંચ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યો છું, જેમાં લીલું ખાતર, બાયો-કમ્પોસ્ટ, વર્મી કમ્પોસ્ટ અને બેક્ટેરિયાનો ઉપયોગ કરીને સારો પાક અને ઉપજ મેળવી રહ્યો છું. મારા ખેતરમાં મુખ્ય પાકો ચોખા, ઘઉં, જવ, હળદર થાય છે અને ઓછા ખર્ચે સારો પાક મળે છે, નજીકના ગામડાના ખેડૂતો પણ મારા ખેતરમાં પ્રાકૃતિક ખેતી જોવા આવે છે. હું ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે તાલીમ પણ આપું છું. એમને કોઈ પ્રશ્ન હોય તો તેની વિગતવાર ચર્ચા કરીને નિવારણ પણ લાવું છું.



નુરુદ્દીનભાઈએ પ્રાકૃતિક ખેતીના ફાયદા સમજાવતા કહ્યું કે, મેં બે દેશી ગાય લાવીને પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. પ્રાકૃતિક ખેતી શરૂ કરવાનો મુખ્ય આશય એ છે કે, આપણે સજીવ સૃષ્ટિ અને પર્યાવરણનું જતન કરીને પણ સારી ઉપજ અને આવક મેળવી શકીએ છીએ. તેમણે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા હોવાનો આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે, ગાય આપણી માતા છે અને તેની સેવા-ચાકરી કરવાથી હું ખૂબ ખુશ છું કે મને ગાય માતાની સેવા કરવાનો મોકો મળ્યો છે. તેમણે અન્ય ખેડૂતોને સંદેશો આપતા કહ્યું કે, પ્રકૃતિ સાથે રહીને જો તમે કામ કરશો તો તમને ઘણો ફાયદો થશે. વર્ષ-૨૦૨૦ પછી મેં મારા ખેતરમાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરી દીધો છે અને માત્ર પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી જ ખેતી કરું છું. પ્રાકૃતિક ખેતીમાં જમીનની ફળદ્રુપતામાં વધારો થવાને કારણે વધુ કે ઓછા વરસાદ અને ગરમીમાં પણ પાક ખીલે છે.

તેમણે જણાવ્યું કે, હું પ્રાકૃતિક ખેતી કરીને જે પાક લણું છું, તેની પ્રોડક્ટ જાતે બનાવીને બજારમાં તેનું વેચાણ કરું છું. લોકોને પણ શુદ્ધ વસ્તુ મળતાં તેના બજારમાં ભાવ સારા મળે છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકારે મારું કામ જોઈને મને પ્રાકૃતિક ખેતીનું સર્ટિફિકેટ આપ્યું છે. ત્રણેય ઋતુમાં સીઝન પ્રમાણે અલગ અલગ પાકની ઉપજ લઉં છું. રાસાયણિક ખાતરોની બંધાણી બનેલી જમીનને ફળદ્રુપ બનાવવા માટે પણ મેં ઘણી મહેનત કરી છે. શિયાળાના સમયમાં ચણા પકવું છું. આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, તમારા ખેતરમાં હંમેશાં પાકની ફેરબદલ કરતા રહેવું જોઈએ, જેનાથી સારું ઉત્પાદન મેળવી શકાય. ગયા વર્ષે ચાર વીઘા જમીનમાંથી સાડા ત્રણ લાખ રૂપિયાની ડાંગર અને હળદરના પાકની ઉપજ મેળવી છે. એક પાકની સાથે બીજા આંતરપાકનું પણ વાવેતર કરું છું. જેના લીધે ઓછી જમીન અને ઓછા સમયમાં બમણી આવક મેળવી શકાય છે. આ વર્ષે મેં પ્રાકૃતિક શેરડીનું વાવેતર કર્યું હતું અને ધોળકા શહેરમાં શેરડીના રસની દુકાન પણ કરીને તેમાંથી સારી એવી કમાણી કરી હતી. ડાંગરમાંથી ચોખા કાઢીને મારી પોતાની પ્રોડક્ટ બનાવીને બજારમાં વેચાણ કરું છું, જેના ભાવ ખૂબ સારા મળે છે. નુરુદ્દીનભાઈ કહે છે કે,પશુઓ પ્રત્યે પહેલેથી જ પ્રેમ અને લગાવ હોવાથી મેં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરતા પહેલાં સૌપ્રથમ દેશી ગાય લાવ્યો હતો, આ ગાયની સેવા-ચાકરીની સાથે હું ઘર કરતાં વધારે સમય ખેતરમાં જ ફાળવું છું. અમારા વિસ્તારમાં પાણીના (પી. એચ.) લેવલ પ્રમાણે ખેતી કરવી ખૂબ જ કઠિન હતી તેથી જમીનના લેવલ (પી.એચ.) લેવલની ચકાસણી કરાવીને ખેતી કરવાની શરૂઆત કરી હતી. પાણીની આ સમસ્યાના નિવારણ માટે આ વર્ષે મેં મારા ખેતરમાં એક વીઘા જમીનમાં વરસાદી પાણીના સંગ્રહ માટે તળાવ બનાવ્યું છે. જેમાં પાણીનો સંગ્રહ કરીને ખેતી અને પશુપાલન કરી શકાશે. ડાંગર અને આદુ વધારે પાણી માંગે તેવા પાક છે પરંતુ પાણીનો વધારે બગાડ ન થાય એની પણ કાળજી રાખી છે. ડાંગર અને હળદર ભેગો પાક લઈ શકાય એવું શક્ય જ નથી પરંતુ મેં મારા ખેતરમાં આ બંને પાકો સાથે વાવીને નવો અખતરો કર્યો છે. હાલ આ બંને પાકો સારા ઉગી નીકળ્યા છે. જેના કારણે મને ઘણો બધો ફાયદો થશે. હું અત્યારે એ પણ વિચાર કરી રહ્યો છું તો ચોમાસામાં પણ ઘઉં વાવી શકાય કે કેમ? આ જૈવિક ખેતી કરવાનો આનંદ છે, આ સાથે જ આપણને પશુપાલન દ્વારા ગાયોની સેવા કરવાની તક મળે છે એની સાથે શુદ્ધ અને પૌષ્ટિક ખોરાક પણ મળે છે, જે આજની તાતી જરૂરિયાત છે.

પ્રાકૃતિક ખેતીના હિમાયતી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને રાજ્ય સરકારનો અભાર વ્યક્ત કરતા તેમેણે જણાવ્યું કે, આપણા રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી માટે ઝુંબેશ ઉપાડી છે જેના લીધે અમારા જેવા હજારો ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે એ એક સારી બાબત છે. રાજય સરકાર તરફથી મને ઘણી યોજનાનો લાભ મળ્યો છે જેનાથી આર્થિક ટેકો થતાં પ્રાકૃતિક કૃષિને વેગ મળ્યો છે પ્રાકૃતિક ખેતીના હિમાયતી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને રાજ્ય સરકારનો અભાર વ્યક્ત કરતા તેમેણે જણાવ્યું કે, આપણા રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી માટે ઝુંબેશ ઉપાડી છે જેના લીધે અમારા જેવા હજારો ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે એ એક સારી બાબત છે. રાજય સરકાર તરફથી મને ઘણી યોજનાનો લાભ મળ્યો છે જેનાથી આર્થિક ટેકો થતાં પ્રાકૃતિક કૃષિને વેગ મળ્યો છે.

## દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો જેલવાસ લંબાયો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

લીકર પોલીસી કૌભાંડના મુખ્ય આરોપી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો જેલવાસ લંબાયો છે. દિલ્હીની રાઉજ એવન્યુ કોર્ટે ફરી એક વાર કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૩ જુલાઈ સુધી લંબાવી દીધી છે. આ ઉપરાંત વિનોદ ચૌહાણની પણ ન્યાયિક કસ્ટડી લંબાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ કોર્ટે કેજરીવાલની હંગામી જામીન વધારવા અંગેની અરજીને ફગાવી દીધી હતી. કૌભાંડના મુખ્ય આરોપી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો જેલવાસ લંબાયો છે. દિલ્હીની રાઉજ એવન્યુ કોર્ટે ફરી એક વખત કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૩ જુલાઈ સુધી લંબાવી દીધી છે. સાથે જ વિનોદ ચૌહાણની ન્યાયિક કસ્ટડી પણ લંબાવાઈ છે. આ બન્નેને આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કથિત દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં બંનેની ન્યાયિક કસ્ટડી આજે પૂરી થતાં તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં સુનાવણી દરમિયાન EDના વકીલે કહ્યું કે વિનોદ ચૌહાણે કવિતાના PA પાસેથી ૨૫ કરોડ રૂપિયા અભિષેક બોઈનપલ્લી મારફતે લીધા હતા. હાલમાં કેજરીવાલ દિલ્હીની તિહાડ જેલમાં કેદ છે. રાઉજ એવન્યુ કોર્ટના આ આદેશ બાદ કેજરીવાલે હાલ તિહાર જેલમાં જ રહેવું પડશે.

### કિરણ અને શ્રુતિ ચૌધરીના કોંગ્રેસ છોડવા પર ભૂપિન્દર સિંહ હુડ્ડાએ કહ્યું

# 'કિરણ ચૌધરીનો વિચાર છે કે ટિકિટની વહેંચણી યોગ્ય નથી'

### હરિયાણામાં કિરણ ચૌધરીએ કોંગ્રેસ સાથેનો ચાર દાયકા જૂનો સંબંધ તોડી નાખ્યો છે, તેમની સહયોગી પુત્રી શ્રીતુ ચૌધરીએ પણ પાટી છોડી દીધી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

હરિયાણામાં વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. ધારાસભ્ય કિરણ ચૌધરી અને તેમની પૂર્વ સાંસદ પુત્રી શ્રુતિ ચૌધરીએ પાટી છોડી દીધી છે. બંને આજે એટલે કે બુધવારે દિલ્હીમાં ભાજપમાં જોડાશે. જેને લઈને રાજ્યનું રાજકારણ પણ ગરમાયું છે. હરિયાણાના પૂર્વ સીએમ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડાથી લઈને પૂર્વ સાંસદ બ્રિજેન્દ્ર સિંહ સુધીના નિવેદનો આવ્યા છે. હરિયાણામાં આ વર્ષે ઓક્ટોબરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ અંગે રાજકીય પક્ષો તૈયારીઓમાં વ્યસ્ત છે. રાજ્યમાં હાલમાં ભાજપની સરકાર છે અને નાયબ સિંહ સૈની મુખ્યમંત્રી છે. ચૂંટણી પહેલા કિરણ ચૌધરી અને તેમની પુત્રી શ્રુતિ ચૌધરી કોંગ્રેસ છોડવાને કારણે પાટીને મોટું નુકસાન માનવામાં આવી રહ્યું છે. લોકસભા ચૂંટણીમાં ટિકિટની વહેંચણીને લઈને મા-દીકરી પાટી હાઈકમાન્ડથી નારાજ હતા.આ અંગે કોંગ્રેસના નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડાએ કહ્યું કે, અયોગ્ય ટિકિટ વહેંચણી કિરણ ચૌધરીની વિચારસરણી છે. ટિકિટની યોગ્ય વહેંચણી કરવામાં આવી હતી, તેથી કોંગ્રેસને ૫ બેઠકો મળી હતી. જો આપણે સમગ્ર દેશમાં ઈન્ડિયા બ્લોકના



વોટ શેર પર નજર કરીએ તો હરિયાણામાં કોંગ્રેસની વોટ ટકાવારી ઘણી વધારે છે. લોકસભા ચૂંટણીમાં ભાજપ અડધું થઈ ગયું છે.

તે વિધાનસભાની ચૂંટણીમાં સંપૂર્ણ સ્પષ્ટ થઈ જશે. પૂર્વ સાંસદ અને કોંગ્રેસ નેતા બ્રિજેન્દ્ર સિંહે કહ્યું કે, શ્રુતિ ચૌધરી પહેલા પણ સાંસદ રહી ચુકી છે અને મહેન્દ્રગઢ ભિવાની સીટ પરથી મજબૂત ઉમેદવાર હતી, તેમાં કોઈ શંકા નથી. પરંતુ પાટીનો પોતાનો નિર્ણય છે. પાટીએ જે પણ નિર્ણય લીધો હશે તે તમામ સંજોગોને જોઈને લેવામાં આવ્યો હશે. હવે ચૂંટણીના પરિણામો આવી ગયા છે ત્યારે આપણે એ વાતોને બાજુએ મૂકીને વિધાનસભાની ચૂંટણીની તૈયારી કરવી જોઈએ. બ્રિજેન્દ્રએ કહ્યું કે ટિકિટ વિતરણને લઈને લાંબી પ્રક્રિયા ચાલી રહી છે. પહેલા સ્ક્રીનીંગ કમિટી બેસે છે. નામો ઉપર મોકલેલ છે. પછી નામો સીઈસી પાસે આવે છે. ત્યાર બાદ ટિકિટો નક્કી થાય છે. માત્ર એકને ટિકિટ મળે છે. ઘણા દાવેદારો છે. બ્રિજેન્દ્ર ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયા હતા. જણાવી દઈએ કે કિરણ ચૌધરી અને શ્રુતિ ચૌધરીએ મંગળવારે કોંગ્રેસની પ્રાથમિક સદસ્યતામાંથી રાજીનામું આપી દીધું છે અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને અલગ-અલગ રાજીનામું મોકલી દીધું છે. જેમાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડા પર આડકતરી રીતે પ્રહારો કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે પાટીના રાજ્ય એકમને ખાનગી એસ્ટેટ તરીકે ચલાવવામાં આવી રહી છે. શ્રુતિ ચૌધરી આ સમયે હરિયાણા કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ પણ હતા. જ્યારે કિરણ ચૌધરી ભિવાની જિલ્લાના તોશામથી વર્તમાન ધારાસભ્ય છે. તેમણે કહ્યું કે તેઓ અને પૂર્વ સાંસદ શ્રુતિ ચૌધરી બંને બુધવારે દિલ્હીમાં ભાજપ માં જોડાશે.

કિરણ ચૌધરી હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી બંસી લાલની વહુ છે અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડાના કટ્ટર હરીફ માનવામાં આવે છે. જો કે, કિરણ હુડ્ડાના નેતૃત્વ હેઠળના કોંગ્રેસના શાસન દરમિયાન મંત્રી પણ રહી ચુક્યા છે. હરિયાણાના રાજકારણમાં મા-દીકરીનો ખાસ્સો પ્રભાવ છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે. માનવામાં આવી રહ્યું છે કે મા-દીકરી ભાજપમાં જોડાવાથી પાટીને ફાયદો થઈ શકે છે.

### ડ્રોનના ઓપરેશન પર પ્રતિબંધ

## યોગ દિવસ પર PM મોદીની મુલાકાત પહેલા શ્રીનગરને 'રેડ ઝોન' જાહેર

### વડાપ્રધાન મોદી સવારે અહીં SKICC ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે મુખ્ય કાર્યક્રમનું નેતૃત્વ કરશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની શ્રીનગરની મુલાકાત પહેલા, જમ્મુ અને કાશ્મીર પોલીસે મંગળવારે શહેરને અસ્થાયી 'રેડ ઝોન' જાહેર કર્યું હતું અને ડ્રોન ચલાવવા પર પ્રતિબંધ મૂક્યો હતો. વડાપ્રધાન તરીકે ત્રીજી વખત શપથ લીધા બાદ મોદી જમ્મુ-કાશ્મીરની તેમની પ્રથમ મુલાકાતના ભાગરૂપે ગુરુવારે શ્રીનગર જશે. PM મોદી શુક્રવારે સવારે અહીં SKICC ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે મુખ્ય કાર્યક્રમનું નેતૃત્વ કરશે, આ પ્રસંગે ડ્રોનના સંચાલન પર પ્રતિબંધ અંગે, શ્રીનગર પોલીસે 'X' પર કહ્યું, 'ડ્રોન નિયમો, ૨૦૨૧ ના નિયમ ૨૪ (૨)ની જોગવાઈઓ અનુસાર શ્રીનગર શહેરમાં તાત્કાલિક અસરથી ડ્રોન અને ક્વોડકોપ્ટર ચલાવવા પર અસ્થાયી રૂપે પ્રતિબંધિત છે. 'રેડ ઝોન' જાહેર કરવામાં આવ્યો છે.પોલીસે જણાવ્યું હતું કે 'રેડ ઝોન'માં તમામ અનધિકૃત ડ્રોન ઓપરેશન્સને ડ્રોન નિયમોની જોગવાઈઓ અનુસાર સજા થઈ શકે છે. પોલીસે લોકોને પણ આ બાબતે સહકાર આપવા જણાવ્યું હતું. આ વર્ષે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું મુખ્ય સમારોહ ૨૧ જૂને શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર (SKICC) ખાતે યોજાશે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમનું નેતૃત્વ કરશે. તેઓ ૨૦ જૂને શ્રીનગર પહોંચશે અને બીજા દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કરશે. રિપોર્ટ અનુસાર, આ ઈવેન્ટમાં ઘણા ખેલાડીઓ સહિત સેંકડો લોકો ભાગ લે તેવી અપેક્ષા છે. અધિકારીઓએ જણાવ્યું કે સહભાગીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે અને તેમને વિવિધ 'આસનો'માં તાલીમ આપવામાં આવી રહી છે. PM મોદી શુક્રવારે સવારે અહીં SKICC ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે મુખ્ય કાર્યક્રમનું નેતૃત્વ કરશે. દરમિયાન, આયુષ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) પ્રતાપરાવ જાધવે જણાવ્યું હતું કે આ વર્ષની થીમ 'સ્વ અને સમાજ માટે યોગ' વ્યક્તિગત અને સામાજિક સુખાકારીને પ્રોત્સાહન આપવામાં યોગની ભૂમિકાને પ્રકાશિત કરે છે. જાધવે કહ્યું કે તે વ્યક્તિના પોતાના સુખાકારીની બહાર આંતરિક સ્વ અને બાહ્ય વિશ્વ વચ્ચે જોડાણને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકે છે. તેમણે એ પણ જાહેરાત કરી કે વડાપ્રધાને ગ્રામીણ વિસ્તારોમાં ગ્રામીણ વિસ્તારોમાં યોગના પ્રસારને અને ગ્રામીણ વિસ્તારની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે દરેક ગામના વડાને પત્ર લખ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે જમ્મુ-કાશ્મીરની તેમની બે દિવસીય મુલાકાતની શરૂઆત કરશે. તે ૨૦ અને ૨૧ જૂને કેન્દ્રશાસિત પ્રદેશની મુલાકાત લેશે, ૧૮૦૦ કરોડથી વધુના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ લોંચ કરશે અને શુક્રવારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૪ના કાર્યક્રમમાં ભાગ લેશે.

### MSPને લઈને મોદી સરકારની મોટી જાહેરાત


## કેન્દ્ર સરકારે ૧૪ પાક પર એમએસપીને મંજૂરી આપી

### ડાંગર, રાગી, બાજરી, જુવાર, મકાઈ-કપાસ સહિત ૧૪ ખરીફ સીઝનના પાક પર એમએસપીને મંજૂરી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે ૧૪ ખરીફ પાક માટે મિનિમમ સપોર્ટ પ્રાઈઝ (MSP) ને મંજૂરી આપી છે. સૂચના તથા પ્રસારણ મંતી અશ્વિની વૈષ્ણવે આ નિર્ણયની જાહેરાત કરતા કહ્યું- કેન્દ્રીય મંત્રીમંડળે ડાંગર, રાગી, બાજરી, જુવાર, મકાઈ અને કપાસ સહિત ૧૪ ખરીફ સીઝનના પાક પર એમએસપીને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું- પ્રધાનમંત્રી મોદીનો ત્રીજો કાર્યકાળ ખુબ મહત્વપૂર્ણ છે કારણ કે આ કિસાનોના કલ્યાણ માટે ઘણા નિર્ણયોના માધ્યમથી પરિવર્તનની સાથે સાતત્ય પર કેન્દ્રીત છે. તેમણે કહ્યું કે ખરીફ સીઝન શરૂ થઈ રહી છે. ખેડૂતોને પ્રાથમિકતા આપતા ૧૪ પાક પર એમએસપી કેબિનેટે મંજૂર કરી છે. એમએસપી ઓછામાં ઓછી ૧.૫ ગણી હોવી જોઈએ. ડાંગરની નવી એમએસપી રૂ. ૨૩૦૦ કરવામાં આવી છે, જેમાં રૂ. ૧૧૭નો વધારો થયો છે. ૨૦૧૩-૧૪ની કિંમત ૧૩૧૦ રૂપિયા હતી. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે કપાસ એમએસપી ૭૧૨૧ રૂપિયા, ૫૦૧ રૂપિયાનો વધારો થયો છે. ૨૦૧૩-૧૪માં તે ૩૭૦૦ રૂપિયા હતો. રાગી - ૪૨૯૦, મકાઈ - ૨૨૨૫ રૂપિયા, મગ - ૮૬૮૨, તુવેર - ૭૫૫૦, અડદ - ૭૪૦૦ સીંગતેલ - ૬૭૮૩ રૂપિયા. આ સાથે તેમણે કહ્યું કે બે લાખ ગોડાઉન બનાવવાનું કામ દેશભરમાં ચાલી રહ્યું છે. પ્રથમ બે ટર્મમાં ઈકોનોમીનો બેઝ બન્યો છે. હવે તેના પર ગ્રોથ સારો બન્યો છે. ખેડૂતો પર ફોકસ છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે પોર્ટ એન્ડ શિપિંગ સેન્ટર માટે નિર્ણય લેવામાં આવ્યો છે. પાલઘરના વધાવન પોર્ટ માટે ૭૬ હજાર ૨૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ છે. દેશની જેટલી ક્ષમતા છે તેની બરાબર માત્ર વધાવન પોર્ટ માટે તૈયારી કરવામાં આવશે. પોર્ટની ઊંડાઈ જેટલી વધારે છે, તેટલી જ તે વધુ મહત્વની છે. નેચરલ ડ્રાફ્ટ ૨૦ મીટર છે. જે ખુબ સારો છે. તેના ચિંતાનું સમાધાન લાવવામાં આવ્યું છે. આ પોર્ટથી ૧૨ લાખ રોજગારી ઉભી થશે. મેગા કન્ટેનર શિપ તેમાં આવશે. આ પોર્ટ તૈયાર થયા બાદ વિશ્વના ટોપ-૧૦ પોર્ટમાંથી એક હશે. મુંબઈથી તેનું અંતર ૧૫૦ કિલોમીટર છે. તેમણે આગળ જણાવ્યું કે ભારતમાં પ્રથમવાર ઓફ શોર વિન્ડ એનર્જીને આજે મંજૂરી મળી છે. ઘણા દેશ આ ટેક્નોલોજી પર આગળ વધી રહ્યાં છે. પ્રથમ પ્રોજેક્ટ ગુજરાતમાં લાગશે જે ૫૦૦ મેગાવોટનો અને બીજો પ્રોજેક્ટ ૫૦૦ મેગાવોટનો તમિલનાડુમાં લાગશે. ૭૪૫૩ કરોડ રૂપિયા તેનો ખર્ચ થશે. ગુજરાતમાં ૪.૫ રૂપિયાના ભાવથી વીજળી મળશે અને તમિલનાડુમાં ૪ રૂપિયાના ભાવથી વીજળી મળશે. સમુદ્રની અંદર કેબલ લાગશે અને તેને પોર્ટ પર લેન્ડ કરાવવા પડે છે. ૨ પોર્ટમાં લેન્ડિંગની વ્યવસ્થા કરવામાં આવશે.



નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી માઈકલ મેકકોલના નેતૃત્વમાં દ્વિપક્ષીય યુએસ કોંગ્રેસના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી.

## કોન્સ્ટેબલ રાજીનામું લઈને પહોંચ્યા હરદોઈ SP ઓફિસ

। (એજન્સી) હરદોઈ, તા.૨૦ ।

હરદોઈમાં ન્યાયિક સુરક્ષામાં તૈનાત એક કોન્સ્ટેબલે એસપી ઓફિસના પરિસરમાં હંગામો મચાવ્યો હતો. પોલીસ ઓફિસમાં આવેલી સીઓ સિટી ઓફિસના એક અધિકારી પર પણ લાંચ માંગવાનો આરોપ લગાવ્યો છે છે. જોકે, જવાબદાર અધિકારીઓ કોન્સ્ટેબલના આક્ષેપોને પાયાવિહોણા ગણાવી રહ્યા છે. કોર્ટની સુરક્ષામાં તૈનાત કોન્સ્ટેબલ છવી કુમાર ૨૦૧૯ની બેચના કોન્સ્ટેબલ છે. છવી કુમારે જણાવ્યું કે, તેને મધ્યપ્રદેશની એકલવ્ય કોલેજમાં લેક્ચરરની પોસ્ટ પર તેને તૈનાત કરવામાં આવશે. તેમણે ૧૪ જૂનના રોજ કોન્સ્ટેબલના પદ પરથી રાજીનામું આપી દીધું હતું અને જવાબદાર અધિકારીઓને આ અંગે જાણ કરી હતી. કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ ન થવાને કારણે તેમનું રાજીનામું હજુ સુધી સ્વીકારવામાં આવ્યું નથી. ત્રણ દિવસથી રાજીનામા લઈને ફરી રહ્યા છે પરંતુ કોઈ અધિકારી સહી કરવા તૈયાર નથી. કોન્સ્ટેબલે હેડ ક્લાર્કની ઓફિસ સામે જ હંગામો મચાવ્યો હતો. સીઓ સિટી ઓફિસમાં તૈનાત અધિકારીઓ સામે કોન્સ્ટેબલે લાંચ માંગવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.

## ગરમીને કારણે હજયાત્રીઓની હાલત દયનીય થઈ ગઇ હતી

। (એજન્સી) મક્કા, તા.૨૦ ।

સાઉદી અરબમાં તાજેતરના સમયગાળામાં મક્કા અને મદીના શરીફની હજયાત્રા માટે લાખો શ્રદ્ધાળુઓ દુનિયાભરમાં એકઠાં થયા છે. આ દરમિયાન ભીષણ ગરમીને કારણે હજયાત્રીઓની હાલત દયનીય થઈ ગઈ છે. માહિતી અનુસાર મક્કા શરીફમાં આ દરમિયાન કુલ ૫૫૦ જેટલાં હજયાત્રીઓ ભીષણ ગરમીને લીધે જ જીવ ગુમાવી ચૂક્યા હોવાનું સામે આવ્યું છે. સાઉદી અરબમાં હજયાત્રા દરમિયાન જીવ ગુમાવનારા લોકોમાં સૌથી વધુ ઈજિપ્તના ૩૨૩ લોકો સામેલ છે જ્યારે અન્ય ઘણાં દેશોના હજયાત્રીઓ પણ તેમાં સામેલ છે. આ તમામ યાત્રીઓના મૃત્યુ પાછળ ભીષણ ગરમી અને વધતાં તાપમાનને જવાબદાર ઠેરવાયું છે. અહેવાલ અનુસાર જોર્ડનના ઓછામાં ઓછા ૬૦ લોકો પણ આ ભીષણ ગરમીની લપેટમાં આવતા જીવ ગુમાવી ચૂક્યા છે.

## પ્રેમિકાની હત્યા કરતા પહેલા બોયફ્રેન્ડે કર્યો હતો મોટો કાંડ

### મહારાષ્ટ્રના વસઈમાં શુક્રવારે ખૂની રોહિતે ખુલ્લે આમ પ્રેમિકા આરતીના માથા પર પાના વડે ૧૮ વાર ઘા ઝીંક્યા હતા

। (એજન્સી) વસઈ, તા.૨૦ ।

મહારાષ્ટ્રના વસઈમાં એક યુવતીની જાહેરમાં હત્યા કરનાર હત્યારા રોહિત યાદવ વિશે મોટો ખુલાસો થયો છે. પ્રેમિકાની હત્યા કરતા પહેલા આરોપી રોહિત યાદવે પહેલા પણ આવા કાંડ કર્યા છે. હત્યા કરતા પહેલા તેણે ચોરી કરી હતી. હા, આરોપી રોહિતે આરતી યાદવની હત્યા કરવા માટે નટ-બોલ્ટ ટાઈટીંગ એટલે કે લોંખડના પાનાનો ઉપયોગ કર્યો હતો. આ પાનાની તેણે ચોરી કરી હતી. આરોપી જે દુકાનમાં કામ કરતો હતો ત્યાંથી ચોરી કરી હતી. વાત એમ છે કે, મહારાષ્ટ્રના



વસઈમાં શુક્રવારે રોહિત યાદવે તેની ગર્લફ્રેન્ડ આરતીના માથા પર રસ્તાની વચ્ચે 'લોખંડના પાના' વડે ૧૮ વાર માર્યો હતો. જેમાં યુવતીનું મોત થયું હતું. જ્યારે યુવકે ખુલ્લેઆમ યુવતી પર હુમલો કર્યો ત્યારે ત્યાં હાજર લોકો મૂક પ્રેક્ષક બનીને ઊભા હતા. તેમણે ક્રૂર હત્યારાને રોકવાની કોશિશ પણ ના કરી. આ કેસમાં નવી માહિતી સામે આવી છે કે ૧૭ જૂને આરોપી રોહિત યાદવે આરતી યાદવને ફોન કર્યો હતો. પરંતુ વાતચીત દરમિયાન તેણે ભૂલથી કોલ આવ્યો હોવાનું કહીને ડિસ્કનેક્ટ કરી દીધું હતું. ૧૭મી જૂને જ આરોપીઓએ દુકાનમાંથી પાનાની ચોરી કરી હતી આરોપી રોહિત યાદવે પોલીસ પૂછપરછ દરમિયાન ખુલાસો કર્યો હતો કે મૃતક આરતી યાદવનું તેની ઓફિસમાં કોઈ સાથે અફેર હતું. આરતી જ્યાં કામ કરતી હતી તે જ જગ્યાએ તેને અન્ય કોઈ સાથે અફેર હોવાની આશંકા હતી. આથી તેણે યુવતીની હત્યા કરવાનું મન બનાવી લીધું હતું. પોલીસ પૂછપરછ દરમિયાન રોહિત યાદવે જણાવ્યું કે તેણે યુવતીના પિતાને તેના અને આરતી યાદવ વચ્ચેના સંબંધોમાં ખટાશ અંગે જાણ કરી હતી. તેણે તેના પિતાને કહ્યું હતું કે આરતીને ઓફિસમાં કોઈની સાથે અફેર છે. તે પછી પણ આરતી તેની ઓફિસમાં કામ કરતી વ્યક્તિ સાથે વાત કરતી હતી. આ વાતથી આરોપી રોહિત એટલો ગુસ્સે થયો હતો કે તેણે યુવતીની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું. આ દરમિયાન તે હુમલો કરતો રહ્યો અને કહેતો રહ્યો. - તેં મારી સાથે આવું કેમ કર્યું?

### કોંગ્રેસ ધારાસભ્યનું બકરીઈદનું કૃત્ય, પાછળથી માંગી માફી

## બકરીઈદની શુભેચ્છા સંદેશમાં ધારાસભ્યે છાપી ગાયની તસવીર




### કુંબમ અનિલ કુમાર રેડ્ડીએ પાછળથી ભૂલ માટે માફી માંગી

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૦ ।


તેલંગાણામાં સત્તારૂઢ કોંગ્રેસના એક ધારાસભ્ય સોમવારે વિવાદમાં ફસાયા હતા જ્યારે તેમણે સોશિયલ મીડિયા પર બકરીઈદની શુભેચ્છા પાઠવતી વખતે ગાયની ગ્રાફિક તસવીર સામેલ કરી હતી. ભારતીય જનતા પાર્ટી (BJP)એ કોંગ્રેસના ધારાસભ્યના આ પગલા પર તીખી પ્રતિક્રિયા આપી છે. વિવાદ વધતા, કોંગ્રેસના ધારાસભ્ય કુંબમ અનિલ કુમાર રેડ્ડીએ પાછળથી "અજાણતા ભૂલ" માટે માફી માંગી. જો કે પોસ્ટને તમામ સંબંધિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે પોસ્ટરમાં બકરીની તસવીર હતી. અને તેને હવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવી છે. બીજેપી ધારાસભ્ય રાજા સિંહે રેડ્ડીને તેમની બકરીઈદની શુભેચ્છામાં ગાયની તસવીરનો ઉપયોગ કરવા સામે વાંધો ઉઠાવ્યો અને આરોપ લગાવ્યો કે જ્યાં પણ કોંગ્રેસની સરકાર બને છે ત્યાં હિન્દુઓનું અપમાન થાય છે. અનિલ કુમાર રેડ્ડીએ પાછળથી એક વીડિયો બહાર પાડીને કહ્યું કે તે 'રામ ભક્ત' છે અને હંમેશા પરંપરાઓનું પાલન કરે છે. તેમણે કહ્યું કે ભૂલની જાણ થતાં જ પોસ્ટરને હટાવી દેવામાં આવ્યું હતું. તેમણે કહ્યું, "જો કોઈને દુઃખ થયું હોય તો અમે તેના માટે માફી માંગીએ છીએ. હું રામ ભક્ત છું."બીજી તરફ, તેલંગાણાના મુખ્ય પ્રધાન એ રેવન્ત રેડ્ડીએ બકરીઈદ (ઈદ-ઉલ-અઝહા) તહેવાર નિમિત્તે મુસ્લિમ સમુદાયને શુભેચ્છા પાઠવી હતી. રેવન્ત રેડ્ડીએ ઈદ પર એક સંદેશમાં જણાવ્યું હતું કે બલિદાનનો આ તહેવાર ઈબ્રાહિમની તેના પુત્રનું બલિદાન આપવાની તૈયારીની વાર્તાની યાદ અપાવે છે જેમાં સર્વશક્તિમાન ભગવાન પ્રત્યે સમર્પણ અને ભક્તિના તીવ્ર કાર્ય પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે બકરીદનો તહેવાર અતૂટ ભક્તિ અને બલિદાનને દર્શાવે છે. આ તહેવાર જીવનમાં આવનારી સમસ્યાઓથી ન ડરવાનો અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખીને ધાર્મિક જીવન જીવવાનો પણ મહાન સંદેશ આપે છે. રેવન્ત રેડ્ડીએ કહ્યું કે બકરીદ એક એવો તહેવાર છે જે દાનનો સંદેશ પણ આપે છે.

## તંત્રી લેખ...

# સાઉથના દેશો વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને તણાવનો સૌથી વધુ શિકાર છે

ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધાના ચાર દિવસ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-સેવન દેશોની સમિટ બેઠકમાં ભાગ લેવા ઈટાલી પહોંચ્યા હતા. ઈટાલીના અપુલિયા ક્ષેત્રમાં સ્થિત ફાસાનોમાં યોજાયેલી જી-સેવન પરિષદમાં ભાગ લેવા માટે આમંત્રિત કરાયેલા ૧૨ દેશો અને પાંચ સંસ્થાઓમાં ભારત સામેલ હતું. એવું લાગે છે કે મોદીએ ત્યાં સાચી વાત કહી. તેમની મુલાકાત યુરોપિયન યુનિયનની ચૂંટણીના એક અઠવાડિયા પછી આવી છે, જે ભારત પછી બીજી મોટી ચૂંટણી કવાયત છે. જોકે ટૂંક સમયમાં અમેરિકા, ફ્રાન્સ અને યુનાઈટેડ કિંગડમ જેવા જી-સેવન દેશોમાં પણ ચૂંટણી યોજાશે. ચોક્કસપણે મોદીના ભાષણનો સૌથી મોટો ભાગ ભારતની ચૂંટણીના સંચાલનમાં સામેલ શક્તિશાળી વ્યવસ્થાઓ પર કેન્દ્રિત હતો. તેમણે ભારતીય ચૂંટણીઓને 'વિશ્વમાં લોકશાહીની સૌથી મોટી ઉજવણી' ગણાવી હતી. એનાથી ઈર્ષ્યા પામીને જ એલન મસ્કે પછીના દિવસે ઈવીએમ હેક થઈ શકે એવો તરંગ વહેતો મૂક્યો હતો. મોદીના ભાષણનો બીજો સૌથી મોટો ભાગ ટેક્નોલોજી પર કેન્દ્રિત હતો. તેમણે વિશ્વને વધુ ન્યાયપૂર્ણ, લોકશાહીયુક્ત બનાવવા અને ટેક્નોલોજીને વિનાશક બનાવવાને બદલે રચનાત્મક બનાવવા વિશે વાત કરી હતી. આટફિશિયલ ઈન્ટેલિજન્સ માટે ગ્લોબલ પાર્ટનરશિપના સ્થાપક સભ્ય અને વડા તરીકે, ટેક્નોલોજી ક્ષેત્રે એકાધિકારનો અંત લાવવા માટેની તેમની રજૂઆત વિશ્વભરની સરકારોની વર્તમાન વિચારધારા પર પડઘો પાડે છે - ખાસ કરીને યુરોપની સરકાર સાથે, કારણ કે તેઓ મોટી ટેક્નોલોજીકલ કંપનીઓની શક્તિને પડકાર આપે છે. ગ્રીન એજ અપનાવવાની મોદીની અપીલ એ બાબત પર પ્રકાશ પાડે છે કે દુનિયાના ધનવાન અને સૌથી વધુ બળવાન દેશ, ગરીબ દેશોમાં થતી આબોહવા પરિવર્તનની અસરોને ઘટાડવાનાં પગલાં લેવા માટે જરૂરી ફંડ આપી શકે. તેઓ એ ઉલ્લેખ કરવાનું ભૂલ્યા ન હતા કે ભારત સીઓપી હેઠળ તેમની પ્રતિબદ્ધતાઓને નિર્ધારિત સમય પહેલાં પૂર્ણ કરનાર પ્રથમ દેશોમાં સામેલ છે. કદાચ જી-સેવન દેશો માટે તેમનો સૌથી સીધો મેસેજ વૈશ્વિક વિકાસશીલ દેશો વિશે હતો, જેનું નેતૃત્વ ભારત કરવા ચાહે છે, કારણ કે તેણે ગયા વર્ષે નવી દિલ્હીમાં જી-ટ્વેન્ટી દેશોની બેઠકમાં આફ્રિકાને સભ્યપદ આપવાનું નક્કી કર્યું હતું. તેમણે સાચું કહ્યું કે ગ્લોબલ સાઉથના દેશો વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને તણાવનો સૌથી વધુ શિકાર છે. તેનો સંદર્ભ વાસ્તવમાં ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ તરફ હતો. જી-ટ્વેન્ટી સમિટ પછી, ભારત-અમેરિકા વચ્ચેના સંબંધોમાં તણાવ ઓછો થયો, પરંતુ યુએસ પ્રમુખ જો બાઈડન સાથે હાથ મિલાવ્યા સિવાય કોઈ ઔપચારિક બેઠક થઈ નથી. અધિકારીઓએ એમ કહીને સ્પષ્ટતા કરી કે તેઓ કેલેન્ડરનું સંકલન કરી શક્યા નથી. મોદીએ ભારતના છૂપા દુશ્મન કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો સાથે પણ હાથ મિલાવ્યા હતા.


## પોતાના ખોટા વ્યસન માટે ફોન ને દોષ ન આપો, શું તમે ફોન વગર ક્યાંય જવાનું વિચારી શકો?



ટેકનોલૉજી સતત વિકસી રહી છે અને મોબાઈલ ફોને આપણામાં ઘણું પરિવર્તન લાવી દીધું છે. ડગલેને પગલે આપણે ફોન પર આધાર રાખતા થઈ ગયા છીએ. મને ઘણી વખત નવાઈ લાગે છે કે માનવીએ કદી આ રીતે વાતચીત કરવાની ધારણા કરી હશે કે કેમ? હું આફ્રિકાના જંગલમાં રહીને ઉત્તર ધ્રુવ ઉપર કોઈ વ્યક્તિ સાથે વાતચીત કરી શકું છું, અને તેમનો ચહેરો જોઈ શકું છું! અને આની સાથે હવે સોશિયલ મીડિયા પણ આવી ગયું છે. તેના કારણે પરિસ્થિતિ ઘણી બદલાઈ રહી છે. અઢાર-ઓગણીસ વર્ષનાં કિશોરો સોશિયલ મિડિયામાં જ રચ્યા હોય છે. સોશિયલ મીડિયાના ઉપયોગની તેમને વધુ સારી ફાવટ છે. મારો જન્મ થયો, ત્યારે લૅન્ડલાઈન ફોનનો જમાનો હતો. આથી, ફેસટાઈમ હજી પણ મારા માટે નવો વિષય છે. મોબાઈલ ફોન ટેકનોલૉજી અને સોશિયલ મિડિયા વિષે તમે શું માનો છો? શું આ નવા પ્રકારની ઉત્ક્રાંતિ છે? પહેલા માણસ કંઈક અલગ હતો અને હવે સૅલફોન આપણો એક અંગ બની ગયો છે. આપણે જે મશીનોનું સર્જન કર્યું છે, તે કોઈ ન કોઈ રૂપમાં આપણી શારીરિક ક્ષમતાઓનો એક વિસ્તાર માત્ર છે. આપણે દૃષ્ટિની ક્ષમતા ધરાવીએ છીએ, તેથી આપણી પાસે ટૅલિસ્કોપ અને માઈક્રોસ્કોપ છે. આપણે બોલી શકીએ છીએ, તેથી આપણી પાસે માઈક્રોફોન અને ટૅલિફોન છે. તો જ્યારે આપણે લૅન્ડલાઈનથી વાત કરતાં હતાં, ત્યારે તે બરાબર હતું. હવે આપણી પાસે મોબાઈલ ફોન છે, જેમાં લૅન્ડલાઈન કરતાં વધારે ફાવટ આવે છે, પણ શું તે બરાબર નથી? ના, તે એકદમ બરાબર છે. તમારે જેને સાચવનાની છે એ તમારે વિવશતાઓ છે. ટૅકનોલોજી ભારે શક્તિશાળી રીતે આપણું જીવન સહેલું બનાવે છે - કોઈએ તે વિષે ફરિયાદ ન કરવી જોઈએ. લોકલ, એસટીડી, આઈએસડી ટેલિફોન બુથના મદદ થી કોલ થતાં હતા, ઍસટીડી, આઈઍસડી, પીસીઓનો જમાનો, આશરે ૩૫ વર્ષ પહેલાં, મારો મોટાભાગનો સમય રસ્તાઓ ઉપર પસાર થતો. ઈશા ફાઉન્ડેશનને પ્રસ્થાપિત કરવા માટે લગભગ આખા દેશમાં - એક ગામથી બીજે ગામ, એક શહેરથી બીજા શહેર; એ રીતે હું પ્રવાસ કરતો. ફક્ત અમુક જ દિવસોમાં હું ટૅલિફોનનો ઉપયોગ કરી શકતો. તમે તે ભયાનક વાદળી બૉક્સ - ટૅલિફોન બૂથ - લોકલ, ઍસટીડી, આઈઍસડી; તમે તે જોયાં છે કે નહીં તે હું નથી જાણતો. હાઈ-વે પર હું એ બ્લ્યુ બૉક્સ શોધતો અને એ દિવસ મારો ફોન કરવાનો દિવસ રહેતો. મારી પાસે કદી ટૅલિફોન બુક રહેતી નહીં. પરંતુ, મને આઠસોથી નવસો ટૅલિફોન નંબરો નામ સાથે આરામથી યાદ રહેતાં. ત્યાં પહોંચીને તરત જ ખિસ્સામાંથી પાંચ હજાર રૂપિયા કાઢીને હું બૂથવાળા માણસને આપતો. તેને કશું સમજાતું નહીં, એટલે હું તેને કહેતો, "આ રાખ. આ ડાઉન પેમેન્ટ છે."

### યોગને આઠ વિભાગમાં વહેંચી અને એકદમ સરળ બનાવ્યો, જેમ કે યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ

# ભગવાન પતંજલિ નો યોગ એટલે જોડ અને છોડ! આ બે પ્રક્રિયા વચ્ચે અદભૂત રમાતી રમત છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સર્વપ્રથમ તો યોગ એટલે શું? એવો કોઈ સવાલ થાય તો સીધાસાદા શબ્દોમાં કહીએ તો યોગ એટલે સતત વિષયી ઇન્દ્રિયોમાં પ્રવૃત્તિ રહેતા મનને, એ ભાવમાંથી મુક્ત કરી ઈશ્વર સાથે જોડવાની ક્રિયા. ઈશ્વર સાથે જોડ અને દેહ આસક્તિ છોડ, એટલે કે સમાધિ! જ્યાં સુધી માનવી પોતાની જાત સાથે જોડાતો નથી, ત્યાં સુધી તે સમાધિસ્થ પણ થઇ શકતો નથી.**

આજે ૨૧ જૂન અને આ દિવસને ઈન્ટરનેશનલ યોગ દિવસ તરીકે મનાવવામાં આવે છે. યોગ દિવસ પૂરા વિશ્વમાં હિન્દુ સંસ્કૃતિને ઉજાગર કરનારો દિવસ છે. આપણે ત્યાં ભોગ, રોગ, યોગ,જોગ સંજોગ સંયોગ એવાં પ્રાસમા આવતા શબ્દોનો ઘણો ઉપયોગ થાય છે. ભોગમાં તલ્લીન રહીએ તો રોગ થાય! ભોગ એ શરીરને સતત વિષય બનાવી રાખે છે. યોગ એટલે જે આપણામાં આત્મ તત્વરૂપે ઈશ્વર અંશ છે, એનું સકલ બ્રહ્માંડના પરમ ચૈતન્ય સ્વરૂપ પરમાત્મા સાથે જોડાણ કરવું એવો અર્થ થાય. પણ દિવસેને દિવસે વધતી જતી ભોગની ભરમાર આપણને યોગ તરફ દ્રષ્ટિ કરવા દેતી નથી, પણ ભોગનાં અતિરેકને કારણે રોગમાં શરીર જકડાય ત્યારે પસ્તાવો થાય છે! માટે એ પસ્તાવાનો શિકાર બનીએ એ પહેલા આપણે યોગ વિશે થોડું જાણી અને યોગ રુપે જે કંઈ થાય એ કરીએ. યોગ એ આપણી મૂળ સંસ્કૃતિ છે, અને દરેક માનવીએ એ રીતે જીવવું જોઈએ! ઈશ્વરની અનુભૂતિ કરવી, એ દરેક માનવીનું મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ, અને એ લક્ષ્ય યોગ દ્વારા સિદ્ધ થઈ શકે છે. ભગવાન પતંજલિએ યોગને જગ પ્રસિદ્ધ કર્યો, અને ઋષિમુનીઓ જે પ્રાપ્ત કરી શકતાં હતાં, એ આમ આદમી પણ પ્રાપ્ત કરી શકે, એટલો સહેલો બનાવ્યો. એમણે યોગને આઠ વિભાગમાં વહેંચી અને એકદમ સરળ બનાવ્યો. જેમ કે યમ,નિયમ,આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ. સર્વપ્રથમ તો યોગ એટલે શું? એવો કોઈ સવાલ થાય તો સીધાસાદા શબ્દોમાં કહીએ તો યોગ એટલે સતત વિષયી ઈન્દ્રિયોમાં પ્રવૃત્તિ રહેતા મનને, એ ભાવમાંથી મુક્ત કરી ઈશ્વર સાથે જોડવાની ક્રિયા. ઈશ્વર સાથે જોડ અને દેહ આસક્તિ છોડ, એટલે કે સમાધિ! જ્યાં સુધી માનવી પોતાની જાત સાથે જોડાતો નથી, ત્યાં સુધી તે સમાધિસ્થ પણ થઈ શકતો નથી. એટલે કે પહેલા પોતાપણું સિદ્ધ કરવું, અને પછી એ પ્રાણતત્વને દેહથી અલિપ્ત કરવું, આ ક્રિયાને યોગ કહેવામાં આવે છે, જોકે યોગ એ ફક્ત વ્યાયામ નથી, એનાથી ગંભીર રોગને મટાડી શકાય છે, અસ્થમા, બી.પી, ડાયાબિટીસ, તેમજ હાઈ કોલેસ્ટ્રોલ, જેવી અત્યંત ગંભીર બીમારીમાં પણ યોગથી ફાયદા થાય છે. આધુનિક જીવનની સૌથી મોટી બીમારી એટલે કે માનસિક તણાવમાં પણ બહુ મોટો ફાયદો થાય છે, યોગ સાધનાને બે ભાગમાં વહેંચવામાં આવે છે, એક બાહ્ય યોગ અને બીજું આંતરિક યોગ. સંપૂર્ણ યોગ સાધના એટલે કે અષ્ટાંગ યોગની આપણે ત્યાં વાત કરવામાં આવી છે બાહ્ય યોગમાં પાંચ અવયવ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર. સામાન્ય રીતે યોગને નામે આ ૫ વસ્તુઓ થતી વધુ જોવા મળે છે, કે જેનાથી શારીરિક સ્વાસ્થ્ય બનાવી શકાય, પણ તેનાથી અંતર શુદ્ધી શક્ય નથી, કે આત્મ જાગૃતિ આવી શકતી નથી, આત્મ દીપ પ્રજ્વલિત થઈ શકતો નથી, તેમજ આત્મા સ્વરૂપે જે પરમાત્મા બિરાજમાન છે, તેની પ્રતીતિ થતી નથી. પરંતુ શરૂઆત ત્યાંથી જ થાય છે, એ સત્યને પણ સ્વીકારવું પડે. યમને પાંચ ભાગમાં વહેંચવામાં આવે છે - ૧. સત્ય, ૨. અહિંસા, ૩. અસ્તેય, ૪. અપરિગ્રહ અને ૫. બ્રહ્મચર્ય. અને યોગ કરનારે સીધાસાદા સમજી શકાય એવા આ પાંચે નિયમને જીવનમાં મહત્વ આપીને જીવન જીવવું જોઈએ. આ પાંચેયને પૂર્ણપણે સંસારીઓ અનુસરી શકે છે. નિયમના પણ પાંચ ભાગ છે, ૧. શૌચ, ૨. સંતોષ , ૩. તપસ, ૪.સ્વાધ્યાય અને ૫. ઈશ્વરપ્રણિધાન. શૌચ ક્રિયા દ્વારા શરીરશુદ્ધિ કરી, અને આ યોગ સાધના કરવી, આંતરિક રીતે આંતરડામાં રહેલા વાત પિત્ત અને કફનાં સંતુલન પર યોગનો મુખ્ય આધાર હોવાથી, તેને મુખ્ય ક્રિયા તરીકે ગણવામાં આવે છે. શારીરિક અને માનસિક રોગ મુક્ત સંતોષનો અનુભવ કરાવી શકે, એટલે એ રીતે પણ તેનું મહત્ત્વ દર્શાવ્યું છે. આપણે ત્યાં આસનો ખૂબ પ્રચલિત છે,અને આપણે સૌ આસનથી અને તેના લાભથી પરિચિત પણ છીએ. આજે આસનો એટલા માટે પ્રચલિત થયા છે કે, તેના અભ્યાસ દ્વારા લાંબો સમય નોરોગી જીવન જીવી શકાય છે, અને તેના નિત્ય અભ્યાસ થી ઉંમર દેખાતી નથી. "આ ઉપરાંત આપણે ત્યાં ચોર્યાસી લાખ યોની બતાવી છે, તો એ દરેકને પણ એક આસન તરીકે યોગમાં સ્વીકારાયું છે, અને મૂળ રીતે તો આપણે લાંબો સમય જે આસનમાં બેસીને ધ્યાન ધારણા કરી શકીએ, તે આસન અપનાવવુ જોઈએ. સુખાસનમાં એટલે કે સીધી પલોઠીમાં લોકો સહજ રીતે બેસતા હોય છે, પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ પદ્માસનનો સહારો લેતા. બાહ્ય યોગનું ચોથું અંગ એટલે કે પ્રાણાયામ પણ ખુબ પ્રચલિત છે. પ્રાણાયામ એટલે પ્રાણોની કસરત. આમ તો પ્રાણાયામ એટલે શ્વાસનો વિનીમય એવો અર્થ કરતા હોય છે, પરંતુ પ્રાણ ઉર્જાની જેને સમજ પડતી હોય તેની પાસે જ પ્રાણાયામ શીખવા. કપાલ ભારતી, ભસ્ત્રીકા, ભ્રામરી, અનુલોમ વિલોમ જેવા પ્રાણાયમ વધુ લોકપ્રિય છે. પ્રાણાયમનો સરળ નિયમ છે - શ્વાસને અંદર ખેંચવો- શ્વાસને ફેફસામાં રોકી રાખવો-ધીરે-ધીરે શ્વાસને બહાર કાઢવો. શરીરમાં સ્ફૂર્તિ, ચિત્તને એકાગ્ર અને મનને પ્રસન્ન રાખવા માટે પ્રાણાયામ અનિવાર્ય છે. કપાલભાતિ નામનો પ્રાણાયામ રોગ નિવારણ માટે ખૂબ જ પ્રચલિત છે, અને મેદસ્વીતા જેવી અત્યારની ગંભીર બીમારીમાં ખૂબ સારો ફાયદો આપે છે. જ્યારે અનુલોમ વિલોમથી સૂર્ય અને ચંદ્ર બંને નાડી પ્રભાવિત થતી હોવાથી, ડાબુ અને જમણું બંને મગજ એક સાથે સક્રિય થતાં, આખા શરીરમાં પ્રાણ શક્તિનું વહન સહજ થાય છે, અને એને કારણે ચેતનાનો અનુભવ કરાવે છે. આપણે ત્યાં ૭૨,૦૦૦ નાડીના શુદ્ધિકરણની વાત પ્રાણાયમથી શક્ય બને છે. પ્રત્યાહારનો અર્થ સામાન્ય રીતે પ્રતિક્રમણ જેવો થાય, એટલે યોગસાધનામાં જે સ્થિતિ લીધી હોય, તેમાંથી મૂળ સ્થિતિમાં આવી જવું. એવો એક સામાન્ય અર્થ લોકો કરતાં હોય છે. પરંતુ કર્તાના ભાવમાંથી અકર્તાનાં ભાવમાં આવવું, તેને પ્રત્યાહાર કહેવામાં આવે છે. આ એક જ વાત જો ધ્યાનમાં રાખવામાં આવે કે, ઈશ્વર જ બધું કરે છે, હું તો નિમિત્ત માત્ર છું, તો મોટાભાગનાં અહમના પ્રશ્નો દૂર થતા, વગર ધ્યાન સમાધિએ ઈશ્વરનો થોડો ઘણો અનુભવ કરી શકાય. આંતરિક યોગના ત્રણ અવયવ એટલે કે ધારણા, ધ્યાન, અને સમાધિ, જે બાહ્ય રીતે જોઈ કે અનુભવી શકાતું નથી. પરંતુ યોગ સાચો હોય તો આ ત્રણ સ્થિતિ અતી મહત્વની છે, અને એને કારણે જ ઈશ્વરને આપણે જોઈ જાણી અને માણી શકીએ છીએ. ધારણા એટલે કે ઈશ્વર નામક પરમ શક્તિની છબી, મૂર્તિ, કે દીવાને આંતરિક રીતે ધ્યાન બિંદુ પર પ્રસ્થાપિત કરવું એવો થાય, એટલે કે ઈશ્વર નામની શક્તિની કોઈ એક ધારણા કરવાની અને એના દ્વારા ઈશ્વર સુધી પહોંચવાનું છે. ધ્યાન આમ જુઓ તો ધ્યાનમાં કંઈ જ કરવાનું હોતું નથી, પણ આ સમયે બીજું કંઈ નહીં એ ધ્યાનમાં રાખવાનું . ફક્ત જે આસન નક્કી કર્યું હોય તેમાં બેસીને ધારણા તરીકે જે સાધન સ્વીકાર્યું હોય એ જ ઈશ્વર છે, એવી સતત પ્રતિતી કરી, અને તેને જોતા રહેવાનું છે. ધીરે ધીરે જેની ધારણા કરી હશે તે જતું રહેશે, અને તેની જગ્યાએ અવનવી પ્રાકૃતિક સંજ્ઞા ઓ શરૂઆતના તબક્કામાં દેખાશે, પછી નિરાકાર બ્રહ્મની પરિકલ્પના થતાં વિસ્તૃત રીતે એક બ્રહ્માંડનો પરમ પારદર્શક પ્રકાશ રુપ ચૈતન્ય પ્રવાહની અદ્ભુત અને અવનવી અનુભૂતિઓ ધ્યાનનાં પ્રયોગ દરમિયાન કરાવશે. પરંતુ એની માટે હું પણું બિલકુલ ઝીરો થઈ જવું જોઈએ. ધ્યાન તો કલાક બે કલાક રાખી શકો, પરંતુ ૨૪ કલાક જે ધ્યાન રાખવા જેવી બાબતો છે, તેનું સંચાલન પ્રયત્ન વગર મગજ કરી શકે, અને એ મુજબનું જીવાય તો એ ધ્યાનનો ફાયદો છે. આ ઉપરાંત નિત્ય ધ્યાનની ધરા એટલે કે ધ્યાન કરવાના અભ્યાસને કારણે ઈશ્વર સ્વરૂપની પસંદગી કરી હોય એ આંખ બંધ કરતાં જ ધ્યાનની ધરા પર દેખાય તો એને નિત્ય ધયાન કહેવાય. સમાધિ બે પ્રકારની હોય છે એટલે કે એક અસંપ્રજ્ઞાત જે ચેતન વિહીન બેઠા હોઈએ એ રીતે કે જે આપણા શાસ્ત્રોમાં ઋષિમુનિઓ હજારો વર્ષ સુધી તપ કરતાને સમાધિમાં બેસતાં. શંકર સાથે પણ એ વાત જોડાયેલી છે, અને જીવતા પણ લોકો સમાધી લેતા હોય છે. જ્યારે બીજી સમાધિ એટલે કે સંપ્રજ્ઞાત જાગૃત રહીને પણ જે ચેતનાનો અનુભવ કરી શકે, એને પણ આપણે ત્યાં સમાધિ કહેવામાં આવે છે, ગીતામાં આ સમાધીનો ઉલ્લેખ કરી ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે ઉઠતા બેસતા સુતાં સતત મારું સ્મરણ કરે એ પણ એક સમાધી અવસ્થા છે. કુંડલિની જાગરણ કે શક્તિપાત કરી શકનાર સદગુરુ પાસે અષ્ટાંગ યોગના અવયવનો અભ્યાસ નિરંતર પાંચ કે છ વર્ષ સુધી કરવામાં આવે તો, આ યોગ વિદ્યા પ્રાપ્ત થાય છે, અને તે સાચા અર્થમાં યોગી કહેવાય છે. ભોગી જીવ આ પ્રકારનો યોગ તો ક્યાંથી સાધી શકે, પરંતુ રોગ ન થાય અને એમાં પણ ખાસ કરીને મનોવિકાર ન આવે એવું જીવન જીવી શકાય તો પણ ઘણું છે, એ માટે થઈને આંતરબાહ્ય શુદ્ધિ બુદ્ધિની જરૂર છે. આપણને સૌને વિષમ પરિસ્થિતિમાં સમ રાખી શકે, એવી સદ્‌બુદ્ધિ મળે તો પણ યોગ વિદ્યા સફળ થઈ કહેવાય.

### વડાપ્રધાન મોદીએ સંયુક્ત રાષ્ટ્રની સભામાં યોગ વિશે કહ્યું હતું કે, 'યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની વિશ્વને એક અમૂલ્ય ભેટ છે

# યોગએ માણસ-પ્રકૃતિ વચ્ચે સંવાદિતા; આરોગ્ય અને સુખાકારી માટે સાકલ્યવાદી અભિગમ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વૈશ્વિક સ્તરે યોગ અંગે લોકોની જાગૃતતા વધારવા ઘણી બધી પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે, જેમાં યોગ તાલીમ કેંદ્રો, યોગ સ્પર્ધાઓ અને ઘણી વધી અન્ય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. જેના દ્વારા લોકોને શારીરિક, માનસિક અને બૌદ્ધિક સ્વાસ્થ માટે યોગને રોજિંદા જીવનમાં અપનાવવા માટે અપીલ કરવામાં આવે છે.**

આજે એકવીસમી જુન -૨૦૨૪ને શુક્રવાર એટલે નવમો વિશ્ર્વ યોગ દિવસ. આપણા દેશના ઋષિ મુનિ ઓએ વિશ્વના દેશોને અચંબિત કરે તેવી આયુર્વેદ અને યોગની ભેટ આપી છે.તો આવો આજે આપણે જોઈએ.ભારતીય સંસ્કૃતિમાં યોગ અને આયુર્વેદ બન્ને લગભગ એક સાથે ચાલ્યા આવે છે. આયુર્વેદ એ ભારતીય ઉપચાર પધ્ધતિ છે. વર્તમાનસમયમાં કસરત,નિયમિત તા વગેરેને અન્ય આધુનિક ગણાતી ઉપચાર પદ્ધતિઓએ પણ અપનાવેલ છે,જે યોગ-આયુર્વેદથી શરીરમાં અન્યત્ર આડઅસરનો થાય વિના નીરોગી રહે છે. તેમ યોગથી વ્યક્તિ આજના તણાવ ગ્રસ્ત સમયમાં શારીરિક અને માનસિક શાંતિ મેળવી શકે છે, સમગ્ર વિશ્વને યોગની ભેટ આપ નાર બીજું કોઈ નહિ પણ આપણો ભારત દેશછે.યોગએ સંસ્કૃત શબ્દ છે. જેનો અર્થ જોડાણ કરવું કે એક કરવું થાય છે. યોગએ એક પ્રાચીન શારિરીક, માનસિકને આધ્યાત્મિક પ્રણાલી છે. યોગ એ શરીર અને આત્માના જોડાણનું પ્રતિક છે. યોગ એ આધ્યાત્મિક શિસ્ત છે. આજે યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રિયતા પણ દિન પ્રતિદિન વધી રહી છે. વડાપ્રધાન મોદીએ સંયુક્ત રાષ્ટ્રની સભામાં યોગ વિશે કહ્યું હતું કે, 'યોગ એ ભારતની પ્રાચીન પરંપરા ની વિશ્વને એક અમૂલ્ય ભેટ છે. યોગ એ મન અને શરીરની એકતા; વિચાર અને ક્રિયા; સંયમ અને પરિપૂર્ણતા; માણસ અને પ્રકૃતિ વચ્ચે સંવાદિતા; આરોગ્ય અને સુખાકારી માટે સાકલ્યવાદી અભિગમ છે. તે ફક્ત કસરત ન રહેતા આપણા અંતઃકરણથી વિશ્વ અને પ્રકૃતિ સાથે એકરૂપતા કેળવવાનું એક માધ્યમ છે. યોગ એ આપણી જીવનશૈલીમાં ફેરફાર લાવી જાગૃત્તતા ઉત્પન્ન કરશે. તે આપણને આબોહવા પરિવર્તન સાથે લડવામાં મદદ કરી શકે છે. તો ચાલો આપણે સૌ એક આંતર રાષ્ટ્રીય યોગ દિવસ અપનાવવા તરફ કાર્ય કરીએ. યોગ દિવસની ઉજવણીમાં સમગ્ર વિશ્વના ઘણા રાજનેતાઓ અને મોટી નામી હસ્તિઓએ સહકાર આપ્યો છે. વિશ્વના લગભગ ૧૭૦ દેશોના લોકો આ દિવસની ઉજવણી કરી છે જેમાં અમેરિકા, ચીન, જાપાન અને કેનેડા જેવા દેશોનો સમાવેશ થાય છે. વૈશ્વિક સ્તરે યોગ અંગે લોકોની જાગૃતતા વધારવા ઘણી બધી પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે, જેમાં યોગ તાલીમ કેંદ્રો, યોગ સ્પર્ધાઓ અને ઘણી વધી અન્ય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. જેના દ્વારા લોકોને શારીરિક, માનસિક અને બૌદ્ધિક સ્વાસ્થ માટે યોગને રોજિંદા જીવનમાં અપનાવવા માટે




અપીલ કરવામાં આવે છે. યોગ એ આપણા જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવી આપણા સુખી જીવનના સ્તરને સુધારવાનું કાર્ય કરે છે. યોગ એ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે. હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મમાં યોગને ધ્યાનાવસ્થા સાથે જોડવામાં આવેલ છે. આજથી નવ વર્ષ પહેલાં રાજપથ દિલ્હી ખાતે ૨૧મી જુન ૨૦૧૫માં યોગ દિવસની ઉજવણીની શરૂઆત આપણા દેશના શ્રેષ્ઠ વિશ્વ વિભૂતિ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરણા અને માર્ગ દર્શન થયેલ જેમાં ૩૫૯૮૪ લોકોએ ભાગ લીધો જે યોગના સૌથી મોટા સત્ર તરીકે એક વર્લ્ડ રેકોર્ડ છે. સાથે સાથે ચોર્યાસી દેશોના પ્રતિનિધિમંડળે પણ રાજપથ ખાતે એક સાથે આ દિવસની ઉજવણી કરી તે પણ એક વર્લ્ડ રેકોર્ડ છે. એમ બે વર્લ્ડ રેકોર્ડ થયેલ.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌ પ્રથમ સંયુક્ત રાષ્ટ્રની સભામાં યોગ વિશે ચર્ચા કરી હતી. ૨૧મી જૂનનો દિવસ એ ઉત્તરીય ગોળાર્ધમાં સૌથી લાબો દિવસ છે અને આ જ કારણે પ્રધાનમંત્રી મોદીએ ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ મનાવવા માટે સૂચન કર્યું. ત્યારબાદ, આ બાબતે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઠરાવ પસાર કરવામાં આવ્યો જેમાં દુનિયાના મોટા ભાગના દેશોએ સહમતિ દર્શાવી અને તા. ૨૧મી જૂન ૨૦૧૫થી એ વિશ્વ યોગ દિવસ તરીકે મનાવવાનું નક્કી થયું.યોગ અને આયુર્વેદ શરીરને નીરોગી રાખવા માટે છે.જે સરવાળે આપણને વધુ સ્વસ્થ અને ઉર્જા વાન બનાવે છે.યોગ શરૂઆતમાં કોઈ નિષ્ણાતના માર્ગ દર્શનમાં કરવા જોઈએ તથા સમય જતા તમારા શરીરની પ્રકૃતિ,કામનો પ્રકાર,કોઈ શારીરિક મર્યાદા હોય તો એ, ઉંમર વગેરે અનુસાર વ્યક્તિ જાતે પોતાની જરૂરીયાત અને રૂચી પ્રમાણેના આસનો કરી શકે છે. યમ શબ્દ સંયમ શબ્દ પરથી આવ્યો છે જેનો અર્થ થાય છે સંયમિત વર્તન. યમના પાંચ ભાગ છે.અહિંસા - મન, વચન અને કાર્યથી કોઈને નુકસાન ન કરવું. સત્ય - ભ્રમની દૂર સત્યનું જ્ઞાન, અસ્તેય - નકલ અથવા ચોરી ન કરવીબ્રહ્મચર્ય - ચેતનાને બ્રહ્મ તત્વ સાથે એકાકાર રાખવી, અપરિગ્રહ - સંગ્રહખોરી અથવા સંચય ન કરવો. પ્રાણાયામએ યોગના આઠ અંગોમાંથી એક છે જેમાં શ્વાસ લેવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. યોગના તમામ આઠ ભાગો મળીને અષ્ટાંગ યોગ કહેવાય છે. મનને કાબૂમાં રાખવું અને વૃત્તિઓથી મુક્ત થવું એ યોગ છે. સદીઓ પહેલા મહર્ષિ પતંજલિએ મુક્તિના આઠ દરવાજા વર્ણવ્યા, જેને આપણે 'અષ્ટાંગ યોગ' કહીએ છીએ. હાલમાં, આપણે અષ્ટાંગ યોગના માત્ર અમુક ભાગો જ જાણીએ છીએ જેમ કે આસનો, પ્રાણાયામ અને ધ્યાન.આજે તમને પતંજલિ યોગના આઠ અંગો વિશે માહિતી આપી રહ્યા છું. ઉદાહરણ તરીકે, આપણે ઊંઘ પહેલાં ઊંઘવાની તૈયારી કરીએ છીએ, પરંતુ આ તૈયારી ઊંઘની ગેરંટી નથી, તે અચાનક આવી જાય છે.સમાધિ શબ્દ સામ એટલે કે સમાનતા પરથી આવ્યો છે.યોગ યાજ્ઞવલ્ક્ય સંહિતામાં આત્મા અને પરમાત્મા વચ્ચેની સમાનતાની સ્થિતિને સમાધિ કહેવામાં આવી છે. મહર્ષિ પતંજલિ કહે છે કે જ્યારે યોગી તેના વાસ્તવિક સ્વરૂપ (સત્ ચિત્ આનંદ સ્વરૂપ) માં ડૂબી જાય છે,ત્યારે સાધકની તે સ્થિતિને સમાધિ કહેવામાં આવે છે. સમાધિ એ સંપૂર્ણ યૌગિક અવસ્થાનું સ્વરૂપ છે. નિયમોના પણ પ્રકાર છે.શૌચ - આંતરિક અને બાહ્ય સ્વચ્છતા સંતોષ - જે છે તે પૂરતું છે એમ સ્વીકારવું .તપ - સ્વયંને તપાવી અસત્યને બાળી નાખવું. સ્વાધ્યાય-આત્મા-પરમા ત્માને સમજવા માટે અભ્યાસ કરવો ઈશ્વર પ્રણિધાન-ભગવાન પ્રતિ સમર્પણ,અહંકારનો ત્યાગ. યોગનોએ પ્રકાર જે વર્તમાન સમય માં સૌથી વધુ પ્રખ્યાત છે તે આસન છે. આસન એ માત્ર શારીરિક કસરત નથી.મહર્ષિ પતંજલિએ તેના વિશે સમજાવતા કહ્યું હતું-સ્થિરમ્ સુખ મ્ આસન.શરીરની સ્થિરતા અને મનમાં આનંદ અને સહજતાએ જ આસન છે.જો તમનેઆ બે સ્થિતિ ઓ ન મળે,તો તમે આસનમાં નથી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે નવમો વિશ્ર્વ યોગ દિવસ છે. વિશ્ર્વ વિભૂતિ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી વાર વડા પ્રધાન તરીકે હેટ્રિક મારી છે ને આજે વિશ્વને યોગ કરાવશે જે આપણી વિશ્ર્વ સિદ્ધિ છે. સૌને આપણા જિલ્લામાં મા નડેશ્વરીના ધામ પાકિસ્તાનની બોર્ડરે રાજ્ય કક્ષાના વિશ્ર્વ યોગ દિવસની ઉજવણી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે. આજના દીવસે મુખ્યમંત્રીશ્રી ટાટ ટેટ પાસ શિક્ષિત બેકાર યુવા ભાઈ બહેનોને કાયમી શિક્ષક તરીકે ભરતી ઝડપી થાય તેવી જાહેરાત કરે તેવી આશા સહ વિશ્ર્વ યોગ દિવસની શુભેચ્છા પાઠવું છું. અસ્તુ.



# સુપરસ્ટાર એકે સાથે કામ કરે છે 'પંચાયતના નવા સચિવ'

## પંચાયતની ત્રીજી સીઝનમાં વિનોદ સૂર્યવંશી દ્વારા ભજવવામાં આવેલ નવા સચિવનો પ્રવેશ થયો

પંચાયત શ્રેણીની ત્રીજી સિઝનમાં એક નવા પાત્રનો પ્રવેશ થયો, જે નવા સચિવ હતા. રિયલ લાઈફમાં નવા સેક્રેટરીનું અસલી નામ વિનોદ સૂર્યવંશી છે. વાતચીતમાં અભિનેતા વિનોદે જણાવ્યું કે તે લગભગ ૧૦ વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યો છે. મુંબઈ શહેરમાં રહીને પણ અહીં તમારા સપના પૂરા કરવા સરળ નથી. તો નવા પંચાયત સચિવ શ્રેણીમાં કેવી રીતે પ્રવેશ્યા? હિટ સીરિઝમાં કામ કરવાથી કેવી રીતે બદલાઈ ગઈ તેની કરિયર, જાણો તેમના શબ્દોમાં. વિનોદે જણાવ્યું કે તેમને મેકર્સ તરફથી ફોન આવ્યો કે અમે પંચાયતમાં નવો રોલ લાવી રહ્યા છીએ. પાત્ર નાનું છે પણ તેજસ્વી છે. આ સાંભળીને હું કામ માટે રાજી થઈ ગયો પણ સૌથી અઘરી વાત બિહારી લહેરમાં વાત કરવી હતી. હું મહારાષ્ટ્રનો છું, તેથી હું મારા મિત્રોને જોઈને આવી વાત કરવાનું શીખ્યો છું. બીજા દિવસે હું ઓડિશનમાં ગયો અને રોલ મળ્યો. "સાચું કહું તો, મને ખૂબ મજા આવી રહી છે." લોકો સામેથી ઓળખી રહ્યા છે. અગાઉ મારે કહેવું હતું કે મેં આ સિરીઝમાં કામ કર્યું છે, મેં આવા અને આવા શો કર્યા છે. પરંતુ હવે દરેક તેને પોતાની રીતે ઓળખે છે. એક દિવસ હું મેટ્રોમાં મુસાફરી કરી રહ્યો હતો ત્યારે ઘણા લોકોએ મને ઘેરી લીધો. ગભરાઈને મેં જે કર્યું તેની માફી માંગવા લાગી. પછી મને ખબર પડી કે એ લોકો મારા ફેન છે. બધાએ મને ગળે લગાડ્યો અને મારા કામની પ્રશંસા કરી. આ બધું જોવું અને અનુભવવું ખૂબ જ સારું છે. "મુંબઈના ઉદ્યોગનો ભાગ બનતા પહેલા, તે સુરક્ષા ગાર્ડ તરીકે કામ કરતો હતો. જુનિયર કલાકારોની ઘણી જગ્યાએ જરૂર હતી. મારા મિત્રએ મને આ વિશે જાણ કરી. સિક્યુરિટી ગાર્ડની નોકરીમાં નાઈટ શિફ્ટ હતી. તેથી તે દિવસ દરમિયાન ગયો. હું જ્યારે સેટ પર જતો ત્યારે મને ત્યાંનું વાતાવરણ ગમતું હતું. બહુ કામ નહોતું અને અમને ખાવાનું પણ મળી ગયું. સિક્યોરિટી ગાર્ડની નોકરીમાં દર મહિને ૧૦,૦૦૦ રૂપિયા મળતા હતા. આવી સ્થિતિમાં ટકી રહેવું મુશ્કેલ હતું. જ્યારે મેં ટીવીમાં શરૂઆત કરી ત્યારે ત્રણ મહિનાની મહેનત પછી મને પહેલો રોલ મળ્યો. વિનોદ કહે છે કે જુનિયર આર્ટિસ્ટ તરીકે મારી પહેલી કમાણી માત્ર ૫૦૦ રૂપિયા હતી, ખાવાની સાથે. આજે આટલા વર્ષો કામ કર્યા પછી તેમાં વધારો થયો છે. મેં ૧૦૦ થી વધુ જાહેરાતો અથવા ૧૦ થી ૧૨ વેબ સિરીઝમાં કામ કર્યું છે. હવે જો હું રોજ એક રોલ માટે કામ કરીશ તો હું રોજના ૫૦,૦૦૦ રૂપિયા કમાવવાનું શરૂ કરીશ. હવે બેકઅપ પણ તૈયાર થઈ ગયું છે, ઓછામાં ઓછું જો મને રોલ ન ગમતો હોય તો હું નિર્દેશકને કહી શકું કે તે કામ કરી રહ્યો નથી. "ઉદ્યોગમાં ટાઈપ કાસ્ટની સમસ્યા છે. એક વખત મેં હવાલદારનો રોલ કર્યો હતો, તે પછી મને આવા જ રોલ આવવા લાગ્યા.

# 'ધ બ્લફ'ના સેટ પર પ્રિયંકાની ગરદન ઉપર થઈ ઈજા

## પ્રિયંકા ચોપરાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શૂટિંગનું એક તસવીર શેર કરી છે, જેણે બધાનું ધ્યાન ખેંચ્યું છે





પ્રિયંકા ચોપરા દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. અભિનેત્રી તેની પ્રોફેશનલ લાઈફની સાથે-સાથે તેની અંગત જિંદગીને લઈને પણ ઘણી ચર્ચામાં રહે છે. આ દિવસોમાં પીસી 'ધ બ્લફ'ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ દરમિયાન તેણે એક પોસ્ટ શેર કરી છે, જેના દ્વારા તેણે બધાને કહ્યું છે કે, તે ફિલ્મના સેટ પર ઘાયલ થઈ હતી. પ્રિયંકા ચોપરાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક તસવીર શેર કરી છે. જેણે બધાનું ધ્યાન ખેંચ્યું છે. તસવીરમાં જોઈ શકાય છે કે અભિનેત્રીના ગળા પર એક કટ દેખાય છે. પ્રિયંકાએ પોતે આ માહિતી બધા સાથે શેર કરી છે કે તેને 'ધ બ્લફ'ના સેટ પર આ ઈજા થઈ હતી. પીસી ફિલ્મ માટે એક સ્ટંટ શૂટ કરી રહી હતી અને તે દરમિયાન તેને ગરદન પર ઈજા થઈ હતી.પ્રિયંકાએ પોતાની ઈજાને લઈને તસવીર પર લખ્યું, "ઓહ, મારી નોકરીનું વ્યવસાયિક જોખમ." આ ફિલ્મ માટે ચાહકોમાં ભારે ઉત્તેજના છે. ફિલ્મના અપડેટ્સ પર નજર રાખો. પ્રિયંકા ચોપરાએ જૂનમાં ઓસ્ટ્રેલિયામાં ફિલ્મ ફ્રેન્ક ઈ. ફલાવર્સનું શૂટિંગ શરૂ કર્યું હતું. નિર્માતાઓને 'ધ બ્લફ' પાસેથી ઘણી આશાઓ છે. ૧૯મી સદીના કેરેબિયન પર આધારિત આ ફિલ્મ એક ભૂતપૂર્વ મહિલા ડાકુની સ્ટોરી કહે છે. જેને તેના પરિવારની સુરક્ષા માટે તેના ભૂતકાળનો સામનો કરવો પડે છે.રુસો બ્રધર્સના એજીબીઓ સ્ટુડિયો અને એમેઝોન એમજીએમ સ્ટુડિયો 'ધ બ્લફ'નું નિર્માણ કરી રહ્યા છે. પ્રિયંકા ચોપરા ઘણા સમયથી હિન્દી ફિલ્મોમાં જોવા મળી નથી. આવી સ્થિતિમાં હોલીવુડની ફિલ્મોની સાથે તેના ચાહકો તેને બોલિવૂડની ફિલ્મોમાં પણ જોવા માંગે છે. પ્રિયંકા ચોપરાના આગામી પ્રોજેક્ટ્સની યાદીમાં બોલિવૂડ ફિલ્મોના નામ પણ સામેલ છે.

# NEET 2024ના પરિણામોમાં કૌભાંડ વિવાદમાં મુનવ્વર ફારૂકીએ તપાસની માંગ કરી

મુનવર NEET UG 2024ના પરિણામોમાં થયેલી ગેરરીતિઓની તપાસની માંગ કરી છે. તેણે કહ્યું- મેં તેના વિશે વાંચ્યું અને તપાસ કરી કે સમસ્યા શું છે. પછી મેં જોયું કે એક જ કેન્દ્રના કેટલા વિદ્યાર્થીઓએ સમાન ગુણ મેળવ્યા હતા. પછી મને સમજાયું કે કંઈક ખોટું હતું. મુનવ્વરે આગળ કહ્યું- આ મામલાની યોગ્ય તપાસ થવી જોઈએ. આ વિદ્યાર્થીઓની માંગ છે અને દરેક વ્યક્તિની હોવી જોઈએ, કારણ કે આપણે બધા જાણીએ છીએ કે વાલીઓ દ્વારા શિક્ષણ આપવામાં કેટલા પૈસા અને મહેનત ખર્ચવામાં આવે છે. તેવી જ રીતે વિદ્યાર્થીઓ પણ મહેનત કરે છે. હું આશા રાખું છું કે સરકાર આ બાબત પર વહેલી તકે કામ કરે. મેં જે વાંચ્યું છે તે મુજબ આ બાબતની પણ તપાસ કરવામાં આવી રહી છે. મુનવ્વર ફારૂકી પછી, YouTuber અને બિગ બોસ OTT 2 વિજેતા એલ્વિશ યાદવને પણ દ્વઈઈ પરીક્ષા મુદ્દે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેને પૂછવામાં આવ્યું કે જો તે આટલા બધા વીડિયો બનાવે છે તો તે સરકારને શું કહેવા માંગશે? પરંતુ એલ્વિશ આ બાબતે પોતાનો અભિપ્રાય આપ વાનું ટાળતો હોય તેમ લાગતું હતું. તેણે હમણાં જ કહ્યું - તમે કહ્યું હતું કે હું વિડિઓ બનાવું છું, તેથી હું તેના પર વિડિઓ બનાવીશ અને પછી તમે લોકો તેને જોઈ શકશો. YouTuber અને Bigg Boss OTT ફેમ અભિષેક મલ્હાને પણ NEET UG પરીક્ષામાં થયેલી ગેરરીતિઓ અને વિદ્યાર્થીઓના ગુસ્સા પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. અભિષેકે કહ્યું- હું આ વાતને ખૂબ ફોલો કરતો હતો. મેં આને લગતી ઘણી પોસ્ટ પણ કરી હતી. પેપર લીક એ મોટી વાત છે. ઘણા લોકો ચોથી-પાંચમી વખત પેપર આપી રહ્યા હતા, જ્યારે તેમને ખબર પડી કે તેઓ આટલા વર્ષોથી મહેનત કરી રહ્યા છે, પરંતુ તેમની પરીક્ષા ક્લિયર નથી થઈ રહી. પરંતુ કેટલાક લોકો એવા છે જેમની પાસે એક દિવસ પહેલા પેપર આવી રહ્યા છે અથવા કોઈ પરીક્ષા કેન્દ્રમાં બેઠું છે, તેને જવાબો કહેવામાં આવી રહ્યા છે કારણ કે તેણે પૈસા ચૂકવ્યા છે. 'મને લાગે છે કે આ આપણા દેશ માટે ખૂબ જ ખરાબ અને ખોટી બાબત છે.

### શું સુનીલ શેટ્ટી તેમની સફળતાની ઈર્ષ્યા કરે છે?


# અક્ષય કુમાર-અજય દેવગન તેમની કારકિર્દીમાં આગળ વધી ગયા છે

## સુનીલએ બોલિવૂડ કલાકારો સાથેની સરખામણી વિશે વાત કરી





સુનીલ શેટ્ટી બોલિવૂડના શ્રેષ્ઠ એક્શન હીરોમાંથી એક છે. ઘણી નિરાશાઓનો સામનો કર્યા પછી ઈન્ડસ્ટ્રીમાં તેની શરૂઆત થઈ. સુનીલ એક આઉટસાઈડર હતો, જેને ફિલ્મી દુનિયાનો હિસ્સો બનવાની તક આકસ્મિક રીતે મળી. આ તે સમય હતો જ્યારે સુનીલની સાથે અક્ષય કુમાર અને અજય દેવગન જેવા કલાકારો પણ ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવી રહ્યા હતા. હવે સુનીલે એક ઈન્ટરવ્યુમાં અજય અને અક્ષયની સરખામણી વિશે વાત કરી છે. સુનીલ શેટ્ટીએ ભારતી સિંહ અને હર્ષ લિમ્બાચીયાના પોડકાસ્ટમાં તેની કારકિદી વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે તેને ઈન્ડસ્ટ્રી વિશે કોઈ જાણકારી અને તાલીમ નથી. આવી સ્થિતિમાં, તેણે સ્ક્રિપ્ટ કે વાર્તા સાંભળી ન હતી, કારણ કે તેને તે વિચિત્ર લાગતું હતું અને તે હસતો હતો. તે ફિલ્મને લગતી એક એક લાઈન સાંભળીને હા કહેતો હતો. આવી સ્થિતિમાં જ્યારે ફિલ્મો હિટ થઈ ત્યારે તેને વધુ કામ મળ્યું. આ ઈન્ટરવ્યુ દરમિયાન સુનીલ શેટ્ટીએ બોલિવૂડ કલાકારો સાથેની સરખામણી વિશે પણ વાત કરી હતી. અભિનેતાએ કહ્યું, 'તને ઈન્ડસ્ટ્રીમાં નિષ્ફળતાથી કોઈ રોકી શકશે નહીં. પરંતુ તમારે તેને કેવી રીતે હેન્ડલ કરવું તે જાણવું જોઈએ. એવા ઘણા લોકો છે જે કહે છે કે સુનીલ શેટ્ટી કોણ છે, તેને છોડી દો, તેની અગાઉની ફિલ્મ ખૂબ જ ખરાબ રીતે ફ્લોપ થઈ હતી. મીડિયા પણ આવશે અને પૂછશે કે જ્યારે અક્ષય કુમાર અને અજય દેવગન આટલું સારું કામ કરી રહ્યા છે ત્યારે તમને કેવું લાગે છે. હું કહું છું કે હું તેમના માટે ખુશ છું. તે લોકો મને આજે પણ આ રીતે ચાલુ રાખવા માટે પ્રેરણા આપે છે. મારે પણ ચાલુ રાખવું જોઈએ. હું ખરેખર ખુશ છું કારણ કે કોઈ એવી વ્યક્તિ છે જે મને પ્રેરણા આપી રહી છેપ આજે સની જો ગદર (૨) ની સફળતા પછી અમને લાગે છે કે અમે મજા કરી રહ્યા છીએ. અમારી પાસે પણ એવી ફિલ્મો છે જે આપણે હવે કરવી જોઈએ. આપણે તેમની પાસેથી શીખવું જોઈએ.



ચાલુ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં શ્રેષ્ઠ પ્રદર્શન ન હોવા છતાં, કોહલીની બ્રાન્ડ વેલ્યુમાં ઉછાળો જોવા મળ્યો છે

# બોલિવૂડ સ્ટાર્સને પછાડી વિરાટ કોહલી બન્યો મોસ્ટ વેલ્યુએબલ સેલિબ્રિટી

વિરાટ કોહલીની બ્રાંડ વેલ્યુમાં પ્રસિદ્ધ બોલીવુડ અભિનેત્રી અનુષ્કા શર્મા સાથેના લગ્નથી નોંધપાત્ર વધારો થયો છે. આ ભાગીદારીએ બ્રાન્ડનું માર્કેટિંગ અને આકર્ષણ વધાર્યું છે, જેના પરિણામે આકર્ષક જાહેરાતો અને લોકોની નજરમાં તેઓ આગળ પડતાં છે, જેનાથી કોહલીની એકંદર બ્રાન્ડ મૂલ્યમાં વધારો થયો છે. બોલિવૂડ અભિનેતા રણવીર સિંહે USD ૨૦૩.૧ મિલિયનની બ્રાન્ડ મૂલ્ય સાથે બીજું સ્થાન મેળવ્યું છે, જ્યારે અન્ય અગ્રણી અભિનેતા અને IPL ટીમના માલિક USD 120.7 મિલિયનની બ્રાન્ડ મૂલ્ય સાથે ત્રીજા સ્થાને છે. આ યાદીમાં દિગ્ગજ ક્રિકેટર એમએસ ધોની અને સચિન તેંડુલકર પણ સામેલ છે. ધોનીની બ્રાન્ડ વેલ્યુ US$95.8 મિલિયન છે, જ્યારે તેંડુલકર US$91.3 મિલિયન સાથે આઠમા સ્થાને છે. વિરાટ કોહલીની ઊંચી બ્રાન્ડ વેલ્યુ હોવા છતાં, T20 વર્લ્ડ કપમાં તેનું પ્રદર્શન તપાસ હેઠળ રહ્યું છે. યુએસએ સામે શૂન્ય રને આઉટ થતા પહેલા તેણે આયર્લેન્ડ અને પાકિસ્તાન સામે અનુક્રમે માત્ર ૧ અને ૪ રન બનાવ્યા હતા. ICC ટૂર્નામેન્ટમાં વિરાટ કોહલી પ્રથમ વખત રોહિત શર્મા સાથે ઓપનિંગ કરી રહ્યો હોવાથી, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જેમ જેમ ટુર્નામેન્ટ આગળ વધશે. ભારત T20 વર્લ્ડ કપ ૨૦૨૪ના સુપર ૮ તબક્કા માટે ક્વોલિફાય થઈ ગયું છે.

### શર્માજી કી બેટી ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું

# મહિલા જીવનનું સત્ય, આયુષ્માન ખુરાનાની પત્ની તાહિરા કશ્યપ લઈને એક આવી ફિલ્મ




આયુષ્માન ખુરાનાની પત્ની તાહિરા કશ્યપે ડાયરેક્શનની દુનિયામાં આવવાની તૈયારી કરી લીધી છે. તાહિરાએ મહિલાઓના બદલાતા જીવનને ઉજાગર કરતી ફિલ્મ બનાવી છે, જેનું નામ 'શર્મા જી કી બેટી' છે. આ ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં જ રિલીઝ થયું હતું મહિલાઓનું જીવન ઘણા ઉતાર-ચઢાવથી બનેલું હોય છે અને ફિલ્મ મેકર્સે તેના પર ઘણું સંશોધન કર્યું છે. વિવિધ પ્રકારની વાર્તાઓને નવા દોરમાં વણી લેવામાં આવી છે. કેટલીકવાર તે ખૂબ જ રસપ્રદ રીતે બહાર આવે છે. ક્યારેક તે નિરાશ પણ કરે છે. આ વખતે બોલિવૂડ એક્ટર આયુષ્માન ખુરાનાની પત્ની તાહિરા કશ્યપે આ પ્રયાસ કર્યો છે. તાહિરાએ મહિલાઓના બદલાતા જીવનને ઉજાગર કરતી ફિલ્મ બનાવી છે, જેનું નામ 'શર્મા જી કી બેટી' છે. આ ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં જ રિલીઝ થયું હતું. ટ્રેલર જુઓ, 'શર્માજી કી બેટી'ની વાર્તા ત્રણ મહિલાઓની આસપાસ ફરે છે. જેમાં સાક્ષી તંવર, દિવ્યા દત્તા અને સૈયામી ખેરનો સમાવેશ થાય છે. ત્રણેય, કોઈને કોઈ રીતે, તેમના જીવન અને અસ્તિત્વના બદલાતા સમયની શોધખોળ કરી રહ્યા છે. સાક્ષી એક મધ્યમ વર્ગની શિક્ષિકા છે, જે તેની કિશોરવયની પુત્રીમાં થઈ રહેલા ફેરફારોને સમજવામાં પણ અસમર્થ છે. જ્યારે દિવ્યા તેના પતિ સાથે પટિયાલાથી મુંબઈ શિફ્ટ થઈ ગઈ છે, પરંતુ તે ઝડપથી ચાલતી દુનિયાની સાથે તેના પતિના બદલાતા મૂડને સ્વીકારવામાં સક્ષમ નથી. ત્રીજી વ્યક્તિ છે સૈયામી જે એક ક્રિકેટર છે પરંતુ હજુ પણ પોતાની ઓળખ શોધવાનો પ્રયાસ કરી રહી છે. આ ઉતાર-ચઢાવ પછી આ ત્રણેયની જિંદગી કેવો નવો આકાર લેશે તે જોવું રસપ્રદ રહેશે. ટ્રેલર પેજ પર શેર કરવામાં આવ્યું હતું. આ જોઈને ફેન્સ ખૂબ જ ઉત્સાહિત થઈ ગયા છે.

# ફવાદ ખાન ૮ વર્ષ પછી પાછો ફર્યો તેની 'બરઝાખ' સિરીઝ આવશે






ભારતમાં પાકિસ્તાનના ફેવરિટ એક્ટર ફવાદ ખાનના ફેન્સ માટે એક ખૂબ જ રોમાંચક સમાચાર છે. તેની નવી સીરિઝ 'બરઝાખ' ટૂંક સમયમાં ભારત સહિત સમગ્ર વિશ્વમાં સ્ક્રીન પર આવવા જઈ રહી છે. ભલે તે થોડા સમય માટે હોય, ફવાદે બોલિવૂડની કેટલીક ફિલ્મોમાં ખૂબ કમાણી કરી હતી. ભારતીય ચાહકોને ઘણા વર્ષો પછી અભિનેતાને પડદા પર જોવાની તક મળી રહી છે. ફવાદ ખાને ફિલ્મ 'ખૂબસુરત'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ૨૦૧૪માં રિલીઝ થયેલી આ ફિલ્મમાં સોનમ કપૂર પણ તેની સાથે હતી. ફવાદના ચાર્મના દરેક લોકો દિવાના બની ગયા હતા. તેમને ફિલ્મફેર બેસ્ટ ડેબ્યુ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. આ પછી અભિનેતા કરણ જોહરની 'કપૂર એન્ડ સન્સ', 'એ દિલ હૈ મુશ્કિલ'માં જોવા મળ્યો હતો. અભિનેતાએ બીજી ઘણી ફિલ્મો પણ સાઈન કરી હતી, પરંતુ પાકિસ્તાની કલાકારો પર ભારતમાં કામ કરવા પર પ્રતિબંધ હતો અને તેને પાકિસ્તાન પરત ફરવું પડ્યું હતું. પરંતુ પ્રતિબંધના ૮ વર્ષ બાદ પણ ફવાદની ફેન ફોલોઈંગમાં કોઈ ઘટાડો થયો નથી. આજે પણ લોકો તેની ફિલ્મો જોવા માટે રાહ જુએ છે. ZEE5 પર આવી રહેલી ફવાદની બર્ઝાખ શ્રેણી વિશે વાત કરીએ તો, તે ૧૯ જુલાઈથી સ્ટ્રીમ કરવામાં આવશે.

# 'ગુલક' સીરીઝના અસલી અન્નુ, વૈભવ રાજ ગુપ્તાની રસપ્રદ કહાણી



મધ્યપ્રદેશના એક નાના શહેરમાં રહેતા એક મધ્યમ વર્ગના પરિવારની વાર્તા દર્શાવતી 'ગુલક' શ્રેણીથી દરેક વ્યક્તિ વાકેફ છે. શ્રેણીમાં મિશ્રા પરિવારની વાર્તાઓ, તેમનું દરેક પાત્ર લોકોના દિલમાં વસે છે. આવું જ એક પાત્ર આનંદ મિશ્રા ઉર્ફે અન્નુ ભૈયા છે, જે વૈભવ રાજ ગુપ્તાએ ભજવ્યું છે. હાલમાં જ તેની ત્રીજી સીઝન રીલિઝ થઈ હતી, જ્યાં અન્નુ ભૈયાએ ફરીથી ચાહકોનું દિલ જીતી લીધું હતું. શું તમે જાણો છો કે વૈભવ રાજ ગુપ્તા ગુલક ડિરેક્ટર અમૃત રાજ ગુપ્તાના મોટા ભાઈ છે. વૈભવ બિહારના સીતાપુરથી આવે છે. ગુલક પહેલા તેણે ઘણી ફિલ્મો કરી છે જેમાંથી તે 'નૂર' અને 'આશ્ચર્યાચકિત' માટે જાણીતી છે. પરંતુ અભિનેતાને તેની વાસ્તવિક ઓળખ તેના ભાઈ અમૃત રાજ ગુપ્તાની શ્રેણી 'ગુલક'થી મળી હતી. ડિજિટલ કોમેન્ટરીને આપેલા ઈન્ટરવ્યુમાં વૈભવે પોતાના જીવન સંઘર્ષ અને પ્રવાસ વિશે વાત કરી હતી. વૈભવે જણાવ્યું કે અભિનેતા બનવાનું તેમનું સપનું ક્યાંથી શરૂ થયું હતું. તેણે કહ્યું, 'મારે પ્રખ્યાત થવું હતું અને મારા પિતા શ્રી સમક્ષ મારી જાતને સાબિત કરવી હતી. એકવાર મને ખબર પડી કે સીતાપુર મહોત્સવ થઈ રહ્યો છે. હું ૮માં હતો. હું ગયો ત્યારે જોયું કે સ્ટેજ પર સુંદર છોકરા-છોકરીઓ હતા અને 'ચક દે'ની ટીમ આવી ગઈ હતી. કેટલાક કલાકારો પણ જજ કરવા આવ્યા હતા. રાજુ શ્રીવાસ્તવ પણ હતા. મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. હું દૂરથી જોઈ રહ્યો છું, લોકો તાળીઓ પાડી રહ્યા છે.

# ૫૨ વર્ષીય મહિલા કમરનું ઓપરેશન કરાયા બાદ આંખે અંધાપો આવી ગયો

### ડોક્ટરે કહ્યું હતું કે થોડા દિવસમાં સ્થિતિ સામાન્ય થઈ જશે આ વાતને પંદર દિવસથી વધારે દિવસ થઈ ગયા હોવા છતાં મહિલાને આંખે દેખાતું ન હતું

। (માહિતી) સુરત,તા.૨૦ ।

સુરતની પી. પી. માણીયા હોસ્પિટલ ફરી વિવાદમાં આવી છે ૫૨ વર્ષીય મહિલા કમરનું ઓપરેશન કરાયા બાદ આંખે અંધાપો આવી ગયો હતો ડોક્ટર દ્વારા એમ.આર.આઈ કરાયો તેમાં આંખમાં લોહી આવી ગયું હોવાનું નિદાન થયું હતું.

સુરતની પી. પી. માણીયા હોસ્પિટલ ફરી વિવાદમાં આવી છે ૫૨ વર્ષીય મહિલા કમરનું ઓપરેશન કરાયા બાદ આંખે અંધાપો આવી ગયો હતો ડોક્ટર દ્વારા એમ.આર.આઈ કરાયો તેમાં આંખમાં લોહી આવી ગયું હોવાનું નિદાન થયું હતું. પી. પી. માણીયા હોસ્પિટલના ડોક્ટરે કહ્યું હતું કે થોડા દિવસમાં સ્થિતિ સામાન્ય થઈ જશે આ વાતને પંદર દિવસથી વધારે દિવસ થઈ ગયા હોવા છતાં મહિલાને આંખે દેખાતું ન હતું. જેથી પરિવારજનો એક આકોદરા પોલીસ મથકમાં અરજી કરી હતી જો કે હજુ સુધી પોલીસ મથકમાંથી કોઈ પણ પ્રકારની ફ્રૈંઈનોંધવામાં આવી નથી. પરિવારની એક જ માંગ છે કે આંખોનું નિદાન કરી આપવામાં આવે અને મહિલાને સ્વસ્થ કરી આપવામાં આવે. વેલંજા-શેખપુર સુખ રેસીડેન્સી ખાતે રહેતા રવિન્દ્રભાઈ શ્યામજીભાઈ પાનસુરીયા હીરાના કારખાનામાં કામ કરે છે. તેમના ૫૨ વર્ષીય પત્ની ભાનુબેનને કમરના દુ:ખાવાની તકલીફ હોવાથી ડો. ઘનશ્યામ કાકડીયાની શાયોના હોસ્પિટલમાં બતાવ્યું હતું. જ્યાંથી ડોક્ટરે તેમને ૨ જૂને પી.પી. માણીયા હોસ્પિટલમાં દાખલ થવા કહ્યું હતું અને તા.૩ જૂને લાલ દરવાજાની સાયોના હોસ્પિટલના ડો. ઘનશ્યામ કાકડીયાએ તેમનું ઓપરેશન કર્યુ હતું. બાદ ભાનુબેનને બન્ને આંખે દેખાતું ન હોવાની પતિએ પોલીસને ફરિયાદ કરી લેખિત માં અરજી કરી હતી. જેથી રવિન્દ્રભાઈએ પી. પી. માણીયા હોસ્પિટલના ડોક્ટરને જાણ કરતા સોજો ઉતર્યા બાદ દેખાતુ થઈ જશે તેવું જણાવ્યું હતું. જોકે, ૧૫ દિવસથી વધુ દિવસ વીતી ગયા હોવા છતાં પણ તેમને આંખે દેખાતું થયું ન હતું અને ડોક્ટરે હવે આમા કઈ થઈ શકશે નહીં તમે રજા લઈ લો કહી હાથ ખંખેરી લેતા રવિન્દ્રભાઈએ કાપોદ્રા પોલીસમાં ડો. ઘનશ્યામ કાકડીયા સામે અરજી કરી કાર્યવાહીની માંગ કરી છે. મહત્વનું છે કે મહિલાને યોગ્ય દેખાતું ન હોવાથી પરિવારે મહિલાને યોગ્ય સારવાર આપવાની માંગ કરી હતી.

### વિદ્યાર્થી સંગઠનોએ ૪૮ કલાકનું અલ્ટિમેટ આપ્યું હતું

# MS યુનિ.માં પ્રવેશ આપવાની માંગ પર વિદ્યાર્થી સંગઠનો અડગ

। (માહિતી) વડોદરા,તા.૨૦ ।

વડોદરાની MS યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર વિજય શ્રીવાસ્તવે સ્થાનિક વિદ્યાર્થીઓ માટે ૧૪૦૦ બેઠક વધારવાનો નિર્ણય કર્યો હોવા છતાં વિવિધ વિદ્યાર્થી સંગઠનો તેને ફક્ત લોલી પોપ ગણાવી વિરોધ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની માંગ છે કે વડોદરાના તમામ વિદ્યાર્થીઓને કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ આપવામાં આવે. તેઓએ લોલી પોપની મોટી પ્રતિકૃતિ બનાવી હતી અને સત્તાધીશોને આપવામ આવ્યા હતા. જો કે તેઓ આમ કરે તે પહેલા પોલીસે બધાને રોકતા ઝપાઝપીના દ્રશ્યો જોવા મળ્યા હતા. પોલીસે વિદ્યાર્થીઓની લોલીપોપ છીનવી તોડી નાખી હતી. વિદ્યાર્થીઓ આ લોલીપાપ વીસી સરને આપવા માંગતા હતા. AGSUના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે અમે સ્થાનિક વિદ્યાર્થીઓ માટે આંદોલન કરી રહ્યા છીએ. ગઈકાલે કુલપતિના સ્ટેટમેન્ટમાં એવું બોલ્યા છે કે ૧૪૦૦ સીટનો વધારો કરવામાં આવ્યો છે, પરંતુ પહેલા દિવસથી એક જ માંગ છે. તમામે તમામ સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રવેશ મળવો જોઈએ. NSUIએ આજે હેડ ઓફિસ ખાતે વિરોધપ્રદર્શન કર્યું હતું. હેડ ઓફિસની બહાર મેઈન રોડ ચક્કાજામ કર્યો હતો. પોલીસે આંદોલન કરી રહેલા



પાંચથી વધુ કાર્યકરોની ટીંગાટોળી સાથે અટકાયત કરી હતી. વડોદરાના તમામ સ્થાનિક વિદ્યાર્થીઓને કોમર્સ ફેકલ્ટીના પ્રથમ વર્ષમાં પ્રવેશ મળવો જોઈએ એવી માગ કરી કુલપતિ 'હાય હાય'ના નારા લગાવ્યા હતા. NSUIના પ્રમુખ અમર વાઘેલાએ જણાવ્યું હતું કે અમારી માગણી છે કે વડોદરાના તમામ વિદ્યાર્થીઓનો એમ.એસ. યુનિવર્સીટમાં ભણવાનો હક છે. જ્યાં સુધી કોમર્સમાં તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં નહીં આવે ત્યાં સુધી અમે આંદોલન ચાલુ રાખીશું. આજે અમે ચક્કાજામ કરીને વિરોધ કર્યો છે. ગઈકાલે વિદ્યાર્થીઓ, પૂર્વ વિદ્યાર્થી, ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ વિશાળ રેલી કાઢી યુનિવર્સિટી હેડ ઓફિસ ખાતે પહોંચીને હલ્લાબોલ કર્યો હતો અને વીસી હાય હાયના નારા લગાવ્યા હતા. આ સમયે તમામ વિદ્યાર્થીઓ કાળા પોશાકમાં સજ્જ થઈને આવ્યા હતા.

## કેસરિયાજી દશામાં કોલેજ ઓફ નર્સિંગ ખાતે ઝાલોદ તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ સિકલસેલ દિવસની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

સમગ્ર દેશમા ૧૯ જૂનના રોજ સિકલસેલ દિવસ તરીકે ઉજવવામા આવેલ હતો . ત્યારે શ્રી કેશરીયાજી દશામાં કોલેજ ઓફ નર્સિંગ ખાતે પણ ઝાલોદ તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ સિકલસેલ એનીમિયા નિર્મૂલન મિશન અંતર્ગત ડૉ .જયદીપ વસૈયા (આયુષ મેડીકલ ઓફિસર - Phc : ધાવડીયા) ડૉ.પ્રિતેશ પટેલ ( Rbsk મેડીકલ ઓફિસર ઝાલોદ) દ્વારા સિકલ સેલ એનીમિયાની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તેમજ મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી અંકુર પટેલ દ્વારા સિકલસેલ એનિમિયાના લાભાર્થીઓને મળવાપાત્ર સહાય ની માહિત આપેલ હતી. સમગ્ર કાર્યક્રમની તાલુકા આરોગ્ય અધિકારી ડૉ . તુષાર ભાભોર દ્વારા આરોગ્ય વિભાગ અને ટ્રાઈબલ વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. તથા સર્વે વિદ્યાર્થિ તથા સ્ટાફ મીત્રોના સીકલસેલના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. કૉલેજના પ્રમુખ મુકેશભાઈ ડામોર તથા કૉલેજના પ્રિન્સીપાલ ટ્વિંકલબેન નીસરતા તેમજ સંસ્થાના અન્ય સ્ટાફ મિત્રોએ સિકલસેલ એનિમિયાના આનુવંશિક રોગને જળમૂળથી સમાપ્ત કરવા માટે સૌ પ્રથમ પોતે જાગૃત થઈ અને સામાન્ય લોકો તથા સિકલસેલ એનિમિયાના લાભાર્થીઓને સિકલસેલની માહિતી આપતા પોસ્ટર દ્વારા લોકોને સિકલસેલ એનિમિયાની વિસ્તૃત જાણકારી આપી માહિતગાર કરવા, સિકલસેલના ટેસ્ટિંગ, તેની લેવામાં આવતી સારવાર તેમજ લોકોમાં એના વિશે વધુમાં વધુ જાગૃતિ આવે અને સિકલસેલ એનિમિયા નિર્મુલન મિશનમાં પોતાનો સહયોગ આપશે એ વિશે વિસ્તૃત ચર્ચા કરેલ હતી..

# ચાકલીયા પોલીસે ૧૨૯૪૮૦ના વિદેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડયો




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલીસ સ્ટેશનના પીએસઆઈ.એસ.આઈ જે.કે.રાઠોડ તેમના પોલીસ સ્ટાફ સાથે ગેરકાનૂની પ્રવૃત્તિઓ કરનાર ઈસમો તેમજ બુટલેગરોને ઝડપી પાડવા માટે પેટ્રોલિંગમા હતા ત્યારે તેમને બાતમી મળેલ હતી કે અંકિત શશીકાંત હઠીલા ( પારેવા, ઝાલોદ ), દીલીપ કાળુ ભાભોર ( તળાવ ફળીયુ, રણીયાર ) મહિન્દ્રા કંપનીની એક્સ.યુ.વી ૩૦૦ યત્ન-૨૦-છઁૐ-૨૫૭૪ મા વિદેશી દારૂ જાવરા ( મધ્યપ્રદેશ) થી લઈ છાયણ-ગુલતોરા થઈ લીમડી તરફ આવવાનો છે તે બાતમીને આધારે ચાકલીયા પો.સ્ટેશનના પી.એસ.આઈ જે.કે.રાઠોડ દ્વારા ટાઢાગોળા ગામે નવા બની રહેલ કોરીડોરના રસ્તા પર વોચમા હતા ત્યારે બાતમી વાળું વાહન આવતા તેને રોકવાનો પ્રયત્ન કરતા ગાડીના ચાલક દ્વારા ગાડી ઉભી રાખેલ નહીં અને ગાડી હંકારી નાસી જવાની કોશિશ કરતા ગાડીનું ટાયર પંચર થઈ જતાં બે ઈસમો ઉતરી ભાગી જવાની કોશિશ કરતા દિલીપ કાળું ભાભોરને ઝડપી પાડવામાં આવેલ હતો અને બીજો ઈસમ નાસી છુટેલ હતો. ચાકલીયા પોલીસ દ્વારા ફોર વ્હીલર ગાડીની તલાસી લેતા તેમાંથી ઈંગ્લિશ દારૂની ૧૩ પેટી થઈ કુલ ૮૦૪ નંગ વિદેશી બોટલ જેની કુલ કિંમત ૧૨૯૪૮૦ અને ફોર વ્હીલર ગાડીની કિંમત ૨૦૦૦૦૦ થઈ કુલ ૩૨૯૪૮૦નો મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મળેલ હતી.

### અમારા વોર્ડ નંબર ૧માં વોર્ડ કચેરી બે મહિનાથી તૈયાર છે પરંતુ તેનું ઉદ્દ્ઘાટન થઈ રહ્યું નથી:કોર્પોરેટર પુષ્પાબેન વાઘેલા

# વડોદરામાં પાણીના મોરચામાં એક વ્યક્તિનું મોત થયું, કોંગ્રેસ મહિલા કોર્પોરેટરે ઉલ્લેખ કરતા હોબાળો

। (માહિતી) વડોદરા,તા.૨૦ ।

વડોદરા કોર્પોરેશનની સભામાં કોંગ્રેસના કોર્પોરેટર પુષ્પાબેન વાઘેલા રજૂઆત કરી હતી કે, અમારા વોર્ડ નંબર ૧માં વોર્ડ કચેરી બે મહિનાથી તૈયાર છે પરંતુ તેનું ઉદ્દ્ઘાટન થઈ રહ્યું નથી. આ મામલે મેં આચારસંહિતા લાગુ થાય તે અગાઉ મુખ્યમંત્રી વડોદરાની મુલાકાતે આવવાના હતા ત્યારે વિવિધ યોજનાઓના ઉદ્દ્ઘાટન સાથે વોર્ડ કચેરીનું ઉદ્દ્ઘાટનનું આયોજન કરી દેવું જોઈએ તેવી રજૂઆત કરી હતી અને ત્યારે થોડું જ કામ બાકી હતું પરંતુ તે સમયે તંત્રએ તેનું ઉદ્દ્ઘાટન ન કર્યું. જે પછી આચારસંહિતા અમલી થઈ અને આજે બે મહિનાથી કરોડોના ખર્ચે બનેલી અમારી વોર્ડ કચેરી તૈયાર છે તેમ છતાં અમારા વોર્ડના રેવન્યુ, સેનેટરી, એન્જિનિયરિંગ સહિતનો સ્ટાફ પતરાની નીચે ઓફિસમાં બેસીને કામ કરી રહ્યો છે. ભારે ગરમીમાં તેઓને હેરાન થવું પડે છે. તો હવે નવીન વોર્ડ કચેરી ક્યારે ખોલવામાં આવશે? એવું તેમણે પૂછ્યું હતું.ત્યારે સ્થાયી સમિતિ અધ્યક્ષ ડો.શીતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, વધુમાં વધુ બે મહિનામાં નવીન વોર્ડ કચેરી શરૂ કરી દેવામાં આવશે. ત્યારે મહિલા કોર્પોરેટરે જણાવ્યું કે, બે મહિના એટલો બધો સમય શા માટે હોય? તમારે જેના હાથે ઉદ્દ્ઘાટન કરાવી દેવું હોય તેના હાથે કરાવી દો અથવા મહિલા મેયરના હસ્તે તેમને ખુલ્લી મૂકી દો. જો તમે તેમ નહીં કરો તો અમે વોર્ડના ચારેય કોર્પોરેટર આગામી ૧૦ દિવસમાં જાતે વોર્ડ કચેરીનું ઉદ્દ્ઘાટન કરી દઈશું. દરમિયાનમાં પુષ્પાબેન વાઘેલા એ તેમના વિસ્તારમાં પીવાના પાણીની તકલીફ પડે છે તે અંગે રજૂઆત કરવાની સાથે સાથે તેમણે પાણીના મોરચા દરમ્યાન કોર્પોરેશનની કચેરીમાં વારસિયાના એક વ્યક્તિનું મોત નીપું હોવાનો ઉલ્લેખ કરતા ભાજપના મહિલા કોર્પોરેટરો ઉશ્કેરાયા હતા અને સામે વહીવટી તંત્રનો બચાવ કરતા જણાવ્યું કે તે વ્યક્તિ બીમાર હતો અને તેને અહીં રજૂઆત કરવા આવવાની કોઈ જરૂર નથી છતાં પણ તે આવ્યા હતા તેમને કોઈએ કીધું ન હતું કે તમે અહીં રજૂઆત કરવા આવો જેથી કોંગ્રેસ ભાજપના સભ્યો આમને સામને આવી ગયા હતા. તે વ્યક્તિ બીમાર હતો અને તેને અહીં રજૂઆત કરવા આવવાની કોઈ જરૂર નથી છતાં પણ તે આવ્યા હતા તેમને કોઈએ કીધું ન હતું કે તમે અહીં રજૂઆત કરવા આવો જેથી કોંગ્રેસ ભાજપના સભ્યો આમને સામને આવી ગયા હતા.

# સેવાલિયા ચેકપોસ્ટ પરથી બે પિસ્તોલ અને આઠ જીવતા કારતુસ સાથે શખ્સ ઝડપાયો

। (માહિતી) નડિયાદ,તા.૨૦ ।

બડવાણી મધ્યપ્રદેશથી અમદાવાદ તરફ જતી એક એસ.ટી.બસમાંથી સેવાલીયા પોલીસે ચેકપોસ્ટ પરથી બોટાદ જિલ્લાના બાબરકોટ ગામના એક ઈસમને દેશી પિસ્ટોલ નંગ-૨, તથા જીવતા કારતૂસ નંગ-૮ કિ.રૂા. ૫૪,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે આ ઉપરાંત એક મોબાઈલ ફોન રોકડ રૂા. ૩૦૦ આધારકાર્ડ, પાનાર્ડ મળી કુલ રૂા. ૫૯,૩૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર સેવાલીયા પો.સ્ટે.ના અ.હે.કો. રમેશભાઈ નાનસિંહ પોતાના સ્ટાફના જવાનો સાથે મહીસાગર નદીની જુની ચેકપોસ્ટ ઉપર ફરજ બજાવતા હતા. દરમ્યાન પોલીસને બાતમી મળેલ કે મધ્યપ્રદેશના બડવાણીથી અમદાવાદ તરફજતી એસ.ટી.બસ નં. જી.જે.૧૮.ઝેડ ૯૫૯૬માં એક ઈસમ ગેરકાયદે હથિયારની હેરાફેરી કરે છે. જે બાતમી આધારે પોલીસે ઉપરોક્ત બળ આવતા સાઈડમાં ઉભી રખાવી બસનું ચેકીં કરતા હતા. તે વખતે બાતમી વાળી વ્યક્તિ પોલીસને જોઈ ગભરાઈ ગયો હતો. પોલીસે તેની લેધરની બેગમાં તપાસ કરતા બે ભારતીય હાથ બનાવટની લોખંડની દેશીપિસ્ટોલ મળી આવી હતી. જ્યારે પેન્ટના ખીસ્સામાંથી જીવતા કારતુસ નંગ-૮ મળી આવ્યા હતા. પોલીસે આ ઈસમની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ મનસુખભાઈ શેક (તળફદા કોળી) ઉ.વ.૪૪ રહે. બાબરકોટ તા.જી.બોટાદ હોવાનું જણાવ્યું હતું. તેની બેગમાંથી પોલીસને બે પિસ્ટોલ મળી આવી હતી. જેની કિંમત રૂા.૫૦,૦૦૦ તથા ૮ જીવતા કારતૂસ કિ.રૂા. ૪ હજાર મળી કુલ રૂા. ૫૪,૦૦૦ નો મોતનો સામાન મળી આવ્યો હતો.

# NOC ન હોવાથી પ્રાદેશિક કચેરીમાં રિપોર્ટ કરાશે, મહેસાણાની ૧૫ સ્કૂલોમાં તપાસ ૧૪માં ફાયર સેફ્ટી NOCછે


। (માહિતી) મહેસાણા,તા.૨૦ ।

મહેસાણા ફાયર વિભાગની ટીમોએ શહેરની ફાયર NOC લેવાપાત્ર હોય તેવી ૧૫ સ્કૂલોમાં ફાયર સેફ્ટી અંગેની તપાસ હાથ ધરી હતી. જે પૈકી ૧૪ સ્કૂલોમાં ફાયર સેફ્ટી સુવિધા અને ફાયર વિભાગનું NOC હતું, જ્યારે એક સ્કૂલમાં NOC ન હોવાથી પ્રાદેશિક કચેરીમાં રિપોર્ટ કરાશે.રાજકોટમાં સર્જાયેલા અગ્નિકાંડ બાદ રાજ્યભરમાં ફાયર સેફ્ટી સહિતની સુવિધાઓની તપાસ હાથ ધરાઈ હતી. મહેસાણા પાલિકાની ફાયર શાખાની ટીમોએ હોસ્પિટલો, મોલ, ટ્યુશન ક્લાસીસ, હોટલ, રેસ્ટોરન્ટ, શોપિંગ કોમ્પલેક્સ વગેરેમાં તપાસ કર્યા બાદ હવે સ્કૂલો શરૂ થતાં સ્કૂલોમાં તપાસ કરી હતી. જેમાં



૯ મીટર કે તેથી વધુ ઉંચાઈની સ્કૂલો જેઓ NOC લેવા પાત્ર છે તેવી ૧૫ સ્કૂલોની તપાસ કરાઈ હતી. જેમાં ૧૪ સ્કૂલોમાં જરૂરી ફાયર સેફ્ટી સુવિધા જોવા મળી હતી અને તેમણે NOC પણ રજૂ કર્યા હતાં. જ્યારે મોઢેરા રોડ પરની એમ.બી.હાઈસ્કૂલમાં માત્ર ફાયર એસ્ટીંગ્યુશર લગાવેલાં હતાં.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિન્ક અંગે સાવચેત રહેજો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. તમારી કમાવવાની ક્ષમતા કઈ રીતે વધારવી તે માટેની જાણકારી તથા શક્તિ તમારામાં હશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા ભૂતકાળના સાહસમાં સફળતા આજે તમારા આત્મવિશ્વાસને વધારશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે। આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. પ્રિયપાત્ર સાથે બહાર જવાનો પ્રૉગ્રામ નિષ્ફળ જવાની શક્યતા છે.



**સિંહ (મ,ટ) :**

આજે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ। લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. અંગત બાબતો અંકુશ હેઠળ રહેશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે। આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે.



**તુલા (ર,ત) :**

આજે મોજ મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને થોડો હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા અનિશ્ચિત વર્તન છતાં જીવનસાથી સહકાર આપશે. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે. દિવસના ઉત્તરાર્ધમાં તમે આરામ મહેસૂસ કરશો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો। ધન ચોરી થવા ની શક્યતા છે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે. તમારા પ્રિયપાત્રનું. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ.



**મકર (ખ,જ) :**

આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. કેટલાક માટે લગ્નની શરણાઈના સૂર સંભળાય છે તો કેટલાકને રોમાન્? મળવાથી તેમનો જુસ્સો વધશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. રોમાન્સ આનંદદાયક તથા અત્યંત આકર્ષક રહેશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે.

નાટકમાં રામ-સીતાના અપમાનનો આરોપ

# IIT બોમ્બેએ વિદ્યાર્થી પર લગાવ્યો ૧.૨ લાખનો દંડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

IIT બોમ્બેએ કથિત રીતે રામાયણ પર વાંધાજનક નાટક રજૂ કરવા બદલ વિદ્યાર્થીઓ પર ભારે દંડ ફટકાર્યો છે. આ નાટક ૩૧ માર્ચના રોજ IIT બોમ્બેના વાર્ષિક આર્ટ ફેસ્ટિવલમાં રજૂ કરવામાં આવ્યું હતું.IIT બોમ્બેના વિદ્યાર્થીઓએ 'રાહોવન' નામના નાટકમાં ભાગ લીધો હતો. આ ડ્રામા અંગે કેટલીક ફરિયાદો મળી હતી. આરોપ છે કે વિદ્યાર્થીઓએ નાટકમાં રામ અને સીતાના પાત્રોને વાંધાજનક રીતે દર્શાવ્યા હતા. જોકે, નાટકને ટેકો આપતા વિદ્યાર્થીઓ કહે છે કે આ નાટક પ્રગતિશીલ હતું, જેની સૌએ પ્રશંસા કરી હતી.આ નાટકને લઈને થયેલી ફરિયાદોમાં કહેવાયું છે કે આનાથી આપણી સંસ્કૃતિ અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે. આ ફરિયાદો બાદ શિસ્ત સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં જે વિદ્યાર્થીઓ સામે ફરિયાદો કરવામાં આવી છે તેમને પણ બોલાવવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન, ઘણી વિચાર-વિમર્શ પછી, સમિતિએ કડક પગલાં લેવાનું નક્કી કર્યું. આ અંતર્ગત સિનિયર વિદ્યાર્થીઓ પર 1.2-1.2 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જુનિયર વિદ્યાર્થીઓ પર 40,000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેઓ હોસ્ટેલની સુવિધાથી પણ વંચિત હતા. કહેવામાં આવી રહ્યું છે કે આ કેસમાં સાત વિદ્યાર્થીઓને સજા કરવામાં આવી છે.

૨૧ જૂને આકાશમાં દેખાશે સ્ટ્રોબેરી મૂન

# ચંદ્રનો રંગ આછો લાલ અને આછો પીળો દેખાશે, જે લગભગ સ્ટ્રોબેરી જેવો દેખાશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

મહિને ૨૧ જૂને રાત દિવસ જેવી જોવા મળશે. ૨૧મી જૂને પૂર્ણિમા છે અને આ દિવસે ચંદ્ર તેની પૂર્ણ કાળમાં ખીલ્યો હશે. તેનો દૂધિયો પ્રકાશ એટલો તેજ હશે કે તમને એવું લાગશે કે જાણે તે દિવસ હોય. આ ઘટનાને સ્ટ્રોબેરી મૂન કહેવામાં આવે છે. ૨૧ જૂને પૂર્ણિમાના દિવસે, ચંદ્રનો રંગ આછો લાલ અને આછો પીળો દેખાશે, જે લગભગ સ્ટ્રોબેરી જેવો દેખાશે. આ દિવસે ચંદ્ર ખૂબ જ તેજસ્વી રહેશે અને રાત્રે પ્રકાશ ખૂબ જ તેજસ્વી રહેશે. ચંદ્ર સાથે સંબંધિત આ ખગોળીય ઘટનાને સ્ટ્રોબેરી મૂન કહેવામાં આવે છે. ચંદ્રનો આ નજારો ૨૦ થી ૨૨ જૂનની વચ્ચે જોવા મળશે. એટલે કે ગુરુવાર, શુક્રવાર અને શનિવાર ત્રણેય દિવસે ચંદ્ર સંપૂર્ણ ગોળ અને ખૂબ જ તેજસ્વી



દેખાશે. જ્યારે જૂન મહિનામાં અયનકાળ આવે છે ત્યારે સૂર્ય ઉત્તર ગોળાર્ધમાં વર્ષના તેના સર્વોચ્ચ સ્થાને હોય છે. આ વર્ષે, ૨૦ જૂન, સંક્રાંતિના દિવસે, સૂર્ય મધ્યાહ્ન સમયે તેના પ્રબળમાં રહેશે. આ ૫ છી, બીજા દિવસે પૂર્ણિમા વર્ષનો સૌથી નીચો બિંદુ બની જાય છે. અમેરિકન ખગોળશાસ્ત્રીઓએ તેને સ્ટ્રોબેરી મૂન નામ આપ્યું છે કારણ કે આ મહિનામાં જંગલી સ્ટ્રોબેરી પાકે છે અને ચંદ્રનો રંગ તેના જેવો જ હોય છે. અમેરિકન વૈજ્ઞાનિકોએ જૂન મહિનામાં આવતી પૂર્ણ ચંદ્રને બીજા ઘણા નામ આપ્યા છે. જૂનના પૂર્ણ ચંદ્રને બેરી પાકેલો ચંદ્ર, ગ્રીન કોર્ન મૂન અને હોટ મૂન પણ કહેવામાં આવે છે, પરંતુ તેમાંથી સૌથી વધુ લોકપ્રિય સ્ટ્રોબેરી મૂન છે. સેન્ટર ફોર નેટિવ અમેરિકન સ્ટડીઝ અનુસાર, ગ્રેટ લેક્સ પ્રદેશના સ્વદેશી લોકો અનિશિનાબેગ અથવા ઓજીબવે તરીકે ઓળખાય છે. ભારત સહિત સમગ્ર એશિયાઈ પ્રદેશમાં સ્ટ્રોબેરી મૂન જોવા માટેનો શ્રેષ્ઠ દિવસ શુક્રવાર હશે. આ દિવસે, સૂર્યાસ્ત પછી, ચંદ્ર ખૂબ તેજસ્વી પ્રકાશ સાથે પૂર્વમાંથી બહાર આવશે. ચંદ્ર ઉગવાનો સમય દેશ-દેશમાં બદલાઈ શકે છે. આ પછી, આગામી પૂર્ણિમા ૨૧મી જુલાઈએ આવશે જે જૂનના પૂર્ણ ચંદ્ર કરતાં ઓછી તેજસ્વી હશે.

મેગી પ્રત્યે ભારતીયોની દિવાનગી

# રૂ.૧૬ની મેગીએ કંપનીને કરાવી હજારો કરોડની કમાણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતમાં ઈન્સ્ટન્ટ નૂડલ્સ મેગી ખાવાના શોખીન લોકોની કોઈ કમી નથી, પછી તે બાળકો હોય, વૃદ્ધ હોય કે યુવાનો, ગામ હોય કે શહેર હોય કે પહાડી વિસ્તારો, ૨ મિનિટમાં તૈયાર થઈ જતી આ વાનગી દરેક જગ્યાએ સહેલાઈથી અને તે પણ નજીવી કિમતે મળી જાય છે. મેગી પ્રત્યે ભારતીયોની આ દિવાનગી વેચાણના આંકડાઓમાં પણ જોવા મળે છે અને તેનું ઉત્પાદન કરતી કંપ ની નેસ્લેની મેગી માટે ભારત વિશ્વનું સૌથી મોટું બજાર બની ગયું છે. એટલું જ નહીં, કંપનીએ ભારતમાં ૨ મિનિટ નૂડલ્સના વેચાણથી જંગી કમાણી કરી છે. મેગીના દિવાના ભારતીયો તેને બનાવનારી કંપનીએ ૧૫ મહિનામાં ૨૪૦૦૦ કરોડની કમાણી કરી. મેગીના વેચાણમાં નંબર-૧, ચોકલેટમાં બીજો મોટો ખેલાડી, નેસ્લે ઈન્ડિયાએ તેનો વાર્ષિક અહેવાલ જાહેર કર્યો અને માહિતી શેર કરી કે ભારત કંપનીના ઈન્સ્ટન્ટ નૂડલ્સ અને સૂપ બ્રાન્ડ મેગી માટે વૈશ્વિક સ્તરે સૌથી મોટા બજાર તરીકે ઉભરી આવ્યું છે.

કંપનીની ચોકલેટ બ્રાન્ડ કિટકેટ માટે આ વિશ્વનું બીજું સૌથી મોટું બજાર બની ગયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કંપનીના વાર્ષિક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે નવા ઈનોવેશન્સ અને મોટા ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક સાથે બિઝનેસને આગળ વધારવામાં મદદ મળી છે.ગયા વર્ષે મેગીના ૬ બિલિયન સર્વિંગનું વેચાણ થયું હતું. એક અહેવાલ મુજબ સ્વિસ મલ્ટીનેશનલ કંપની નેસ્લેના ઈન્ડિયા યુનિટે ઉત્તમ વેચાણ નોંધાવ્યું છે.

એવું કહેવામાં આવ્યું હતું કે ઈન્સ્ટન્ટ નૂડલ્સ અને ખાવા માટે તૈયાર વાનગીઓ માટે જાણીતી કંપનીએ ગયા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં એકલા ભારતમાં જ મેગીની ૬ બિલિયનથી વધુ સર્વિંગ્સ વેચી છે, જે અન્ય કોઈપણ મેગીના વેચાણ કરતાં વધુ છે. કંપનીએ આ સમયગાળા દરમિયાન કિટકેટ ચોકલેટની ૪.૨ બિલિયન પેકેટ વેચી છે અને આ બ્રાન્ડના વેચાણમાં કંપની માટે બીજું સૌથી મોટું બજાર બની ગયું છે.

પાછલા વર્ષોમાં પ્રતિબંધનો સામનો કર્યો, છત્તા હવે અનેક ગણી કમાણી કરી. નોંધનીય છે કે મેગી ભારતમાં તેના સંભવિત સ્વાસ્થ્ય જોખમોને લઈને સમય સમય પર ચર્ચાનો વિષય બની છે. તેને ૨૦૧૫માં પણ પાંચ મહિનાના પ્રતિબંધનો સામનો કરવો પડ્યો હતો. જો કે, ભારતમાં તેના સ્વાદના ચાહકોની કોઈ કમી નથી. કંપનીના ઉત્પાદનોના વેચાણમાં મજબૂત વધારાને કારણે, નેસ્લે ઈન્ડિયાએ ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીના છેલ્લા ૧૫ મહિનામાં રૂ. ૨૪,૨૭૫.૫ કરોડનું વેચાણ નોંધાવ્યું છે.

શેરોએ ૫ વર્ષમાં તેમના નાણાં બમણા કર્યાએક તરફ નેસ્લેની પ્રોડક્ટ્સ મેગી અને કિટકેટનો ક્રેઝ વધ્યો છે તો જબરદસ્ત વેચાણના આંકડાની અસર પણ કંપનીના શેર પર જોવા મળી રહી છે. નેસ્લે શેરમાં રોકાણ કરનારા રોકાણકારોની રકમ પાંચ વર્ષમાં બમણી થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન, કંપનીના શેરે રોકાણકારોને ૧૧૯.૮૧ ટકા વળતર આપ્યું છે.

# હેલ્પલાઇનની મદદ લેવા ગયો અને બેંક ખાતામાંથી જ પૈસા ચોરાઈ ગયા

। (એજન્સી) કાનપુર,તા.૨૦ ।

ભારત દેશ ડિજિટલ ઈન્ડિયા તરફ હરણફાળ ગતિ ભરી રહ્યો છે. ટેક્નોલોજીના કારણે જીવન જેટલું સરળ બન્યું છે તેટલી જ મુશ્કેલીઓ પણ વધી રહી છે. આજકાલ મોટાભાગની સમસ્યાઓ સાયબર ફ્રોડના રૂપમાં આવી રહી છે. જાગૃતિ હોવા છતાં સાયબર ફ્રોડના ગઠિયાઓ દરરોજ લોકોના બેંક ખાતા ખાલી કરવા માટે નવી રીતો ઘડી રહ્યાં છે. આજ પ્રકારના એક નવા ષડયંત્રનો પર્દાફાશ યુપીના કાનપુરમાં થયો છે. આ નવી પેટર્નમાં હેલ્પલાઈનની મદદ લેવી જ એક વ્યક્તિને મોંઘી સાબિત થઈ છે.



કાનપુરના રહેવાસી જયદીપ વર્મા તેના એક પરિચિતને પૈસા ટ્રાન્સફર કરી રહ્યાં હતા. ભૂલથી આ પૈસા બીજે ટ્રાન્સફર થઈ ગયા. આ મામલે મદદ લેવા અને ફરિયાદ નોંધાવવા માટે તેણે ગૂગલ પર બેંકનો હેલ્પ લાઈન નંબર સર્ચ કર્યો અને નંબર ડાયલ કર્યો અને ખોટા ટ્રાન્ઝેક્શનની ફરિયાદ કરી. જોકે આ ફરિયાદ બાદ જે ઘટનાક્રમ બન્યો તેણે જયદીપ જ નહિ તપાસ એજન્સીઓને પણ હચમચાવી દીધી છે.હેલ્પલાઈન નંબર પર સામે વાત કરી રહેલા વ્યક્તિએ જયદીપ વર્માને એક એપ ડાઉનલોડ કરવા માટે કહ્યું. આ એપ ડાઉનલોડ કરીને બેંકની માહિતી ઉમેરતા જ જયદીપના બેંક ખાતામાંથી સાયબર ચાંચિયાએ ૧,૭૫,૨૦૦ રૂપિયા ઉપાડી લીધા. આ પૈસા ઉપાડવાનો મેસેજ આવ્યો ત્યારે જયદીપને ખબર પડી કે આ તો એક નકલી હેલ્પલાઈન નંબર છે અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શનની ફરિયાદ કરવા જતા ઉલમાંથી ચૂલમાં પડ્યા અને સાયબર ફ્રોડ થયો છે.

જોકે આ ઘટનાક્રમ બાદ જયદીપે તરત જ સાયબર સેલનો સંપર્ક કર્યો. ડીસીપી ક્રાઈમ અને સાયબર ક્રાઈમ આશિષ શ્રીવાસ્તવે જણાવ્યું કે ફરિયાદ મળતાં જ સાયબર ટીમ એક્શનમાં આવી અને ફ્રોડ ટ્રાન્ઝેકશનને ફ્રીઝ કર્યા બાદ પીડિતાને પૈસા પરત અપાવ્યા છે.

ડીસીપી આશિષ શ્રીવાસ્તવે કહ્યું કે લોકોએ ખૂબ કાળજી રાખવાની જરૂર છે અને કોઈ પણ સંજોગોમાં તેમની બેંકની માહિતી કોઈની સાથે શેર કરવી જોઈએ નહીં. પૈસા મળતા જયદીપે રાહતનો શ્વાસ લીધો અને સાયબર ટીમનો પણ આભાર માન્યો હતો. જયદીપને તેના પૈસા પાછા મળી ગયા હોવા છતાં ઘણા એવા લોકો છે જેમની મહેનતની કમાણી સાયબર ફ્રોડમાસ્ટર દ્વારા ચોરી કરવામાં આવે છે અને સામે પક્ષે ફરિયાદીને જ ઘણા દિવસો બેંક અને પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની નોબત આવે છે.

૨૬/૧૧ના મુંબઈ હુમલાના આરોપમાં હતો મોસ્ટ વોન્ટેડ

# ખતરનાક ISI એજન્ટ આમિર હમઝાની PAKમાં કરાઈ હત્યા

**કારમાં પરિવાર સાથે પંજાબ રાજ્યના જેલમ જિલ્લામાં જઈ રહ્યો હતો ત્યારે ચાર બંદૂકધારીઓએ ગોળીબાર કર્યો**

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૦ ।

પાકિસ્તાની સેનાના રિટાયર્ડ બ્રિગેડિયર આમિર હમઝાને ગુપ્ત શૂટરોએ ઠાર માર્યા છે. તે પોતાની કારમાં પરિવાર સાથે પંજાબ રાજ્યના જેલમ જિલ્લામાં જઈ રહ્યો હતો. ત્યારબાદ બે મોટરસાઈકલ પર સવાર ચાર અજાણ્યા બંદૂકધારીઓએ લીલા ઈન્ટરચેન્જ પાસે તેમની કારને ઘેરી લીધી અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો. નિવૃત્ત બ્રિગેડિયરનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. તેમની પત્ની અને પુત્રી પણ આ હુમલામાં ઘાયલ થયા છે.



આમિર હમઝાનું મૃત્યુ થયું હોવાનું માનીને શાર્પ શૂટરો સ્થળ છોડીને ચાલ્યા ગયા હતા. પંજાબ રાજ્ય પોલીસે તેને ટાર્ગેટેડ કિલિંગ ગણાવ્યું હતું. નિવૃત્ત બ્રિગેડિયર આમિર હમઝા ૈજૈંનો જાસૂસ અને ભારતનો મોટો દુશ્મન હતો. તે ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ જમ્મુના સુંજુવાન કેમ્પ પર થયેલા હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો. તેમના નિર્દેશ પર જૈશ-એ-મોહમ્મદના આતંકીઓ આર્મી કેમ્પના ફેમિલી એરિયામાં ઘૂસ્યા હતા. આ આતંકવાદીઓને ખતમ કરવામાં ભારતીય સેનાને ત્રણ દિવસ લાગ્યા હતા. આ આતંકવાદી હુમલામાં આપણી સેનાના છ જવાનો શહીદ થયા હતા. મૌલાના આમિર હમઝા પણ ૨૬/૧૧ના મુંબઈ હુમલાના આરોપમાં મોસ્ટ વોન્ટેડ હતા. વર્ષ ૨૦૧૨માં અમેરિકાએ આ ખતરનાક આતંકવાદીને વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો હતો. તે પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ગુજરાનવાલાના રહેવાસી હતા. ત્યાંથી તે સતત ભારત વિરોધી ગતિવિધિઓ કરી રહ્યો હતો. પાકિસ્તાની અખબાર એક્સપ્રેસ ટ્રિબ્યુને આમિર હમઝાના ભાઈ મોહમ્મદ અયુબને ટાંકીને લખ્યું છે કે બંદૂકધારીઓએ કોઈ લૂંટ ચલાવી નથી. આમિર હમઝાને કોઈની સાથે દુશ્મની નહોતી. તેના ૫ રિવારજનોને પણ આશ્ચર્ય છે કે આવી સ્થિતિમાં કોઈ તેને કેમ મારી નાખે. આ પહેલીવાર નથી કે જ્યારે પાકિસ્તાનમાં બેઠેલા ભારતના દુશ્મનોનું રહસ્યમય રીતે મોત થયું હોય.

## ફેમિલી એન્ટરટેઈન્મેન્ટ ફિલ્મ બિલ્ડર બોય્ઝનું સોન્ગ સપના થયું રિલીઝ

। (એજન્સી) તા.૨૦ ।

ગુજરાત : તાજેતરમાં જ હાસ્ય અને કોમેડીથી ભરપૂર ફેમિલી એન્ટરટેઈન્મેન્ટ ફિલ્મ બિલ્ડર બોય્ઝનું ટ્રેલર રિલીઝ કરાયું હતું કે જેને દર્શકોએ ભરપૂર વખાણ્યું હતું. ફેમિલી સાથે બેસીને આનંદ માણી શકાય તેવી સરસ મજાની આ ફિલ્મ છે. ચાણક્ય પટેલ દ્વારા લિખિત અને ડિરેક્ટ કરવામાં આવેલી આ ફિલ્મ વ્હાઈટ એલિફન્ટ ફિલ્મ્સ અને નાઈન મ્યુઝિસ ક્રિએશન્સના બેનર હેઠળ પ્રોડ્યુસર્સ સેતુ કુશાલ પટેલ અને નેહા રાજોરા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ ફિલ્મમાં રોનક કામદાર અને શિવમ પારેખ મુખ્ય ભૂમિકાઓમાં છે અને તેમની સાથે સુંદર અભિનેત્રી ઈશા કંસારાએ તેમનો ભરપૂર સાથ આપ્યો છે. આ ફિલ્મમાં રોનક કામદાર વિરાજ દલાલ નામના બ્રોકરની ભૂમિકામાં અને શિવમ પારેખ ચિન્મય મિસ્ત્રી નામના સિવિલ એન્જીનીયરની ભૂમિકામાં છે.

વિદેશી બ્રાન્ડના ચાહકો ખાસ જાણવા જેવી વાત

# અમેરિકાની બ્રાન્ડ Hersheyની ચોકલેટ સીરપમાંથી નીકળ્યો ઉંદર

**મહિલાએ કહ્યું કે તેણે આ ચોકલેટ સિરપનો ઓર્ડર ઝેપટો પર કર્યો હતો : તેણે ઈન્સ્ટાગ્રામ પર ફરિયાદ કરી છે**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

ખાવાપીવાની ચીજવસ્તુઓમાંથી કીડી, મકોડા, વંદા સહિતના મરેલા જીવજંતુઓ મળવાની ઘટનાઓની સંખ્યા છેલ્લા થોડા સમયમાં વધી છે. તાજેતરમાં ૐજિરીઅની ચોકલેટ સીરપ નો આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. એક મહિલાનો દાવો છે કે તેની બોટલની અંદરથી મરેલો ઉંદર નીકળ્યો છે. તેણે તેનો વીડિયો પણ શેર કર્યો છે. આ વીડિયો જોઈને લોકોમાં પણ રોષ છે. મહિલાએ કહ્યું કે તેણે આ ચોકલેટ સિરપનો ઓર્ડર ઝેપટો પર કર્યો હતો. તેણે આ બાબતે ઈન્સ્ટાગ્રામ પર ફરિયાદ કરી છે. કંપની તરફથી તેનો જવાબ પણ આપવામાં આવ્યો છે.




પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં પ્રામી નામની યુઝરે લખ્યું છે કે મારા ઝેપટો ઓર્ડરમાંથી ચોંકાવનારી વસ્તુ મળી છે. આ માહિતી બધાની આંખો ખોલવા માટે અહીં શેર કરી રહી છું. તે પછીથી તે ઢાંકાણું ખોલે છે અને સીરપને એક કપમાં રેડે છે. તેમાં તેને એક મરેલો ઉંદર મળે છે. આ મહિલાના પરિવારમાંથી જ કોઈ તેને પાણીથી ધોવે છે. જેથી કરીને સ્પષ્ટ રીતે જોઈ શકાય કે અંદર મરેલી વસ્તુ બીજું કંઈ જ નહિં પરંતુ મરેલો ઉંદર છે.મહિલાએ તેની ૫ ોસ્ટમાં લખ્યુ છે કે તેણે બ્રાઉની કેકની સાથે ખાવા માટે ઝેપટોની ૐજિરીઅ ચોકલેટ સિરપનો ઓર્ડર કર્યો હતો. જ્યારે અમે તેને કેક પર નાંખવાનું શરૂ કર્યું તો તેમાંથી વાળ નીકળ્યા. તે પછીથી અમે બોટલને ખોલવાનો નિર્ણય કર્યો. જ્યારે બોટલને ખોલી અને તેને એક પ્લાસ્ટિકના ગ્લાસમાં નાંખી તો મરેલો ઉંદર મળ્યો હતો. ખરેખર ચોકલેટમાંથી મળેલી આ જીવાત શું છે, તે જાણવા અમે તેને વહેતા પાણીમાં ધોયું. બાદમાં ખબર પડી કે આ તો મરેલો ઉંદર છે. ચોકલેટ સીરપની કંપનીએ આ અંગે જવાબ આપ્યો છે. તેણે કહ્યું અમે આ જોઈને ખૂબ જ દુઃખી છે.

વિશેષ

દૂધ અને દાડમનો 'કોમ્બો, આવક 'જમ્બો'

# માંડલ તાલુકાના સિંધવ પરિવારના ૨૫ સભ્યો દીઠ એક ગાય-પશુપાલન અને બાગાયતની ખેતીમાંથી રૂપિયા ૧૮ લાખની આવક દૂધાળા પશુ ડેરીફાર્મ સ્થાપના સહાય યોજનાના ફાયદા અનેક

। (માહિતી) હિમાંશુ ઉપાધ્યાય - અમદાવાદ ।

'અમે દૂધ ઉત્પાદન અને દાડમની ખેતી કરીએ છીએ.. તમને માન્યામાં નહી આવે પણ અમે ૨૫ જણા સંયુક્ત પરિવારમાં રહીએ છીએ.. દૂધ અને દાડમમાંથી વર્ષે ૧૮ લાખ રૂપિયા કમાઈએ છીએ... અમારા ૫ રિવારમાંથી એક દીકરી સરકારી નોકરી કરે છે અને ત્રણ દીકરાઓ સીવીલ એન્જિનિયર થયા છે... એક સમયે ગીરીબીનો સામનો કરતું અમારુ ઘર આજે બે નહી પણ બાર પાંદડે થયું છે.. તેના પાયામાં પશુપાલન અને બાગાયત ખેતી છે...'' માંડલ તાલુકાના નાનકડા એવા દાલોદ ગામના રંજનબેન અને જગદીશભાઈ સિંધવના શબ્દો જ પશુપાલન વ્યવસાયની તાકાત છે.

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાનું નાનકડુ એવુ દાલોદ ગામ... ગામમાં સિંધવ પરિવાર સુખેથી રહે છે...ત્રણ-ચાર હજારની વસતિ ધરાવતુ ગામ મુખ્યત્વે ખેતી પર નિર્ભરછે. ગામમાં રહેતા જગદીશભાઈ સિંધવ અને તેમના ત્રણ ભાઈઓ મળીને કુલ ૨૫ જણા એક સાથે રહે છે, એક રસોડે જમે પણ છે.. જગદીશભાઈ કહે છે કે, 'અમે તો મૂળે ખેતીના માણસ, મારી પત્ની પણ પશુપાલન કરે છે.. એક સમય હતો કે અમારી પાસે માત્ર બે ગાય હતી...







મારા પત્ની રંજનબેન દૂધ દોહતા અને અમારુ ઘર જેમ તેમ ચાલતુ... મારા ભાઈઓના લગ્ન થતા ગયા... ૫ રિવાર વધતો ગયો... વચેટ ભાઈ હોવાને નાતે મારી જવાબદારી વિશેષ હતી. એવામાં અમદાવાદ જિલ્લાના પશુપાલન ખાતાના અધિકારીએ અમને દૂધાળા પશુ ડેરીફાર્મ સ્થાપના સહાય યોજના વિષે જણાવ્યું...મારા પત્નીને તેમાં ખુબ રસ પડ્યો... ધીમે ધીમે કરતા અમે ગીરની ૨૫ ગાયો વસાવી...'

તેમના પત્ની રંજનબેન આમ તો સીધુ સાદુ જીવન જીવે છે પણ તેમના જીવન સાથે વણાયેલા પશુપાલનના વ્યવસાયે તેમને દામ અને નામ આપ્યા છે. એક સમય હતો કે તેમની પાસે એક જ ગાય હતી અને તેને રાખવા માટે એક કાચુ છાપરુ હતું..

પશુપાલન ખાતાના માર્ગદર્શન અને સહયોગથી ક્રમશઃ ગાયની સંખ્યા વધારતા ગયા.. આજે તેમની પાસે ૨૫ ગીર ગાય છે. ત્રણ-ચાર વર્ષ પહેલા તેમને પશુપાલન ખાતા દ્વારા મળતી સ્વરોજગારી હેતુસર ૫ શુપાલન યોજના હેઠળ ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપના સહાય યોજનાનો લાભ મળ્યો...

એક પશુ રાખવાથી શરુઆત કરી હાલમાં ૨૫ ગાયો રાખી દૈનિક દુધ ઉત્પાદન મેળવી સારી એવી આવક તેઓ મેળવે છે. કામગરો સ્વભાવ એટલે મહેનતમાં તો પાછા પડે જ નહી... રંજનબેન કહે છે કે , ' મારે મન મારી ગાયો જ બધુ છે... હું જીવની જેમ તેમનું જતન કરુ છુ... ગાયોનું દૂધ હું જાતે જ દોહુ છુ... એમાંથી છાશ, માખણ બને છે તે પણ ડેરીમાં અને ગામમાં જ વેચુ છુ... આજે દર મહિને તેમાંથી ૧ લાખ જેટલી આવક થાય છે.

બીજી તરફ જિલ્લા બાગાયત ખાતા તરફથી મળેલી જાણકારીના પગલે જગદીશભાઈએ પણ દાડમની ખેતી શરુ કરી.. અંદાજે ૧૫ વિઘામાં દાડમના છોડ વાવ્યા... શરૂઆતના સમયમાં તેમાં બહુ નફો નહતો થયો..પણ જેમ જેમ સમય જતો ગયો અને બાગાયત ખાતા તરફથી માર્ગદર્શન મળતુ ગયુ... અને આજે હું વર્ષે ૬ લાખ કમાઉ છુ... જિલ્લા વિકાસ અધિકારી શ્રી કહે છે કે, ''અમદાવાદ જિલ્લાના ખેડૂતો-પશુપાલકો પાક અને ૫ ધ્ધતિમાં પરિવર્તન કરીને વધુ આવક મેળવતા થાય તે ધ્યેય સાથે મહત્તમ પ્રયાસો કરવામાં આવ્યા છે. સાથે સાથે ખેડૂતોને પાક ઉત્પાદનના ભાવ મળી રહે તે માટે પણ સર્વગ્રાહી પ્રયાસો કરાય છે. જિલ્લામાં સંખ્યાબંધ ખેડૂતોએ બાગાયત અને શાકભાજી વાવેતરમાં વૈવિધ્ય અપનાવ્યુ છે એટલું જ નહી પણ સમયની માંગ સાથે તેમણે બદલાવને પણ આત્મસાત કર્યો છે. તે આવકાર્ય છે..'' એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, સિંધવ પરિવારના રંજનબેન દર વર્ષે ૧૨ લાખ અને જગદીશભાઈ દાડમની ખેતીમાંથી પ્રતિ વર્ષ રૂપિયા ૬ લાખ કમાય છે. સિંધવ પરિવારમાં ૨૫ જેટલા સભ્યો છે. જેટલા સભ્યો એટલી ગીર ગાય પરિવાર પાસે છે. આ પરિવાર પ્રતિ વર્ષ રૂપિયા ૧૮ લાખ જેટલી માતબર આવક મેળવે છે. દૂધ અને દાડમનો 'કોમ્બો, આવક 'જમ્બો' આ વાક્યને સિંધવ પરિવારે સાર્થક કર્યું છે.

# સગી કાકીએ ભત્રીજાને જુના પ્રેમી સાથે મળી રહેંસી નાખ્યો

## પીએમ રિપોર્ટમાં સંજયની હત્યા ધારદાર હથિયારના ઘા મારી કરવામાં આવી હોવાનો ઘટફોસ્ટ થયો હતો

। (માહિતી) પંમચહાલ, તા.૨૦ ।

પ્રેમ સંબંધના કરુણ અંજામના અનેક કિસ્સા તો સામે આવતા જ હોય છે. પરંતુ પંચમહાલ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાંથી જે કિસ્સો સામે આવ્યો છે તે ખૂબ જ ચોંકાવનારો છે. જ્યાં એક સગી કાકીએ પોતાના જ ભત્રીજાને જુના પ્રેમી સાથે મળી ઘાતકી રીતે રહેંસી નાંખી મોતને ઘાટ ઉતારી દીધો. પંચમહાલના ઘોઘંબા તાલુકાના શનિયાળા ગામે ગત ૧૩ જૂનના રોજ વણજારા ફળિયામાં રહેતા સંજય રાજેશ વણઝારા (ઉ.વ.૨૨) ની લાશ તેના જ ઘર પાછળ આવેલ કુવામાંથી ડિકમ્પોઝ હાલતમાં મળી આવી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ આત્મહત્યા કે અકસ્માત લાગતી આ ઘટના અંગે દામાવાવ પોલીસે અકસ્માત નોંધ કરી ગુનો દાખલ કર્યો હતો. જોકે સંજયની લાશની હાલત અને શરીર પરના ઈજાના નિશાન કઈક અલગ જ વર્ણવી રહ્યા હતાં. પોલીસે સંજયનું પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહ પરિવારને સોંપ્યો હતો. પીએમ રિપોર્ટમાં સંજયની હત્યા ધારદાર હથિયારના ઘા મારી કરવામાં આવી હોવાનો ઘટફોસ્ટ થયો હતો.

દામાંવાવ પોલીસે સ્થળ તપાસ અને પરિવારજનોના નિવેદનો તેમજ સંજયની કોલ ડિટેલ કઢાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસ તપાસમાં જે તથ્યો અને હકીકત સામે આવી તે ખૂબ જ ચોંકાવનારી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે શનિયાળા ગામના વણઝારા ફળિયામાં રહેતી કાજલ વણઝારા(ઉ.વ.૨૭) છેલ્લા બે વર્ષથી પોતાનાથી ૬ વર્ષ નાના સગા ભત્રીજા મૃતક સંજયના પ્રેમમાં હતી. પોતાના બે બાળકો સાથે સાસરીમાં જ ત્યકતા જેવું એકલવાયું જીવન વિતાવતી અને રૂપ રૂપના અંબાર સમી કાજલને એક જ છત નીચે રહેતા ૨૨ વર્ષીય ભત્રીજા સંજય સાથે આંખ મળી ગઈ હતી. બે વર્ષથી ભત્રીજા



સંજય સાથે કાજલે પત્ની તરીકેના તમામ શારીરિક અને આર્થિક હક ભોગવ્યા હતા. પરંતુ એક મહિના પહેલા જ સંજયના અન્ય યુવતી સાથે સામાજિક રીત રિવાજ મુજબ લગ્ન થતા આ બાબત કાકી કાજલને ભારે ખટકવા લાગી હતી. પોતાના પ્રેમી એવા ભત્રીજા સંજય મારો નહિ તો કોઈનો નહિ તેવું મનોમન નક્કી કરી લીધું હતું.

મનમાં પોતાના માણિગર ભત્રીજાને પામવાના ઓરતા લઈને બેઠેલી કાજલને અગાઉ પણ ગામના જ વિનોદ વણજાર (ઉમર ૩૦) નામના એક ઈસમ સાથે પ્રેમ સંબંધ હતો. જેની સાથે કાજલે ભાગી ગઈ હતી. સંજયના લગ્ન થતા ભત્રીજાના પ્રેમમાં આંધળી બની ચુકેલી કાજલે પોતાના જુના પ્રેમી વિનોદની યાદ આવી. જો કે બાવાના બેય બગડે તેવો ઘાટ થતા વિનોદે કાજલને સ્વીકારવાનો ઈનકાર કરી સંજય સાથે કોઈ સંબંધ નથી તેવી સાબિતી રૂપે અગ્નિપરીક્ષા આપવા કહ્યું. પુરુષને પામવા કામાંધ બનેલી કાજલે પોતાના બે પ્રેમીમાંથી વિનોદને પસંદ કર્યો તેની સાથે મળી પોતાના બીજા પ્રેમી ભત્રીજા સંજયનું કાસળ કાઢી નાંખવાની યોજના બનાવી દીધી. યોજના પ્રમાણે જ બહારગામ નોકરી કરતા ભત્રીજા સંજયને કાજલે ફોન કરી બોલાવ્યો અને રાત્રે ભેગા થવાનું જણાવ્યું. પોતાની પ્રેમિકા કાકી કાજલનો ફોન આવતા હરખ પદુડો બનેલો સંજય મોડી રાત્રે ૧૩ તારીખે કાજલને મળ્યો. કાજલે સંજયને લાઈટ બંધ કરી અંધારું કરવા કહ્યું. રૂમમાં અંધારું થઈ જતા વિનોદે અને કાજલે પણ ધારદાર હથિયારથી સંજય પર હુમલો કર્યો. સંજય પર જાને બંને તરફથી વજ્રઘાત થતા હોય તેમ વિનોદ અને કાજલ બે અલગ અલગ હથિયારોથી ઘાતકી હુમલો કરી રહ્યા હતા. કાકીના પ્રેમમાં પાગલ સંજય કઈ પણ સમજે એના પહેલા તો તેનું પ્રાણ પંખેરૂં ઉડી ગયું. ભત્રીજાની ઘાતકી હત્યાને આત્મહત્યામાં ખપાવવા કાજલ અને તેના પ્રેમી વિનોદે બીજી પણ એક યોજના તૈયાર જ રાખી હતી. સંજયની હત્યા કરી તેની લાશને ઘર પાછળ આવેલા કુવામાં નાંખી દીધી હતી. હત્યા કર્યાના ત્રીજા દિવસે સંજયની લાશ કુવામાંથી મળી આવી હતી. જે બાદ પોલીસે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે મોકલ્યો હતો. દામાંવાવ પોલીસને સ્થળ તપાસ અને પરિવારજનોના નિવેદનો અને મૃતદેહની સ્થિતિ જોતા જ શંકા લાગતા સંજયની કોલ ડિટેલ કઢાવી હતી. જેમાં સામે આવ્યું કે સંજયને છેલ્લો કોલ તેની કાકી કાજલે કર્યો હતો.

## રાજકોટમાં ગરમીની ઋતુમાં રોગચાળા વધ્યા

। (એજન્સી) રાજકોટ,તા.૨૦ ।

રાજકોટમાં ગરમીની ઋતુમાં વધ્યો રોગચાળો. આ સપ્તાહમાં જ તાવ,શરદી અને ઉધરસના ૧૩૯૮ કેસ નોંધાયા. જેમાંથી શરદી-ઉધરસના ૬૬૧ કેસ અને સામાન્ય તાવના ૪૪૯ કેસ જયારે ઝાડા ઊલટીના ૨૮૮ કેસ નોંધાયા. વધતા રોગચાળાને લઈને પ્રશાસને તકેદારીના ભાગરૂપે ફોગીંગની કામગીરી હાથ ધરી. અત્યારસુધી કુલ ૩૪૧ ઘરમાં ફોગીગની કામ કરવામાં આવી. રાજ્યમાં હજુ ચોમાસું દસ્તક દઈ રહ્યું છે. અનેક સ્થાનો પર હળવાથી લઈને મધ્યમ વરસાદ જોવા મળ્યો. વરસાદના આગમન સાથે જ ગરમીની વચ્ચે રોગચાળો જોવા મળ્યો. હજુ વરસાદ જામ્યો નથી ત્યાં બીમારીના કેસ વધવા લાગ્યા છે. રાજકોટમાં વરસાદના આરંભ સાથે જ સામાન્ય સ્વાસ્થ્ય સમસ્યા જેવા શરદી ઉધરસ અને તાવના ૧૦૦૦થી વધુ કેસ નોંધાયા. સામાન્ય રીતો ચોમાસા દરમ્યાન ટાઈફોઈડ, મેલેરીયા, ચીકગુનિયાની બીમારીમાં વધારો થતો હોય છે. આ સિવાય ઝાડા-ઉલટી અને પાણીજન્ય રોગો પણ વધતા હોય છે. બદલાતા હવામાનને લઈને લોકોના સ્વાસ્થ્યમાં પણ ફેરફાર થયો છે. અત્યારે લોકો બહારની ગરમી અને ઘર અને ઓફિસમાં એસીના કારણે ઠંડક તેમજ ચોમાસના એંધાણના કારણે બફારાનું અનુભવ કરી રહ્યા છે. આમ ત્રણ પ્રકારના તાપમાનમાં રહેતા લોકોની તબિયત બગડવા લાગી છે. સાથે આજકાલ બહારના ખોરાક વધુ હાનિકારક બનતા લોકો તાવ જેવી સામાન્ય બીમારીનો ભોગ બની રહ્યા છે. શહેરમાં તાવ, શરદી અને ઉધરસના કેસો વધતા પાલિકા દ્વારા ઘરોમાં ફોગીંગ કરવાની કામગીરી હાથ ધરાઈ.

# સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસરની UGC કમિટીમાં ચેરમેનપદે નિમણૂક કરાઇ

## પ્રો. રમેશ મકવાણાની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની યુજીસી નવી દિલ્હીની કમિટીમાં ચેરમેન તરીકે નિમણુંક થઈ છે

। (એજન્સી) આણંદ,તા.૨૦ ।

સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરના સમાજશાસ્ત્રી વિભાગના પ્રો.રમેશ મકવાણાની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની યુજીસી નવી દિલ્હીની કમિટીમાં ચેરમેન તરીકે નિમણુંક થઈ છે. ૨૯ જુલાઈ ૨૦૨૦ના રોજ પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને મંજૂરી મળી હતી. આ નીતિનો ઉદ્દેશ ભારતને વૈશ્વિક ક્ષેત્રે જ્ઞાનની મહાશક્તિ બનાવવાનો છે. નીતિના વિવિધ આયામોના અમલીકરણ માટે યુજીસી નવી દિલ્હી સ્તરે કમિટીની રચના કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે યુજીસીએ નેશનલ હાયર એજ્યુકેશન ક્વોલિફિકેશન ફ્રેમવર્ક વિકસાવ્યું છે અને ત્યારબાદ સ્નાતક



કોર્ષ માટે અભ્યાસક્રમ અને ક્રેડિટ ફોર્મેટ તૈયાર કર્યું છે, તેના આધારે યુજીસી શિક્ષણ ક્ષેત્રે પરિણામ આધારીત અભ્યાસક્રમ માળખું વિકસાવવાનું આયોજન કરી રહ્યું છે. માટે યુજીસીએ સ્નાતક સ્તરે વિવિધ વિષયો શીખવાના પરિણામ આધારીત અભ્યાસક્રમના નમૂનાઓ તૈયાર કરવા માટે રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતોની એક કમિટીની રચના કરી છે. આ યુજીસીની કમિટીમાં સમાજશાસ્ત્ર વિષયના ચેરમેન તરીકે વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રો. રમેશ મકવાણાની નિમણુંક કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પરિણામ-આધારિત શિક્ષણ એ વિદ્યાર્થી-કેન્દ્રિત શિક્ષણ મોડેલ છે. જે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે સ્પષ્ટ અને સંક્ષિપ્ત ઉદ્દેશ્યો પૂરા પાડે છે. પરિણામે તે તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા, વિદ્યાર્થીઓના શિક્ષણમાં સુધારો કરવા અને શૈક્ષણિક લક્ષ્યો હાંસલ કરવામાં સક્ષમ બનાવે છે. યુજીસીની સમાજશાસ્ત્ર વિષયની આ સમિતિમાં પ્રો. રમેશ મકવાણા પ્રભાવક ભૂમિકા ભજવશે. પ્રો. મકવાણા હાલ ભારત સરકારના આદિવાસી નીતિ આયોગમાં વિષય નિષ્ણાંત તરીકે અને બાબુ જગજીવન રામ નેશનલ ફાઉન્ડેશન,સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ભારત સરકાર દિલ્હીમાં સભ્ય તરીકે નિમણૂંક પામેલ છે. પ્રો.મકવાણાને ડો. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ અને રૂપિયા એક લાખ રૂપિયા ગુજરાત સરકાર તરફથી એનાયત થયેલ છે. તેમના ૨૫ પુસ્તકો અને ૬૫ શોધ લેખો પ્રકાશિત થયેલ છે. ૧૦૫ સંશોધન પેપરો કોન્ફરન્સોમાં રજૂ કરેલ છે. ૬ સંશોધન પ્રોજેકટ યુજીસી અંતર્ગત પૂર્ણ કર્યા છે. તેમના માર્ગદર્શનમાં ૪૫ વિદ્યાર્થીઓ પીએચ.ડી. થયા છે. તેઓને દિલ્હીથી ભારત શિક્ષા રત્ન એવાર્ડ, સરદાર પટેલ એવાર્ડ, યુવા સમાજશાસ્ત્રીનો એવાર્ડ અને સમાજ વૈજ્ઞાનિક એવાર્ડથી સન્માનીત કરેલ છે.

### ખેડામાં વન વિભાગની ગંભીર બેદરકારી

## પરીએજ તળાવમાં આગ લાગતા એક મગરનું મોત, પાંચ દાઝ્યા

। (એજન્સી) ખેડા,તા.૨૦ ।

ખેડામાં બનેલા એક અજીબ પ્રકારના બનાવમાં વન વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. જેમાં તળાવમાં આગ લાગતા એક મગરનું મોત નીપજ્યુ હતું જ્યારે પાંચ મગર દાઝી ગયા હતા. આ અંગે કલેક્ટરને પણ જાણ કરવામાં આવી ન હતી. આ બનાવની વિગત મુજબ ખેડા જિલ્લાના પરીએજ તળાવમાં અચાનક આગ લાગી હતી. આગ લાવાને કારણે તળાવમાં રહેલા મગરોમાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં એક મગરનું ગંભીરપણે દાઝી જવાથી મોત નીપજ્યું હતું જ્યારે અન્ય પાંચ મગર દાઝી ગયા હતા.આગ અને મગરના મોત અંગે વન વિભાગ દ્વારા જિલ્લા કલેક્ટરને પણ જાણ કરવામાં આવી ન હતી. ઉલ્લેખનીય છે કે પેરીએજ તળાવનું રીનોવેશન કરોડો રૂપાના ખર્ચે કરવામાં આવી રહ્યું છે. બીજીતરફ તળાવમાં આગ લગાડવામાં આવી હતી કે અચાનક લાગી હતી તેનું રહસ્ય અકબંધ છે. બીજીતરફ તળાવમાં આગ લગાડવામાં આવી હતી કે અચાનક લાગી હતી તેનું રહસ્ય અકબંધ છે. આ અંગે તપાસ થાય તેવી માંગણી થઈ રહી છે.

### ગુમ થયેલા યુવકના મિત્રોના નિવેદનોમાં વિરોધાભાસ

## ૯ મહિના પહેલાં ગુમ થયેલા વ્યક્તિની હવે પોલીસે અપહરણની ફરિયાદ નોંધી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

વટવા વિસ્તારમાંથી ગત સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ ગુમ થયેલા હિટાચી મશીન ઓપરેટરના ભાણીયાએ નોંધાવેલી જાણવાજોગ ફરિયાદની નવ મહિના સુધી ચાલેલી તપાસને અંતે વટવા પોલીસે હવે આ મામલે અજાણ્યા વ્યકિત સામે અપહરણની ફરિયાદ નોંધી છે. વટવાના પીએસઆઈ કે ડી પટેલે નોંધાવેલી ફરિયાદ અનુસાર વટવામાં શાસ્ત્રીનગરમાં રહેતા પ્રદિપ ચંદ્રિકાપ્રસાદ વર્માએ તેના મામા શિવસાગર રાજપાલ શર્મા( ઉ.૨૮ રહે શાસ્ત્રીનગર વટવા મુળ રહે દેવપુર ગામ, જિ.રાયબરેલી. ઉત્તરપ્રદેશ) ના ગુમ થવા અંગે પોલીસને જાણ કરતા પોલીસે સપ્ટેમ્બર, ૨૦૨૩માં જાણવાજોગ અરજી લઈને ગુમ થનારની શોધખોળ આદરી હતી. જો કે કયાંય તેનો પત્તો લાગ્યો નહતો. દરમિયાન, પોલીસે શિવસાગરના મોબાઈલ કોલ ડિટેઈલ્સ કઢાવતાં લોકેશનના આધારે તપાસ કરતાં માલુમ પડ્યું કે, બનાવની દિવસે હીટાચી મશીન ઓપરેટર તરીકે કામ કરતાં શિવસાગર તેના ઓળખીતા છ લોકો સાથે મચ્છી ખાવા માટે ગયો હતો. ત્યાર પછી ગુમ થઈ ગયો હતો. આથી પોલીસે એ તમામ છ લોકોને શોધી પુછપરછ કરતાં વિરોધાભાસી નિવેદનો જણાયા હતા. પોલીસને જાણવા મળ્યું કે મચ્છી જ્યારે ભેગા થયા ત્યારે બાજુની રૂમમાં એક યુવકને અન્ય કોઇ સાથે પૈસાના મુદ્દે તકરાર થઇ હતી. આથી શિવસાગરે યુવકનો પક્ષ લઇ પૈસા માગતા શખ્સ સાથે બોલાચાલી કરી હતી. આ પછી શિવસાગર ગુમ થઈ ગયો હતો. છ પૈકીના અન્ય એકનુ નિવેદન એવું હતું કે, જમવામાં મચ્છી ખુટી પડતાં ચીકન લેવા બે વ્યક્તિઓ બાઈક ઉપર ગયા હતા એની સાથે શિવસાગર પણ હતો. આ પછી શિવસાગર પરત આવ્યો ન હતો. આમ, પોલીસે લીધેલા નિવેદનોમાં વિરોધાભાસ જણાતા નવ મહિનાની તપાસના અંતે સત્તાવાર રીતે અપહરણનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કચ્છ સરહદ પરથી પાકિસ્તાની ઘૂસણખોર ઝડપાયો, BSFએ હાથ ધરી તપાસ

। (પ્રતિનિધી) કચ્છ,તા.૨૦ ।

ભારતમાં કેટલીક વાર ઘૂસણખોરી કરતા લોકો ઝડપાતા હોય છે. ત્યારે ગુજરાતમાં કચ્છની સરહદ પરથી પાકિસ્તાની ઘૂસણખોર ઝડપાયો હોવાની ઘટના સામે આવી છે.

ભારતમાં ઘણી વાર ઘુસણખોરી કરતા પાકિસ્તાની અને બાંગ્લાદેશી નાગરિક ઝડપાતા હોય છે. ત્યારે ફરી એક વાર કચ્છની સરહદ પરથી પાકિસ્તાની ઘૂસણખોર ઝડપાયો છે. બોર્ડર પિલર નંબર ૧૧૨૫ નજીક પાકિસ્તાની નાગરિકને ઝડપી પાડ્યો છે. BSFએ પેટ્રોલિંગ દરમિયાન અફઝલ નામનો પાકિસ્તાની નાગરિક ઝડપાયો હોવાની ઘટના સામે આવી છે. પાકિસ્તાન ઘૂસણખોર પાસેથી કોઈ શંકાસ્પદ ચીજ વસ્તુઓ મળી નથી. જો કે સમગ્ર મામલે BSFએ વધુ તપાસ હાથ ધરી છે.

## ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્ર વિસ્તારને પૂરક સિંચાઈ માટે પાણી અપાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. નિર્ણયની અંગે માહિતી આપતા તેમણે ઉમેર્યું હતું કે, પૂરક સિંચાઈ માટે નર્મદા મુખ્ય નહેર આધારીત ઉદ્વહન પાઈપલાઈનો મારફત ઉત્તર ગુજરાત વિસ્તાર માટે ૧૦૨૯ MCFT તેમજ સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૧૩૦૨ MCFT મળી કુલ ૨૩૩૧ MCFT નર્મદાનું પાણી આગામી તા. ૩૦મી જૂન, ૨૦૨૪ સુધીના સમયગાળા માટે ફાળવવાનો ખેડૂતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઈપ લાઈનો મારફત ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં સિંચાઈ અને પીવાના હેતુસર વર્ષમાં વિવિધ તબક્કે નર્મદાના પાણીની ફાળવણી કરવામાં આવે છે.

## ખોડીયાર કાઠીયાવાડી હોટલમાં બાળમજૂરી કરાવતી મહિલા સંચાલકની અટકાયત

। (એજન્સી) વડોદરા,તા.૨૦ ।

તાજેતરમાં જ એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટલોમાં કામ કરતા સગીર બાળકોને મુક્ત કરાવીને બાળકોનો આર્થિક શોષણ કરતાં વેપારીઓની અટકાયત કરી હતી. ત્યારે મંગળવારે રાત્રિના સમયે વડોદરા શહેર વિસ્તારમાં બાળ મજુરી અટકાવવા માટે પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન ફરતા ફરતા અટલાદરા પાદરા રોડ ખાતે નારાયણવાડી ચાર રસ્તા પાસે આવતા બાતમી મળી હતી કે ખોડીયાર કાઢીયાવાડી ઢાબાના માલિક નાના છોકરાઓ પાસેથી બાળ મજુરી કરાવી તેઓનુ આર્થીક શોષણ કરે છે. જેના આધારે પોલીસે નારાયણવાડી ચાર રસ્તા પાસેથી ખોડીયાર કાઠીયાવાડી ઢાબા પર રેડ કરી હતી. ત્યારે ઢાબામાં કેટલાક માણસો જમવાનું પીરસવાનું કામ તેમજ રસોડામાં રસોઈકામ કરતા સગીર બે છોકરાઓ મળી આવ્યા હતા.

## અરવલ્લીના ખેડૂતો ચિંતિત : પિયતના અભાવે મગફળીમાં સુકારા રોગની શક્યતા

। (એજન્સી) અરવલ્લી,તા.૨૦ ।

અરવલ્લીના અડધાથી વધુ વિસ્તારમાં ખેડૂતોને પિયતની સુવિધા છે, પરંતુ મોટા પ્રમાણમાં આગોતરી મગફળીનું વાવેતર કરાયું છે અને આગોતરી મગફળીને અંદાજે ૨૫થી ૩૦ દિવસ બાદ પાણીની જરૂર પડતી હોય છે. એટલે કેટલાક ખેડૂતોએ ચોમાસા પર આધાર રાખી આગોતરી મગફળીનું વાવેતર કર્યું છે. પરંતુ વાવેતરના લાંબા દિવસ બાદ પણ વરસાદ ન થતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

આગામી થોડા દિવસમાં વરસાદ નહીં વરસે તો આગોતરી વાવેલી મગફળી સુકાઈ જશે અથવા સુકારા નામનો રોગ પણ આવી શકે છે. તો કેટલાક ખેડૂતોએ પિયતની સુવિધા હોવાથી ફુવારા પદ્ધતિ અને ટપક પદ્ધતિથી પિયત આપવાનું ચાલુ પણ કરી દીધું છે. સામાન્ય રીતે ગુજરાતમાં ચોમાસુ ૧૪-૧૫ જૂને વિધિવત રીતે પ્રવેશ કરતું હોય છે. પરંતુ આ વર્ષે ચોમાસુ દક્ષિણ ગુજરાતમાં પ્રવેશ્યા બાદ ત્યાં જ થંભી જતાં અરવલ્લીના ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. તો બીજી તરફ કૃષિ નિષ્ણાંતો પણ ચોમાસુ લંબાતા હવે જે ખેડૂતોને પિયતની સુવિધા હોય તેઓએ પિયત આપવા ભલામણ કરી રહ્યા છે. ગ્રામ સેવકે જણાવ્યા મુજબ ગત વર્ષની તુલનાએ આ વર્ષે જિલ્લામાં આગોતરી મગફળીનું વાવેતર ઓછું થયું છે.








માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨